MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૭-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બજેટ રજુ થયા પહેલા વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ... સરકારે લેખિતમાં જવાબ આપ્યા

5 દિલ્હી હિંસા માટે અમિત શાહ જવાબદાર, રાજીનામું આપેઃ સોનિયા ગાંધી

7 ખંભાતમાં શાંતિનો માહોલ, પોલીસના રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ વચ્ચે બજારો ખૂલ્યા

10 નર્મદાના નેચરલ વિલેજ ગ્રુપે અંતરિયાળ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા બાબતે કલેકટરને આવેદન આપ્યું

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓકટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યકિતને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યકિતનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)





દીક્ષા નગરી તરીકે ખ્યાતી મેળવનાર સુરતમાં આજે જુદા જુદા બે દીક્ષા પ્રદાન સમારંભમાં વધુ બે મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરી હતી. ઉમરા જૈન સંઘના આંગણે મુમુક્ષુ નિધાન અને પાલ શ્રીમુરુરામ પાવન ભૂમિમાં મુમુક્ષુ સ્તુતિનો દીક્ષા પ્રદાન સમારંભ પૂ. આચાર્યો ભગવંતોની નિશ્રામાં યોજ્યો હતો. દીક્ષા ધારણ કરનાર બન્ને મુમુક્ષુઓએ સંયમના પંથે પ્રયાણ કર્યું હતું.

સુરત શહેર જિલ્લામાં ૫૧૬ કેન્દ્રોમાં બોર્ડ પરીક્ષા : કુલ ૧૬૩૪૮૩ વિદ્યાર્થીઓ નોંધાયા

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૭૭ પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરાયા : સામાન્ય પ્રવાહ માટે ૧૫૪ શાળા ભવનોમાં બોર્ડ પરીક્ષા યોજાશે

સુરત

રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવનાર ધો.૧૦ અને ૧૨ના સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહોની પરીક્ષામાં સુરત જિલ્લામાંથી કુલ ૧૬૩૪૮૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે. જેમણા માટે સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ૫૧૬ જેટલા સ્કૂલ બિલ્ડિંગો નિર્ધારિત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૫મી માર્ચથી લેવાનાર પરીક્ષાઓ માટે સુરત જિલ્લામાંથી ધો.૧૦માં ૯૩૫૮૭ પરીક્ષાર્થીઓ નોંધાવવા પામ્યા છે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૫૨૬૧૮ પરીક્ષાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહના ૧૭૧૨૫ પરીક્ષાર્થીઓ નોંધાવવા પામ્યા છે. આમના માટે સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આગામી તા.૩જી માર્ચથી જ કંટ્રોલરુમ શરુ કરી દેવામાં આવનાર છે. જે તા.૨૨મી માર્ચ સુધી ચાલનાર છે.

સુરત જિલ્લામાં લેવાનાર બોર્ડ પરીક્ષાઓમાં ધો.૧૦ માટે ૬ ઝોનના ૫૦ કેન્દ્રોના ૨૮૨ શાળા બિલ્ડિંગો ઉપયોગમાં લેવામાં આવનાર છે. જેમાં ૨૦૦૦થી વધુ બ્લોકોમાં પરીક્ષાર્થીઓ માટે બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહ માટે ૫ ઝોનના ૨૭ કેન્દ્રોના ૧૫૪ શાળા બિલ્ડિંગો ઉપયોગમાં લેવામાં આવનાર છે. જેમાના ૧૬૩૦ જેટલા બ્લોકોમાં બેસી પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર છે.

જ્યારે ધો.૧૨ વિજ્ઞાન પ્રાવહ માટે ૫ ઝોનોના ૧૦ કેન્દ્રોના ૭૭ જેટલા શાળા ભવનો ઉપયોગમાં લેવામાં આવનાર છે. જેના ૮૬૩ બ્લોકોમાં પરીક્ષાર્થીઓને બેસવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પરીક્ષાઓ સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચાંપતા પોલીસ બંદોબસ્તની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ચાલુ વર્ષથી ઓએમઆર સીટ મુજબની માર્કસીટની પદ્ધતિ બોર્ડ દ્વારા નાબુદ કરવામાં આવી હોવાથી આ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓએ આપવાનું રહેશે નહિ.

ઉધના લાલવાડી કમ્પાઉન્ડના કારખાનામાં આગ : પહેલા માળથી ત્રણ કારીગરો કુદયા

પ્લાસ્ટિકના જથ્થામાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું : ઉપરથી કૂદેલા ત્રણ કારીગરોના ટાંટીયા તૂટી ગયા

સુરત



ઉધનામાં સાડી કટીંગના કારખાનામાં વહેલી સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. ગ્રાઉન્ડ ફલોર પર લાગેલી આગ પ્લાસ્ટિકના જથ્થામાં પ્રસરત મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના પગલે કારીગરોમાં ભાગદોડ મચી ગઇ હતી. જેથી આગના ડરના પગલે પહેલા માળેથી ત્રણ જેટલા કારીગર કૂદી ગયા હતા અને પગમાં ઈજા થઇ હતી. ઘટનાની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમતે આગ પર કાબૂ મેળવ્યો હતો.

ઉધનાના લાલવાડી કમ્પાઉન્ડમાં સાડી કટીંગના કારખાનામાં વહેલી સવારે આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઇ હતી. આગ લાગી ત્યારે કારખાનામાં ૯ જેટલા તકારીગરો કામ કરી રહ્યા હતા. જોત જોતામાં પ્લાસ્ટિકના જથ્થામાં લાગેલી આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પહેલાં માળે કામ કરી રહેલા ૩ જેટલા કારીગરો રાકેશ તુકારામ નાયક (ઉ.વ.૨૫), બાબુલાલ નેમારામ નાઇ, આખારામ ખેતારામ રાણા(ઉ.વ.૨૩) ડરના માર્યે કૂદી ગયા હતા. જેથી ત્રણેયને પગમાં ફ્રેક્ટર થયા હતા.

સાડી કટીંગના કારખાનામાં આગની જાણ થતા ફાયર વિભાગનો કાફોલ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી પહેલા આગને પ્રસરતા અટકાવી હતી. ત્યારબાદ ભારે જહેમતે આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ કાબૂમાં આવે તે પહેલા ૫-૬ મશીનો અને અન્ય સામાન બળીને ખાખ થઇ ગયો હતો.

આગના કારણે ડરના માર્યે કૂદી જનાર ત્રણેય કારીગરને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, રાત્રી મેડિકલ ઓફિસર હાજર ન હોવાની કારણે ૩૦ મિનિટ જેટલો સમય ત્રણેય ઈજાગ્રસ્ત રઝળ્યા હતા. ત્યારબાદ રીલિવર મેડિકલ ઓફિસર ફરજ પર આવતા દર્દીઓને તપાસી રીફર કર્યા હતા.

લીંબાયતમાં દલાલીના પૈસા અંગે દલાલ પર ચપ્પુ વડે હુમલો

દલાલને સમાધાન માટે બોલાવી રવિદાદાએ ચપ્પુ મારી દીધું

સુરત

સાડી દલાલ વચ્ચે દલાલીના પૈસા બાબતે થયેલી માથાકૂટમાં સમાધાન માટે મળેલી બેઠકમાં ઝઘડો થતાં સમાધાનની બેઠક બોલાવનાર રવિદાદાએ ચપ્પુથી હુમલો કરાયાની ફરિયાદ લીંબાયત પોલીસ મથકે નોંધાઈ હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નીલગીરી સર્કલ, નવાનગરમાં રહેતાં રાહુલ કાંતિલાલ પાટીલે આરોપી મનોજ ઉર્ફે ઢીંગલી, રવિ ઉર્ફે દાદા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી રાહુલ તેના મિત્ર મનોજ ઢીંગલી સાથે માર્કેટમાં સાડી દલાલીનું કામ કરતો હોય, બન્ને વચ્ચે દલાલીના પૈસા બાબતે ઝઘડો થયો હતો. જે બાબતે સમાધાન માટે આરોપી રવિ દાદાએ ફરિયાદીને ફોન કરીને બોલાવ્યો હતો. જ્યાં ફરિયાદીએ સમાધાન કરવાની ના પાડતા આરોપી રવિ દાદાએ ફરિયાદી ઉપર ચપ્પુથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. લીંબાયત પોલીસે રાહુલ પાટીલની ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

ઓટો ભાડે ફેરવતા વ્યક્તિની વિગત પોલીસમાં નોંધાવી દેવી

ભાડે લેનાર વ્યક્તિના ચારિત્ર્યની ખરાઇ કરવી પડશે

સુરત

સુરત શહેરમાં રિક્ષા/ટેક્ષી કેબના માલિકો પોતાની રીક્ષાઓ/ટેક્ષી કેબ ચલાવવા માટે ભાડેથી આપતા હોય છે જેનો રેકોર્ડ તેઓની પાસે હોતો નથી. જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બરકરાર રહે તેવા આશયથી શહેરના સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ એક જાહેરનામા દ્વારા શહેરની હદમાં ઓટો રીક્ષા/ટેક્ષી કેબના માલિકોએ પોતાનું વાહન ભાડે આપતી વખતે ભાડે આપનાર વ્યક્તિઓની સંપૂર્ણ માહિતી નિયત નમુનામાં અદ્યતન રાખી પો.સ્ટે.ના સહી સિક્કા કરાવી રજિસ્ટર નિભાવવાનું રહેશે અને કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારી દ્વારા માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર વ્યક્તિએ પોતાની ઓટોરિક્ષા/ટેક્ષી કેબ ભાડે લેનાર વ્યક્તિના ફોટો તથા ઓળખપત્ર (આઇ.ડી. પ્રૂફ) સાથેની સંપૂર્ણ વિગત મેળવ્યા પછી અને વાહન ભાડે લેનારના ચારિત્ર્યની ખરાઇ કરાવ્યા પછી જ તેને વાહન ભાડે આપી શકશે.

વાહન માલિકો વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે રિક્ષા/ટેક્ષી કેબની અંદરના ભાગે ૧૬.૧૨ની ઈંચની સાઈઝના બોર્ડમાં અંગ્રેજી ભાષામાં ફરજીયાત લખાવી લગાવવાનું રહેશે.

ઓટો રિક્ષા/ટેક્ષી કેબ ભાડે આપનાર માલિકે પોતે જાળવેલ રજિસ્ટરનો ઉતારો દર મહીનાની પાંચ તારીખ સુધીમાં સ્થાનિક પોલીસ સ્ટેશન મારફતે ટ્રાફિક શાખાની કચેરીને મોકલવાનો રહેશે. આ જાહેરનામું તા.૨૩/૦૩/૨૦૨૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે. જાહેરનામાનું ઉલ્લઘંન કરનાર શિક્ષાને પાત્ર થશે.

બીએસસીનાં વિદ્યાર્થીએ પેપર ખરાબ જતા ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

સુરત

ડિંડોલી-નવાગામ વિસ્તારમાં આવેલા પટેલ નગરમાં વિવેક સુજીતભાઈ મિશ્રા (ઉ.વ.૨૦) પરિવાર સાથે રહેતો હતો. વિવેક કોસંબા ખાતે આવેલી પીપી સવાણી યુનિવર્સિટીમાં બીએસસી સેમ-૨માં અભ્યાસ કરતો હતો. હાલ પરીક્ષા ચાલતી હોવાથી થોડો તણાવમાં આવી ગયો હતો. દરમિયાન બે પેપર ખરાબ જતા વધુ ટેન્શનમાં આવી ગયો હતો. રોજ રાત્રે જમીને વાંચવા માટે રૂમમાં ગયો હતો. ત્યારબાદ માતા પાણીને લઈને જતા પુત્ર લટકતી હાલતમાં મળી આવ્યો હતો. પુત્રએ પંખા સાથે કેબલ વાયર બાંધી ફાંસો ખાઈ લેતા માતાએ બૂમાબૂમ કરી હતી. જેથી લોકો એકઠાં થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

પરિવારજનોએ જણાવ્યું હતું કે, પરિવારમાં બે પુત્રો છે વિવેક બીએસસીમાં અભ્યાસ કરતો હતો. જ્યારે મોટો ભાઈ યુએસએમાં નોકરી કરે છે. પરિવારના નાના દીકરાએ પરીક્ષામાં બે પેપર ખરાબ જતા તણાવમાં આવી આકરું પગલું ભરી લેતા શોકનો માહોલ છવાયો છે. હાલ સ્મીમેર હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરી મૃતદેહ સોંપવામાં આવ્યો છે.

મોટાવરાછાના ચણીયાચોળીના વેપારી સાથે રૂા.૪૭.૭૭ લાખની છેતરપિંડી

વેપારી પિતા-પુત્ર અને દલાલ વિરૂદ્ધ વરાછા પોલીસમાં ફરિયાદ

સુરત

ચણીયા ચોળીના વેપારી સાથે રૂપિયા ૪૭.૭૭ લાખની ઠગાઈ કરી હોવાની ફરિયાદ વરાછા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. ત્રણ જણાં સામે વિશ્વાસઘાત-છેતરપિંડીનો ગુનો દર્જ થયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટા વરાછા અનમોલ રો હાઉસમાં રહેતાં ચિરાગ ઘનશ્યામભાઈ પાંચાણીએ આરોપી અક્ષિત ભરત કાતરિયા, ભરત કાતરિયા (હે. લક્ષ્મીનગર, પુણાગામ), હિમાંશુ નટવરલાલ શનિશ્વરા (રહે. વૈષ્ણોદેવી એપાર્ટમેન્ટ, જહાંગીરપુરા), વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી હિમાંશુએ પેમેન્ટ અપાવવાની જવાબદારીએ ફરિયાદી ચિરાગભાઈ પાસેથી આરોપી અક્ષિત અને ભરત કાતરિયાને રૂપિયા ૪૭,૭૭,૭૧૦ની કિંમતનો ચણીયા ચોળી લેંઘાનો માલ અપાવ્યો હતો. ત્યારબાદ આ માલનું પેમેન્ટ આજદિન સુધી નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ખેડૂત ખાતેદારો માટે સહાય યોજના ખેડુત આઈપોર્ટલ પર અરજી કરવી

૧ માર્ચથી ૩૦ એપ્રિલ ખા ખેડૂત પોર્ટલ ખુલ્લુ રહેશે

સુરત

રાજ્ય સરકાર વર્ષ - ૨૦૨૦ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. વર્તમાન સમયે રાજયના ખેડુત ખાતેદારો ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓમાં જુદાજુદા ધટકો હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરી શકે તે હેતુ અર્થે રાજય સરકારે વર્ષ-૨૦૨૦-૨૧ માટે ૦૧ લી માર્ચ થી ૩૦ મી એપ્રિલ એમ કુલ બે માસ માટે આઇ ખેડુત પોર્ટલ (ikhedut protal)ખુલ્લુ મુકવાનં નક્કી કર્યુ છે.આ પોર્ટલના માધ્યમ થકી ખેડુતો ઓનલાઇન અરજી કરી પોતાને જરૂરિયાત સાધનો જેવા કે દવા છાંટવાના પંપ તાડપત્રી, સિંચાઇના સાધનો,ટ્રેકટર,પાવર ટીલર તથા ટ્રેકટર સંચાલિત કૃષિ યાંત્રીકરણના સાધનો જેવ કે રોટાવેટર,કલ્ટીવેટર પ્લાવ થ્રેષર વગેરે સાધનો ઉપર વિવિધ યોજના હેઠળ સહાય સીધી બેંક ખાતામાં મેળવી શકે છે.

આ માટેની ઓનલાઈન અરજીઓ દરેક ગ્રામ પંચાયત કક્ષાની સાથે સાથે ઈન્ટરનેટની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ કરી શકાય છે. અને ખેડુતે અરજી કરતી વખતે ૭-૧૨ અને ૮-અ, આધાર કાર્ડ મોબાઇલ નંબર તેમજ બેંકની પાસબુકની વિગત વગેરે સાથે રાખવું જરૂરી છે. ખેડુતો આઇ ખેડુત પોર્ટલ પર ઓન લાઇન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી સહી/અંગુઠો કરી જરૂરી સાધનિક કાગળો સાથે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સેવક અથવા તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી (ખેતી) ને પંહોચાડવાની રહશે. જેની જિલ્લાના ખેડૂત મિત્રોને વિવિધ સહાય યોજનાઓ હેઠળ બહોળો લાભ લેવા માટે સમયમર્યાદામાં અરજી કરી સબંધિત કચેરીને પહોંચતી કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી ડાંગ દ્વારા જણાવાયું છે.

કતારગામની પરિણીતાને દહેજ માટે સાસરીયાઓ દ્વારા ત્રાસ

પતિ, સાસુ અને સસરા સામે ગુનો દાખલ કરાયો

સુરત

કતારગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને પતિ સહિત સાસરીયાઓ દ્વારા દહેજ માંગી શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતા પરિણીતાએ કતારગામ પોલીસ મથકમાં દહેજની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ પદમાવતી ફ્લેટમાં મૌલિકભાઈ વિનોદભાઈ શાહ છે. તેમના લગ્ન આ વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે થયા હતા. જાન્યુ-૧૮થી પતિ મૌલિક, સસરા વિનોદભાઈ તથા સાસુ રમીલાબેન શાહે તેમની પાસે દહેજ માંગી વારંવાર શારીરિક માનસિક ત્રાસ આપી ફરાર થઈ ગયા હતા. કંટાળી ગયેલી પરિણીતાએ પતિ સહિત સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

'ઘરમાં મેલી વિદ્યાનો વાસ છે' તેવું જણાવી ઠગો વીંટી લઈ છૂમંતર

ડીંડોલીમાં ત્રણ ઠગો આધેડ વ્યક્તિને બનાવી ગયા

સુરત

ડીંડોલી રૂક્ષ્મણી પાર્ક સોસાયટીમાં રહેતાં આધેડ મહિલાને તમારા ઘરમાં મેલી વિદ્યાનો વાસ છે. વિધી કરાવવી પડશે તેમ જણાવી માથા પર હાથ ફેરવી ભાન ભૂલાવી સોનાની વીંટી તથા રોકડા મળી કુલ રૂા.૮૬૯૦ની મતાનો માલ સામાન લઈ ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.મૂળ ઉત્તરપ્રદેશના જોનપુર જિલ્લાના વતની અને હાલમાં ડીંડોલી રૂક્ષ્મણી પાર્ક ખાતે રહેતાં સુષ્માબેન સિંગ (ઉ.વ.૫૬)ના ઘરે ગતરોજ હરજાના અંસારી, સહોદરા અંસારી તથા ગોહુ અંસારીની પત્ની વગેરેઓએ આવી તમારા ઘરે મેલી વિદ્યાનો વાસ છે. પૂજા કરાવવી પડશે તેમ જણાવી માથા પર હાથ ફેરવી સોનાની વીંટી તથા રોકડા લઈને વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. ડીંડોલી પોલીસે તપાસ શરૂ કરી છે.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Stationary Printing • Pamphlet
• Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૭-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।


નાણાં મંત્રી પટેલે સતત આઠમી વખત બજેટ રજૂ કરી રેકોર્ડ સર્જ્યો

'પટેલ'નું 'રૂપાળુ બજેટ': ગરીબ-ખેડૂત-મધ્યવર્ગલક્ષી 'અંદાજપત્ર'

રૂ. ૨,૧૭,૨૮૭ કરોડનું તોતિંગ બજેટ, પ્રજા ઉપર કોઈ કરબોજ નહીં,ખેડૂતોને દિવસે વીજળી મળશે, મધ્યમ પરિવારને ૧૨ કિલો તૂવેરની દાળ અપાશે, તમામ સમાજને રાજી રાખવાના રૂપાણી સરકારના પ્રયાસ

ગાંધીનગર

આજથી શરૂ થયેલા વિધાનસભાના બજેટ સત્રમાં નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે ગુજરાત સરકારનું નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧નું રૂ. ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ રજૂ કર્યું હતુ. જેમાં પોલીસ સહિત અન્ય વિભાગોમાં ૧૧ હજારની નવી ભરતી, ખેડૂતો-પશુપાલકો-ગરીબો સહિત સમાજના તમામ વર્ગો માટે સમતુલિત વિકાસ માટે નાણાંકિય ફાળવણી કરીને. ખેડૂતો અને પશુપાલકો માટે નવી સહાય યોજના સહિત મધ્યમ વર્ગને મોંઘવારીને ધ્યાનમાં રાખીને ખુશ કરવાનો પ્રયાસરૂપે પ્રત્યેક પરિવારને ૧૨ કિલો તૂવેર દાળ આપવાની નવી જાહેરાત કરી હતી. ગૌ પ્રેમી સરકારે ગાય ગામડુ અને ગોડાઉન પર ભાર મૂકીને, પ્રાથમિક શાળામાં ૭ હજાર નવા ઓરડાઓ બનાવવા ૬૫૦ કરોડની ફાળવણી સહિત,શિક્ષણ માટે ૩૧ હજાર કરોડ, સૌની યોજના માટે ૧૭૧૦ કરોડ,નિરાધાર વૃદ્ધના પેન્શનમાં રૂ.૨૫૦નો વધારો સહિત નવી અનેક યોજનાઓનો પટારો ખોલીને સમાજના સૌને ખુશ રાખવાનો અને તમામના દિલ જીતવાનો પ્રયાસરૂપે અનેક પ્રજાલક્ષી નવી જાહેરાતો કરવામાં આવી છે. જેમાં મધ્યમ વર્ગ, ગ્રામીણ વિસ્તાર, ખેડૂતો, પશુપાલકો અને નાના વેપારીઓને આવરી લીધા છે. ખેડૂતોને માલ વહન કરવા માટે થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ભારત સરકારની જેમ જ કિસાન પરિવહન યોજનાની જાહેરાત કરી છે. જેમાં પ્રાથમિક તબક્કે ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નવા ૮૫ હજાર આવાસોના નિર્માણ



માટે રૂ.૧૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. મનરેગા માટે ૪૯૦ કરોડ ફાળવવામાં આવ્યાં છે. ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા બજેટમાં દિનકર યોજના નામની નવી જાહેરાત કરવામાં આવી છે.

તેમણે રાજ્યમાં નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના હેઠળ ૭૫ વર્ષથી વધુના વૃદ્ધોને રૂ. ૭૫૦ને બદલે રૂ.૧૦૦૦ની સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી. જ્યારે ૮૦ ટકાથી વધુ માનસિક દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને માસિક રૂ.૬૦૦ની જગ્યાએ રૂ.૧૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. રાજ્યમાં આવેલા વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ માસિક રૂ.૧૫૦૦થી વધારી રૂ. ૨૧૬૦ કરવામાં આવશે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ મજબૂત બને અને રાજ્યના યુવાનોને રોજગારી સાથે પોલીસમાં સેવા કરવાની તક મળે તે માટે પોલીસ વિભાગમાં વિવિધ સંવર્ગમાં ૧૧ હજાર નવી ભરતી કરવામાં આવશે.

ગુજરાત સરકારે ૨૬ ફેબ્રુઆરીએ રજૂ કરેલા બજેટ ૨૦૨૦-૨૧માં અનેક નવી યોજનાઓ જાહેર કરી છે. જેમાં ગૌ પાલન માટે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવી નવી યોજનામાં ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક ૯૦૦ એટલે કે વાર્ષિક ૧૦,૮૦૦ રૂપિયા સહાય આપવામાં આવશે. આ યોજનામાં ૫૦ હજાર ખેડૂતોને આવરી લઈને ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કિસાન પરિવહન યોજના દ્વારા ખેડૂતોને હળવા ભારવાહક વાહનની ખરીદી

અનુસંધાન પાના નં. ૫

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭,૪૨૩ કરોડની જોગવાઈ

● ઝીરો ટકા વ્યાજે લોન માટે ૧,૦૦૦ કરોડની જોગવાઈ,પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને ગાય દીઠ માસિક ૯૦૦ રૂની સહાય
● ૨૯ હજાર ખેડૂતોને ટ્રેક્ટર દીઠ ૪૫,૦૦૦થી ૬૦,૦૦૦ની સહાયતા કરાશે

ગાંધીનગર

આજથી શરૂ થઇ રહેલા ગુજરાત વિધાનસભાના બજેટ સત્રાનાં પ્રથમ દિવસે નાણામંત્રી નીતિન પટેલ રાજ્યનું વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ રજૂ કર્યું હતું. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ રાજ્ય સરકારે નારાજ ખેડૂતો, બેરાજગારોથી માંડીને સામાન્ય જનતાને ખુશ કરવા ફૂલગુલાબી બજેટ રજૂ કર્યુ હતું. સરકારે આ બજેટમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ૭,૪૨૩ કરોડની જોગવાઈ કરી છે. ઉપરાંત ખેડૂતોને વગર વ્યાજે પાક ધિરાણ મળે તેના માટે ૧,૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. નાણા મંત્રી નીતિન પટેલે બજેટમાં વિવિધ યોજનાઓ અને સહાયતાની રકમની જાહેરાત કરી હતી.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે ૭,૪૨૩ કરોડની જોગવાઈ

વર્ષ ૨૦૨૦ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારે સિંચાઈ માટેની સુવિધાઓ, વિના વ્યાજે પાક ધિરાણ, પાક વીમાં, બિયારણ, ખેત ઓજારો અને ખાતરની ખરીદીમાં સહાય, પાક-ઉત્પાદનોની ટેકાના ભાવ ખરીદી જેવી અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલમાં મૂકી છે. અણધારી કુદરતી આફતો સમયે પણ અમે જગતના તાતની પડખે અડીખમ ઊભા રહ્યા છીએ. આમ, ખેડૂત કલ્યાણની વાત આવે ત્યારે અમારી સરકાર વાવણીથી વેચાણ સુધીના દરેક તબક્કા ખભેથી ખભા મિલાવીને ખેડૂતોની સાથે રહી છે.

રાજ્યના ખેડૂતો સહકારી તેમજ રાષ્ટ્રીયકૃત બેંક મારફત દર વર્ષે આશરે ૩૯,૦૦૦ કરોડનું ટૂંકી મુદતનું પાક

અનુસંધાન પાના નં. ૫

લગ્ન પ્રસંગમાં જઈ રહેલ જાનૈયાઓને કાળ ભરી ગયો,ખુશીનો માહોલ માતમમાં ફેરવાયો

રાજસ્થાનના બૂંદીમાં જાનૈયા ભરેલી બસ નદીમાં ખાબકી: ૨૪ લોકોના મોત

બૂંદી

રાજસ્થાનમાં એક ભયંકર અકસ્તામત સર્જાયો છે, જેમાં એક જાનૈયાઓથી ભરેલી બસ નદીમાં પડી ગઈ છે. પ્રાથમિક માહિતી અનુસાર, દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૨૪ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે, જ્યારે ઘણા લોક ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમાંથી મોટાભાગના લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.


મીડિયા રિપોર્ટ અનુસાર, જાનૈયાઓથી ભરેલી આ બસ કોટાથી સવાઈ માધોપુર જઈ રહી હતી, ત્યારે રસ્તામાં એક પુલ પરથી પસાર થતી વખતે બસ અસંતુલિત થઈને નદીમાં પડી ગઈ હતી. દુર્ઘટના રાજસ્થાનના બૂંદીમાં સ્થિત કોટા લાલસોત મેગા હાઈવે પર સ્થિત લાખેરીમાં સર્જાય છે. ફુલ સ્પીડમાં દોડતી બસ અચાનક પોતાનું સંતુલન ગુમાવીને નદીમાં પડી ગઈ હતી. દુર્ઘટના બાદ સ્થાનિક લોકોએ રાહત અને બચાવ કાર્ય શરૂ કરી પોલીસને તે અંગે જાણકારી આપી હતી.

સૂચના મળતા જ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે રાહત અને બચાવ કાર્ય શરૂ કરી, મૃતદેહોને બસમાંથી બહાર કાઢવાનું કામ શરૂ કર્યું હતું. દુર્ઘટના અંગે જાણકારી મળતા

અનુસંધાન પાના નં. ૫

ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના બે ઈસ્ટીટ્યૂટને રાષ્ટ્રીય સંસ્થાનો દરજ્જો અપાશે

મોદી કેબિનેટનો મોટો નિર્ણય: સરોગેસી બિલને મંજૂરી



ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં મળેલી આજે કેબિનેટની બેઠકમા નેશનલ ટેક્નિકલ ટેક્સટાઈલ મિશનને મંજૂરી આપવામાં આવી છે. ટેક્નિકલ ટેક્સટાઈલ મિશનની સાથે સાથે કેબિનેટે સરોગેસી એમેંડમેન્ટ એક્ટને પણ મંજૂરી આપી છે. જેના દ્વારા હવે સરોગેસી કાયદાને વધારે કડક બનાવ્યો છે. આ ઉપરાંત ફૂડ પ્રોસેસિંગ ઈંડસ્ટ્રીઝના બે ઈસ્ટીટ્યૂટને રાષ્ટ્રીય સંસ્થાનો દરજ્જો આપવાનો પણ નિર્ણય લેવાયો છે. આપને જણાવી દઈએ કે, ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ નાણામંત્રી નિર્મલા સીતારમણે જે જાહેરાત કરી હતી, તેમાં નેશનલ ટેક્સટાઈલ મિશન બનાવવાની જાહેરાત કરી હતી.

ભારત દર વર્ષે ૧૬૦૦

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

ગોકલપુરીમાં ઉપદ્રવીઓ દુકાન સળગાવી ભાગ્યા,સીલમપુરમાં સ્થિતિ સુધરી

દિલ્હી હિંસા: મૃત્યુઆંક ૨૦,શૂટ એટ સાઈટના ઓર્ડર,અનેક વિસ્તારોમાં કર્ફ્યૂ

ત્રણ દિવસની હિંસામાં ૨૫૦થી વધુને ઈજા, ઈજાગ્રસ્તોમાં ૫૬થી વધુ પોલીસ જવાન સામેલ,ગૃહમંત્રીએ દિલ્હી હિંસાના મામલે ૨૪ કલાકમાં ત્રણ બેઠક કરી

ન્યુ દિલ્હી

દેશના પાટનગર દિલ્હીમાં નાગરિકતા સુધારણા કાયદાના મામલે છેલ્લા ત્રણ દિવસથી હોબાળો થઈ રહ્યો છે. ઉત્તર પૂર્વ દિલ્હીમાં નાગરિકતા સુધારણા કાયદાના કારણે ભડકેલી સાંપ્રદાયિક હિંસામાં મૃત્યુઆંક ૨૦ સુધી પહોંચી ગયો છે. આજે દિલ્લીની જીટીબી હોસ્પિટલમાં વધુ ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮૯ લોકો હાલ સારવાર હેઠળ છે. જીટીબી હોસ્પિટલના અધિકારીઓ પાસેથી આ અંગેની જાણકારી મળી છે. હવે બુધવારે દિલ્હીના વિસ્તારોમાં અજંપાભરી શાંતિ છે અને પોલીસ સતત પેટ્રોલિંગ કરી રહી છે.

મંગળવારે ૧૩ લોકો મૃત્યુ પામ્યા હોવાની જાણકારી મળી હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, લોક નાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલમાંથી ચાર મૃતદેહોને ગુરૂ તેગ બહાદુર હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. આ સાથે જ મૃતકોની સંખ્યા વધીને ૧૮ સુધી પહોંચી ગઈ છે. આ ઉપરાંત આશરે ૨૫૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી ૫૬થી વધારે પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે.

દિલ્હીમાં ખાસ કરીને હિંસા પ્રભાવિત વિસ્તારોમાં સેના દ્વારા માર્ચ કરવામાં આવી છે. હિંસા પ્રભાવિત વિસ્તારોમાં સેના સાથે અન્ય સુરક્ષાબળ અને અધિકારીઓ માર્ચમાં જોડાયા હતા અને તેમણે લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી હતી.

નાગરિકતા સુધારણા

અનુસંધાન પાના નં. ૫

દિલ્હી હિંસા: વડાપ્રધાન મોદીની લોકોને શાંતિ જાળવી રાખવા અપીલ

પીએમ મોદીએ ટ્વીટ કરીને લોકોને શાંતિ બનાવી રાખવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે શાંતિ અને સદભાવ આપણો સ્વભાવ છે. હું દિલ્હીના ભાઈઓષ બહેનોને શાંતિ અને ભાઈચારાની અપીલ કરું છું. ઝડપથી શાંતિ અને સ્થિતિ સામાન્ય થવી જરૂરી છે. પીએમ મોદીએ એક બીજી ટ્વીટમાં કહ્યું કે તેમણે દિલ્હીની સ્થિતિનો તાગ મેળવ્યો છે. તેમણે કહ્યું કે દિલ્હીના વિભિન્ન હિસ્સાઓની સ્થિતિનો સંપૂર્ણ તાગ મેળવ્યો છે. પોલીસ અને બીજી એજન્સીઓ સ્થિતિ સામાન્ય બનાવા માટે કામ કરી રહી છે.

પોલીસ પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં નિષ્ફળ, સેના બોલાવો: કેજરીવાલ

નાગરિકતા સંશોધન એક્ટને લઈને દિલ્હીમાં થઈ રહેલી હિંસા પર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચિંતા વ્યક્ત કરી છે. આજરોજ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટવિટ કરી લખ્યું છે કે તમામ પ્રયત્નો છતાં દિલ્હી પોલીસ હિંસા પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહી છે. આમ હિંસાગ્રસ્ત વિસ્તારમાં સેના તહેનાત થવી જોઈએ.

તંત્રી લેખ

ખતરનાક વળાંક પર

દિલ્હીમાં નાગરિક સુધારા કાનુનના વિરોધ અને સમર્થનમાં વિરોધ પ્રદર્શન જારી છે. વ્યાપક હિંસામાં ૨૦થી વધુ લોકોના મોત થયા છે. રવિવારના દિવસે શરૂ થયેલી હિંસાનો દોર બુધવારના દિવસે પણ જારી રહી છે. કેન્દ્ર સરકાર સ્થિતી પર ચાંપતી નજર રાખવાનો દાવો કરી રહી છે. દિલ્હી સરકાર પણ દેખાવકારોને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરી ચુકી છે. ઉત્તરપૂર્વીય દિલ્હીના કેટલાક વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. હિંસાના કારણે હજુ સ્કુલ, કોલેજ અને અન્ય સંસ્થાઓ બંધ રહેલી છે. માર્ગો પર ભારે સુરક્ષા દળોને ઉતારી દેવામાં આવ્યા હોવા છતાં હિંસક તત્વો તોફાન કરી રહ્યા છે. લોકશાહીમાં વિરોધ કરવાની તક આપે છે પરંતુ સાથે સાથે એવી અપેક્ષા પણ રાખવામાં આવે છે કે તેની આડમાં હિંસા માટેના પ્રયાસ કરવામા ન આવે. દિલ્હીમાં ભડકેલી હિંસા ચિંતાજનક અને નિંદનીય પણ છે. જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડી દેવામાં આવ્યુ છે. કેટલાક નિર્દોષ લોકોના મોત પણ થયા છે. મહાનગરમાં જનજીવન ઠપ્પ થઈ ગયુ છે. ઉત્તરપૂર્વીય દિલ્હીમાં નાગરિકતા સુધારા કાનુનની સામે દેખાવો એક રીતે સાંપ્રદાયિક છે. કેન્દ્ર સરકાર અને દિલ્હી સરકાર પણ હિંસા માટે કેટલાક અંશે જવાબદાર છે. શાહીનબાગમાં દેખાવ અને હિંસક વિરોધ પ્રદર્શનને ૭૦ દિવસનો ગાળો થયો હોવા છતાં કોઈ નક્કર વિવાદનો ઉકેલ આવ્યો નથી. શાહીનબાગ વિવાદને ઉકેલી લેવા માટેના પ્રયાસ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા નથી. બંને સરકારોએ વિવાદને ઉકેલી લેવાના પ્રયાસ કર્યા હોત તો આજે સ્થિતી અલગ રહી હોત. શાહીન બાગમાં સીએએના વિરોધમાં જારી વિરોધ પ્રદર્શન મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે ચિંતાની વાત એ છે કે આ દેખાવો માર્ગો પર કરવામાં આવી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપતા કહ્યુ હતુ કે કોઈ પણ મામલે દેખાવ વેળા માર્ગોને બંધ કરી શકાય નહીં. કમનસીબ બાબત એ છે કે માર્ગો પર રસ્તાને બંધ કરવાના મામલે દિલ્હી સરકાર અને કેન્દ્ર સરકારે આની તરફ ધ્યાન આપ્યુ ન હતુ. આંદોલનકારીઓને વાતચીતની ટેબલ પર લાવી શકવાની સ્થિતી હતી. બીજી બાજુ હવે સ્થિતી એ છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા મધ્યસ્થી ટીમ ફ્લોપ રહી છે ત્યારે પોલીસને વધુ સત્તા આપીને તોફાનવાળા વિસ્તારોને અતિક્રમથી દુર કરવાની જરૂર છે. શાહીનબાદ ખાતે દેખાવો જારી છે ત્યારે સુરક્ષા દળો વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરે તે પણ જરૂરી છે. હિંસાને કઠોર રીતે કચડી નાંખવાની સાથે સાથે સરકાર સુપ્રીમ કોર્ટ ના દિશા નિર્દેશ મુજબ સમસ્યાને ઉકેલે તે જરૂરી છે. જેટલી ઝડપથી તમામ સમસ્યાનો ઉકેલ આવશે તેટલી જ ગતિથી લોકો આગળ વધી શકશે. પાટનગરમાં તોફાનના કારણે લોકો પરેશાન થયેલા છે. કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર અને સામાન્ય લોકો પણ સામાન્ય રીતે વર્તન કરીને તોફાની તત્વોને અટકાયતમાં લે તે જરૂરી છે. શાહીનબાગના મુદ્દા પર રાજનીતિના કારણે સ્થિતી વધારે ખરાબ થઈ છે. કારણ કે નેતાઓ ઉશ્કેરણીજનક નિવેદન કરી રહ્યા છે. આને લીધે આજે સ્થિતી વણસી છે. રાજકીય પક્ષો અને નેતાઓ સંવેદનશીલ બને તે પણ સમયની માંગ છે.

શાહીનબાગના મુદ્દે સુપ્રીમ જેવી ગંભીરતા કેન્દ્ર અને દિલ્હી સરકાર નહીં દર્શાવી શકી

સરકારો, નીતિકારો, વૈજ્ઞાનિકોને સાવધાન થઈ જવુ પડશે...

ગ્લેશિયર વિના શુ જીવન બચી શકશે

નદીઓને બચાવવા અન તળાવોને જીવિત રાખવા માટે ગ્લેશિયરોને મજબુત અને સમૃદ્ધ રાખવાની જરૂર : વધતુ તાપમાન ખતરાના સંકેત



ગ્લેશિયરોની હાલત સતત બગડી રહી છે

બ્લેક કાર્બન મુખ્ય કારણ છે

ગ્લેશિયર વિના શુ જીવનને બચાવી લેવામાં અમે સફળ થઈ શકીશુ તે પ્રશ્ન તમામ લોકોને સતાવી રહ્યો છે. સરકારો, નીતિકારો અને વૈજ્ઞાનિકોને હવે ગંભીર થઈ જવાની જરૂર દેખાઈ રહી છે. તમામ લોકોને સમજી લેવાની જરૂર છે કે જો નદીઓ અને તળાવોને જીવિત અને સમૃદ્ધ રાખવા છે તો ગ્લેશિયરને મજબુત અને સમૃદ્ધ રાખવાની તાકીદની જરૂર છે. વધી રહેલા જળસ્તરને એ રીતે સમજી શકાય છે કે વર્ષ ૨૧૦૦ સુધી હિન્દ મહાસાગરમાં વર્તમાન માલદીવ તો ડુબી જશે. આ જ કારણ સર તે હાલમાં ભારત, શ્રીલંકા તેમજ ઓસ્ટ્રેલિયા પાસેથી જમીનની ખરીદી કરીને પોતાના નાગરિકોને જળવાયુ શરણાર્થી બનાવવા માટેના પ્રયાસોમાં લાગેલ છે. અંટાર્કટિકામાં હાલમાં જ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ રહ્યુ હતુ. જે બે વર્ષ પહેલા વર્ષ ૨૦૧૭માં આશરે ૧૭.૫ ડિગ્રી રહેતા તેના કરતા વધારે છે. સતત અંટાર્કટિકામાં વધતા જતા તાપમાનના કારણે તેની સીધી અસર અન્યત્ર થઈ રહી છે. વધતા તાપમાનનો સીધો અર્થ એ છે કે અમે અમારા ગ્લેશિયરોને ઝડપથી ગુમાવી દઈશુ. જાણકાર નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો કહે છે કે ગ્લેશિયર એક પ્રકારથી પાણીની બેંક તરીકે છે. સાથે સાથે ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે પણ તેને ગણી શકાય છે. આ પૃથ્વીના એ હિસ્સા તરીકે છે જે દુનિયાના એક મોટા હિસ્સાને પાણી ઉપલબ્ધ કરાવે છે. એટલે કે તમે એમ માની શકો છો કે દુનિયાના ૭૫ ટકા પીવાના પાણીના સોર્સ તરીકે ગ્લેશિયર જ છે. સાથે સાથે દુનિયાના ૪૭ દેશોમાં તે જોવા મળે છે. પૃથ્વી પર જીવન કરતા પહેલા ગ્લેશિયરોનુ અસ્તિત્વ રહેલુ છે. અંટાર્કટિકા, અલાસ્કા, ગ્રીનલેન્ડ તેમજ દુનિયાભરમાં અન્ય મોટા ગ્લેશિયર રહેલા છે. અમારા દેશ ભારતમાં પણ હિમાલય એક મોટા ગ્લેશિયર તરીકે છે. એકલા અંટાર્કટિકાના ગ્લેશિયર સમગ્ર દુનિયાના ગ્લેશિયરના ૮૪ ટકા હિસ્સા તરીકે છે. આના કારણે જ તમામ મહાદ્વિપમાં કોઈને કોઈ રીતે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. કમનસીબ બાબત એ છે કે હવે દુનિયામાં ગ્લેશિયર બગડી રહ્યા છે. જેના પર ચર્ચા અને ડિબેટ દુનિયાના દેશોમાં છેડાઈ ગઈ છે. ગ્લેશિયરના અભ્યાસ પર આધારિત એક હેવાલ જારી કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. રિપોર્ટ દર્શાવે છે કે દરેક ગ્લેશિયર દુનિયામાં પ્રતિ વર્ષ ૧-૨ મીટરની ગતિથી સંકુચિત થઈ રહ્યા છે. જો સ્થિતી આવી જ રહેશે તો આવનાર સમયમાં અમે એક મોટા જળ સંકટમાં આવી જઈશુ. આના કારણે દરિયાઈ સપાટી પણ એટલી હદ સુધી વધી જશે કે દુનિયાના કેટલાક દેશો અને શહેરો તો ડુબી જશે. હાલમાં જ હવામાન વિભાગ સંગઠન જીનેવાના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અંટાર્કટિકાના એક સ્થાન પર તાપમાન ક્રમશ ૨૦ ડિગ્રી થયુ હતુ. જે બે વર્ષ પહેલા ખુબ નીચે હતુ. આનો અર્થ એ થયો કે ખતરના સંકેતો મળવા લાગી ગયા છે. અંટાર્કટિકામાં પહેલા ક્યારેય ૧૫ ડિગ્રી પણ તાપમાન થતુ ન હતુ. આજે ૫૦ વર્ષમાં તેનુ તાપમાન પાંચ ડિગ્રી વધી ગયુ છે. અભ્યાસના એક હિસ્સા તરીકે એ પણ છે કે જો ગરમી આવી જ રીતે વધતી રહેશે તો આશરે આવનાર ૧૦૦ વર્ષમાં દરિયાઈ સપાટી ત્રણ મીટર વધી જશે. દુનિયા માટે આની સાથે જ તબાહી આવી જશે. કારણ કે આવી સ્થિતીમાં જો ૧.૪૨ કરોડ વર્ગ કિલોમંટરમાં અંટાર્કટિકામાં બરફ સંપૂર્ણરીતે ઓગળી જશે તો તે દરિયાઈ સપાટીને ૬૦ મીટર સુધી વધારી દેશે. જેના કારણે પૃથ્વી પર પ્રલય આવી જશે. વૈજ્ઞાનિકોએ વારંવાર ચેતવણી આપી છે કે અંટાર્કટિકા પર સરેરાશ ૧.૯ કિમી પરત તરીકે બરફ વિખેરાયેલી છે. તેની ઓગળવાની ગતિ ૧૯૮૯થી ૨૦૧૭ સુધી છ ગણી વધી ચુકી છે. અને આ માત્ર એટલા માટે થયુ છે કે ખુબ ઝડપથી ગરમી અંટાર્કટિકાની તમામ સરહદને તોડી રહી છે. હવે જો આજની સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવે તો વર્ષ ૨૧૦૦ સુધી બરફ એટલી હદ સુધી ઓગળી જશે કે કેટલાક દેશ પાણીમાં ડુબી જશે. વધતા જળસ્તરના ખતરાને કેટલીક રીતે સમજી શકાય છે. આશરે છ લાખ ૬૦ હજાર વર્ગ કિમીમાં ફેલાયેલી બરફ ૮૧ ટકા ગ્રીનલેન્ડને ચારેબાજુથી ઘેરી ચુકી છે. સામાન્ય રીતે તો ગ્લેશિયરોને એક રચના તરીકે જોવામાં આવે છે. જે ગતિશીલ હોય છે. જો કે આ એ બાબત પણ નિર્ભર રહે છે કે કોઈ પણ વર્ષમાં વરસાદનુ યોગદાન કેટલુ છે.

ગ્લેશિયરની રચના પર સતત સંકટ વધ્યુ છે. નાસાના ઓપરેશન આઈસ બ્રિજ હેઠળ વૈજ્ઞાનિકો સતત આ બાબતમાં અભ્યાસ કરી રહ્યા છે કે ગ્રીનલેન્ડમાં બરફના સ્તરમાં શુ ફેરફાર થનાર છે. તેમના કહેવા મુજબ વર્ષ ૧૯૯૧ અને વર્ષ ૨૦૧૫ વચ્ચે ગ્રીનલેન્ડની બરફની ચાદરોના કારણે દરિયાઈ સપાટીમાં ૦.૦૨ ઈંચનો વધારો થયો છે. જો આ વધારો આવી જ રીતે જારી રહેશે તો એક બાબત નક્કી છે કે હાલત વધારે ખરાબ થઈ જશે.

તમામ જાણકાર નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકો નક્કરપણે માની રહ્યા છે કે ગ્લેશિયરોની બગડી રહેલી સ્થિતીનુ મુખ્ય કારણ બ્લેક કાર્બન છે. જેને પોતાની મોટી જગ્યા બનાવી લીધી છે. સાથે સાથે વન્ય વિસ્તારોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. વન્ય વિસ્તારોમાં આગની ઘટનાઓ સતત વધી રહી છે. માનવી દ્વારા ફેલાવવામાં આવી રહેલા કચરામાં વધારો થઈ રહ્યો છે. ગ્રીન હાઉસ ગેસના કારણે પણ જટિલ સમસ્યા ઉભી થઈ રહી છે. આ તમામ પરિબળોના કારણે હાલત વધારે ખરાબ થઈ રહી છે. આ તમામ પરિબળોના કારણે ગ્લેશિયરોની હાલત વધારે ખરાબ છે. સવાલ એ થાય છે કે વાત માત્ર અંટાર્કટિકા, ગ્રીનલેન્ડ અને હિમાલયની નથી બલ્કે આવનાર સમયમાં તેના ખતમ થવાના કારણે વધનાર દરિયાઈ જળસ્તરની રહેલી છે. સાથે સાથે પીવાના પાણીની ઉપલબ્ધતાની પણ રહેલી છે. આ સવાલ આવનાર સમયમાં ઉભા થનાર છે. જેનો અમારી પાસે આવનાર સમયમાં કોઈ જવાબ રહેશે નહીં. હવે નવેસરથી ગ્લેશિયરને લઈને સરકારો, નીતિકારો તેમજ વૈજ્ઞાનિકોને એક સાથે બેસીને વિચારણા કરવાની જરૂર છે. તમામને સાથી મળીને વિચારવાની જરૂર છે કે જો નદીઓ અને તળાવોને બચવવા છે તો ગ્લેશિયરોના મહત્વને સમજી લેવાની જરૂર છે. કોઈ પણ સંકટના સમય જો અમને પાણી ઉપલબ્ધ કરાવી શકે છે તો તે ગ્લેશિયર છે. આવનાર સમય આના અસ્તિત્વ પર તમામ બાબતો આધારિત રહેલી છે. અમે અમારા ગ્લેશિયરોને કેટલા મજબુત રાખી શકીએ છીએ તે બાબત પરણ ઉપયોગી છે. આ બાબત તો સ્પષ્ટ છે કે જળ છે તો આવતીકાલ છે. આવુ હશે તો જ પાણીનુ દરેક પળ ઉપયોગી છે.

વિશ્વના ૩૧ દેશોમાં પગ પેસારો,દક્ષિણ કોરિયામાં ૭૦ નવા કેસોની પુષ્ટી

ચીનમાં કોરોના વાયરસથી અત્યાર સુધી ૨૭૧૫ના મોત,૪૦૧ નવા કેસ

બીજિંગ

ચીનમાં ફેલાયેલ કોરોના વાઈરસ ક્યારે કાબૂમાં આવશે તે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. ૨૬ ફેબ્રુઆરી એટલે કે આજના સર્વે પ્રમાણે આ વાઈરસના કારણે મૃતકોની સંખ્યા કુલ ૨૭૧૫ સુધી પહોંચી ચુકી છે. જોકે ચીનમાં ૨૯૭૦૦ લોકો આ વાઈરસની ઝપેટમાંથી બહાર પણ આવ્યા છે. પરંતુ હજુ પણ ૭૮૦૦૦ જેટલા દર્દીઓ આ વાઈરસથી પીડાઈ રહ્યા છે. જોકે છેલ્લા ૨૪ કલાકમાં આ વાઈરસને કારણે ૫૨ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૪૦૧ જેટલા નવા કેસ સામે આવ્યા છે.

ચીનથી ફેલાયોલો કોરોના વાઈરસ અત્યારસુધીમાં વિશ્વના ૩૧ દેશોમાં પગ પેસારો કરી ચૂક્યો છે. આ લીસ્ટમાં હવે પશ્ચિમી એશિયાના બે દેશો બહેરીન અને કુવૈતનો પણ સમાવેશ થયો છે. આખી દુનીયામાં અત્યાર સુધીમાં ૭૭ હજાર ૧૫૦ લોકો આ વાઈરસથી અસરગ્રસ્ત થઈ ચૂક્યા છે અને ૨ હજાર ૫૯૨ લોકો આ વાઈરસની અસરથી મોતને ભેટી ચૂક્યા છે. ત્યાં જાપાનના દરિયાકાંઠે ડાયમંડ પ્રિંસેસ જહાજમાં હાજર વધુ બે ભારતીય કોરોના વાઈરસથી અસરગ્રસ્ત થયા છે. તે સાથે જ હવે આ વાઈરસથી ચેપી ભારતીય લોકોની સંખ્યા ૧૪ સુધી પહોંચી ગઈ છે.

દક્ષિણ કોરિયાએ સોમવારે બપોરે કોરોનાના ૭૦ નવા કેસોની પુષ્ટી કરી છે, તે પછી કોરિયામાં હવે કોરોના વાઈરસના કેસ વધીને ૭૬૩ થઈ ગયા છે અને ૭ લોકોની મોત થઈ છે. કોરિયા સેન્ટર ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ (કેસીડીસી)ની વેબસાઈટ પર બહાર પડાયેલા ડેટા અનુસાર રોજ બરોજ કોરોનાના કેસમાં ૨૦૦થી વધારેની વૃદ્ધી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે ચીન પછી દક્ષિણ કોરીયામાં સૌથી વધુ કોરોનાના કેસ નોંધાયા છે અને તેમાં પણ છેલ્લા કેટલાક દિવસથી સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ભારતમાં ૨૦૨૨ પહેલા ફાઈવ જી નેટવર્ક સુવિધા મળી શકશે નહીં...


ફાઈવ જી ટેકનોલોજી માટે તૈયારી

વિશ્વના દેશોમાં નવી નવી ટેકનોલોજી આવી રહી છે. થોડાક વર્ષોમાં ભારત સહિતના દુનિયાના અન્ય દેશોમાં ઉપલબ્ધ બનવા જઈ રહેલી ફાઈવ જી ટેકનોલોજી વાત કરવા , કાર ચલાવવા અને અન્ય તમામ બાબતોના અંદાજને સંપૂર્ણપણે બદલી નાંખશે.જો કે ભારતમાં ફાઈવ જી ટેકનોલોજી વર્ષ ૨૦૨૨ પહેલા ઉપલબ્ધ થઈ શકશે નહીં. ફાઈવ જી ટેકનોલોજી આધારિત મોબાઈલ સેવા ખેડુતોને પાક અને જમીનના સંબંધમાં ખાતરોના ઉપયોગ ખાદ્યના ઉપયોગ અને પાણીના યોગ્ય પ્રમાણના સંબંધમાં પણ માહિતી આપશે. સેટેલાઈટ અને ડ્રોન મારફતે તેની મદદ તમામ ખેડુત સમુદાયના લોકોને મળનાર છે. ભારતમાં ફાઈવ જી ટેકનોલોજી માટે પ્રયાસ હાલમાં શરૂઆતી તબક્કામાં છે. પરંતુ દક્ષિણ કોરિયા, જાપાન અને ચીન આગામી બે વર્ષમાં આ સેવાનો લાભ લેતા થઈ જાય તેમ માનવામાં આવે છે. ફોન કરવાવાળાનો થ્રીડી ફોટો દેખાશે અને તેમની સાથે વાતચીત કરી શકાશે. હાલના ફોરજી નેટવર્કને બદલી નાંખવાના બદલે ફાઈવ જી તેને વધારે યોગ્ય અને આદર્શ બનાવશે. આ મોબાલ બ્રોડબેન્ડની બૈન્ડવિડથ, ક્ષમતા, અને કોઈ પણ અડતણ વગર નેટવર્કમાં ઉલ્લેખનીય સુધારો કરનાર છે. આના માટે મોબાઈલ ટાવર અને ઈમારતો પર હજારો નાના શક્તિશાળી નેનો એન્ટિના લગાવવામાં આવશે. જે ફાઈવ જી મોબાઈલની ગતિને ૧૦૦ એમબીપીએસથી વધારીને ૧૦ જીબીપીએસ કરી દેશે. વધારે સારા નેટવર્ક અને ઈન્ટરનેટ સ્પીડની માંગ આજની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે. કારણ કે અમે ટેકનોલોજી અને ઓનલાઈન સેવા પર ઝડપથી આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આવી સ્થિતીમાં ફાઈવ જી દુરસંચાર સેવા માટે દેશમાં ખુબ પહેલાથી જ ફાઈવ જીને લઈને ચર્ચા શરૂ કરવામાં આવી ચુકી છે. પરંતુ દુરસંચાર સચિવ અરૂણા સુન્દરરાજને કહ્યુ છે કે દેશમાં ફાઈવ જી સેવા ૨૦૨૨ પહેલા મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સ્માર્ટ સિટી અને ડિજિટલ ઈન્ડિયા માટે સ્માર્ટ મુળભુત માળખાની પણ જરૂર છે. ફાઈવ જી માટે શરૂઆતી દોરની તૈયારી પણ વર્ષ ૨૦૨૦ પહેલા શરૂ કરી શકાશે નહીં. નવી ફાઈવ જી ટેકનોલોજીમાં વધારે સારા નેટવર્ક અને વીજળીનો ઓછો ઉપયોગ અને હાઈ સ્પીડ ડાઉનલોડ ક્ષમતાના દાવા પહેલાથી જ કરવામાં આવી રહ્યા છે. ફાઈવ જી ટેકનોલોજીના માધ્યમથી ઓટોમેટિક વાહનોને ચલાવવા, રોબોટિક સર્જરી અને હોલોગ્રાફિક કોલ પણ કરવામાં આવી શકે છે. આ જ કારણ છે કે જે ક્ષેત્રોમાં તેની સૌથી વધારે માંગ રહેશે ત્યાં જ તેને સૌથી પહેલા આપવામાં આવનાર છે. આગામી પેઢીની ટેકનોલોજી તરીકે આને ગણવામાં આવે છે. ફાઈવ જી ટેકનોલોજી માત્ર મોબાઈલ ફોન સુધી જ મર્યાદિત રહેનાર નથી. તેનો ઉપયોગ ઓટોમેટિક કાર, વધારે વાસ્તવિક અનુભવવાળા વિડિયો ગેમ્સ, રોબોટિક સર્જરી ઉપરાંત થ્રીડી હોગ્રાફિક કોલ માટે પણ કરવામાં આવી શકે છે. એક ટોપની મોબાઈલ કંપની દ્વારા તાજેતરમાં જ બ્રિટનમાં ફાઈવ જી ટેકનિકનો ઉપયોગ કરીને દુનિયામાં પ્રથમ વખત હોલોગ્રાફિક કોલ કરીને ચર્ચા જગાવી હતી. હોલોગ્રાફિક કોલમાં બીજી બાજુ રહેલી વ્યક્તિની આભાસી કૃતિ અમારી સામે ઉભરે છે. જેના કારણે આમને સામને બેસીને વાત કરી રહ્યા હોય તેમ અનુભવ થાય છે. કંપનીના એન્જિનિયર્સ દ્વારા મૈનસેસ્ટર સ્થિત સ્ટુડિયોથી ત્રિ સ્તરીય ફોટોને એક વર્ચુઅલ રિયાલિટી હેન્ડસેટના માધ્યમથી લંડન સ્થિત પોતાના હેડક્વાર્ટસમાં મોકલી દીધા હતા. હેડક્વાર્ટસમાં કોલ રિસીવ કરનાર વ્યક્તિ કોલરને પોતાની સામે ઉભા રહેલા હોય તેમ જોયા હતા. એટલુ જ નહી બલ્કે થ્રીડી ફોટો સ્ટુડિયોમાં રહેલા ચાહકોની સામે પણ બની ગયો હતો. આ નજારો વર્ષ ૧૯૭૭ની સ્ટાર્સ વોર્સ, ૨૦૦૯ની જીઆઈજો-રાઈઝ ઓફ કોબરા અને માર્વલની સાઈન્સ ફિક્શન ફિલ્મ જેવો રહ્યો હતો. વર્ષ ૧૯૭૭માં પ્રથમ વખત સ્ટાર વોર સિરિઝની ફિલ્મમાં હોલોગ્રાફિક કોલની સુવિધા દર્શાવવામાં આવી હતી.

નવી ટેકનોલોજીને લઈને ભારતમાં જ નહીં બલ્કે દુનિયાના દેશોમાં આની ચર્ચા છે. આ નેટવર્કિંગને વહેલી તકે લાવવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે. જાપાન અને ચીનમાં પણ લાખો કરોડો લોકોમાં આ ફાઈવ જી ટેકનોલોજીને લઈને ઉત્સુકતા છે. આને લઈને કેટલીક ફિલ્મો બની ચુકી છે. જેને જોઈને લોકો રોમાંચ અનુભવ કરી ચુક્યા છે. આ બાબત હવે વાસ્તવિકતા બની જશે.

જન્તુનાશકની માહિતી પણ સરળરીતે મળી શકશે

ફાઈવ જીથી ખેડુતોને ફાયદો



મોટી વયના લોકો માટે ફાઈવ જી ટેકનોલોજી ખુબ જ અસરકારક સાબિત થનાર છે. આ ટેકનોલોજી તેમને આરોગ્ય પર નજર રાખવામાં પણ ઉપયોગી સાબિત થનાર છે. સાથે સાથે વધારે સારા નેટવર્કિંગથી તેમને ટેલેહેલ્થ સેવા સાથે જોડી રાખવામાં પણ મદદગાર સાબિત થનાર છે. ગ્રામીણ ક્ષેત્રોમાં પણ ફાઈવ જી નેટવર્ક ક્રાન્તિકારી સાબિત થનાર છે. ખેતીવાડીની સ્માર્ટ ટેકનોલોજી, ખેતરોમાં લાગેલા સેન્સરો મારફતે ઓનલાઈન જોડાઈને રહેવામાં મદદ મળશે. સાથે સાથે પશુ, પાક અને હવામાન પર પણ નજર રાખવામાં મદદ મળશે. આનાથી ખુબ લાભ થનાર છે. ફાઈવ જી ટેકનિક પર આધારિત આ આધુનિક સુવિધા ખેડુતોને પાક, જમીનના પ્રકાર, જમીનની ફળદ્રુપતા અને અન્ય બાબતો અંગે ઉપયોગી માહિતી આપશે. પાણીના પ્રમાણ, જન્તુનાશકના ઉપયોગની માહિતી પણ સેટેલાઈટ્સ અને ડ્રોન મારફતે ઉપલબ્ધ કરાવશે. સરહદ પર ઓટોમેટિક વાહનોથી પેટ્રોલિંગ, સ્માર્ટ એનર્જી ગ્રીડ્સ અને ઝડપી સેટેલાઈટથી સુરક્ષા કરવાની બાબત વધારે સરળ બની જશે. એક અગ્રણી હિન્દી અખબારે વોશિન્ટન પોસ્ટની સાથે ખાસ સમજુતી હેઠળ આ માહિતી પ્રકાશિત કરવામાં આવ્યા બાદ આની ભારે ચર્ચા છે. આ ટેકનોલોજી માટે મોબાઈલ ટાવર અને ઉંચી ઈમારતો પર નાના શક્તિશાળી નેનો એન્ટિના પેન્ક લગાવવામાં આવનાર છે. જે ફાઈવ જી મોબાઈલની ગતિને અનેક ગણી વધારી દેવામાં ઉપયોગી સાબિત થનાર છે.

વધુ સારા નેટવર્ક અને ઝડપી ઈન્ટરનેટ સેવા માટેની માંગ લોકોની પૂર્ણ થશે : નવી ટેકનોલોજી દ્વારા થ્રીડી ફોટો સાથે વાત શક્ય બનાવશે

બજેટ-૨૦૨૦ જોગવાઈઓ પર એક નજર..

★ કુલ રૂ. ૨,૧૭,૨૮૭ કરોડનું ગુજરાતનું બજેટ આખા દેશમાં થયેલા કુલ મૂડી રોકાણના ૫૧ ટકા રોકાણ ગુજરાતમાં થયું
★ સોનાની લે -વેચ માટે કેન્દ્ર સરકારે ગીફ્ટ સીટીમાં મંજૂરી આપી
★ ખેડૂતોના ધિરાણ વ્યાજ માટે એક હજાર કરોડની જોગવાઈ
★ સૌએ સાથે મળીને ૨૫ વર્ષમાં ઉત્તમ ગુજરાત બનાવ્યું
★ રૂ.૩૧૮૬ કરોડ ૪૮ લાખ ખેડૂતેના બેંક ખાતામાં એક જ વર્ષની અંદર જમા થયા
★ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ગાય દીઠ નિભાવ ખર્ચ પેટે મહિને ૯૦૦ રૂ.ની સહાય
★ ૫૦ હજાર ખેડૂતોને આવરી લેવાનો લક્ષ્યાંક
★ ખેડૂતોને હળવા ભારવાહક વાહન ખરીદી માટે રૂ.૫૦ હજારની સહાય,
★ ૫ હજાર ખેડૂતોને લાભ આપવા ૩૦ કરોડની જોગવાઈ
★ સમગ્ર રાજ્યમાં પીવાના પાણીની સારી વ્યવસ્થા કરી
★ તીડના આક્રમણ સામે સરકારે ખેડૂતોને તરત જ મદદ કરી
★ સૌ સાથે મળીને સર્વોત્તમ ગુજરાત બનાવીએ
★ પહેલા ઉદ્યોગ, પહેલા ઉત્પાદન પછી સરકારની મંજૂરીની નવી નીતિ
★ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૪૦ લાખ લોકોએ મુલાકાત લીધી
★ તાજમહલ અને અમેરિકાની સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પ્રતિમા કરતાં વધુ લોકો સરદારની પ્રતિમા જોવા આવે છે
★ આખા ગુજરાતમાંથી ચેકપોસ્ટ નાબૂદ કરાઇ, વાહનોની લાંબી કતારો બંધ થઇ
★ ભારતને પાંચ ટ્રીલીયનવાળુ અર્થતંત્ર બનાવવા ગુજરાતનું પણ યોગદાન
★ સોલાર ઉર્જામાં સરકાર આગળ છે
★ ઉત્તમથી સર્વોત્તમ જવા સૌનો સાથ જરૂરી
★ ખેડૂતો દર વર્ષે ૩૯ હજાર કરોડનું ધિરાણ મેળવે છે, વગર વ્યાજે
★ પાક વીમા હવે ફરજિયાત નહીં પણ મરજિયાત, પ્રિમિયમ માટે ૧૧૯૦ કરોડની જોગવાઇ
★ ખેડૂતોને નાના ગોડાઉન માટે ૨૦ હજારની સહાય, ૩૦૦ કરોડની જોગવાઇ,એનએની મંજૂરી લેવી નહીં પડે
★ મુખ્યમંત્રી પશુદાણની નવી યોજના જાહેર, એક લાખ પશુપાલકોને સહાય અપાશે
★ ગાયો માટે શેડ સોલાર રૂફ માટે ૧૦૦ કરોડની ફાળવણી
★ ૧૦ ગામ દીઠ એક સરકારી પશુ દવાખાનુ બનાવવા માટે ૩૫ કરોડની જોગવાઇ
★ મફત પશુ સારવાર માટે ૨૭ કરોડની જોગવાઇ
★ કરૂણા એમ્બ્યુલન્સ સેવા ૩૧ શહેરોમાં શરૂ કરાશે
★ શાકભાજી અને ફળ વેચનારા ૬૫ હજાર લોકોને મોટી સાઇઝની છત્રી અપાશે
★ જામનગરમાં કૃષિ માટે સેન્ટર ઓફ એકસેલન્સ સ્થપાશે
★ માછીમારોને એન્જીન ખરીદવા સહાયની નવી યોજના
★ કૃષિ યુનિ.ઓને સઘન બનાવવા ૭૫૦ કરોડની ફાળવણી
★ સૌની યોજના માટે ૧૭૧૦ કરોડની જોગવાઇ
★ નર્મદાના પૂરના વધારાનું પાણી કચ્છ પહોંચાડવા ૧૦૦ કરોડ
★ કલ્પસર યોજનાના અભ્યાસો પૂરા કરવા માટે ૪૦૦ કરોડની જોગવાઇ
★ કચ્છને એક મિલિયન એકર ફીટ પાણી માટે સરકારનું આયોજન
★ શિક્ષણ વિભાગ માટે ૩૧ હજાર ૯૫૫ કરોડની જોગવાઇ
★ સ્કૂલ ઓફ એકસેલન્સની યોજના
★ એક વર્ષમાં ૭ હજાર નવા ઓરડા બનાવવાની જાહેરાત
★ ધો. ૧થી ૮માં ૪૩ લાખ બાળકોને મધ્યાહન ભોજન યોજના માટે ૯૮૦ કરોડ
★ શિક્ષણના અધિકાર કાયદા હેઠળ પ્રવેશ લેનાર બાળકો માટે ૨૨ હજાર માટે ૫૫૦ કરોડ
★ જ્ઞાનકુંજ યોજના ૧૨૫ કરોડ ફાળવાયા- ૧૫ હજાર વર્ગખંડોમાં વર્ચ્યુઅલ કલાસરૂમની સુવિધા
★ દિવ્યાંગ બાળકો માટે સાધનો પૂરા પાડવા ૫૦ કરોડ
★ કોલેજના ૩ લાખ છાત્રો માટે ટેબલેટ યોજના- ૨૦૦ કરોડ
★ સ્ટડી ઈન ગુજરાત કાર્યક્રમના પ્રચાર માટે માટે ૧૦ કરોડ
★ સ્કૂલ ઓફ ડિફેન્સ ટેકનોલોજી માટે ૭ કરોડ
★ મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના ૯૩૫ કરોડ
★ આરોગ્ય પરિવાર કલ્યાણ માટે ૧૧,૨૪૩ કરોડ
★ આંગણવાડીના બાળકોને પોષણ માટે ફલેવર્ડ દૂધ યોજના ૩૪૨ કરોડ
★ વૃદ્ધાશ્રમોની નિભાવ ગ્રાન્ટ માસિક રૂ.૧૫૦૦થી વધારી રૂ. ૨૧૬૦ કરાશે
★ ક્લાઈમેટ ચેન્જ માટે ૧૦૧૯ કરોડ ની જોગવાઈ
★ મહિલા બાળ વિકાસ માટે ૩૧૫૦ કરોડ ની જોગવાઈ
★ ઉદ્યોગ અને ખાણ માટે ૭૦૧૭ કરોડની જોગવાઈ
★ કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર માટે રૂ ૭૪૨૩ કરોડ
★ પાણી પુરવઠા માટે ૪૩૧૭ કરોડ ની જોગવાઈ
★ કુટીરગ્રામ ઉદ્યોગ માટે ૪૧૧ કરોડની જોગવાઈ
★ ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ માટે રૂ ૧૩૯૧૭ કરોડ
★ બંદર વાહન વ્યવહાર માટે ૧૩૯૭ કરોડ
★ કૃષિ, ખેડૂત, અને સહકાર માટે ૭૪૨૩ કરોડ જોગવાઈ
★ માનવ કલ્યાણ યોજના નાના અને નબળા વર્ગ માટે ૪૮ કરોડ
★ વાજપાયી બેંકેબલ યોજના માટે ૪૧૧ કરોડ
★ પ્રવાસન ૪૮૦ કરોડની જોગવાઈ
★ માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાનના કેસમાં રૂ.૫૦ હજારની જગ્યાએ રૂ.૧ લાખનું વિમા કવચ
★ જળસંપતિ વિભાગ માટે ૭૨૨૦ કરોડ ની જોગવાઈ
★ શિક્ષણ વિભાગ માટે ૩૧ ૯૫૫ કરોડ ની જોગવાઈ
★ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૧ ૨૪૩ કરોડ ની જોગવાઈ
★ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ માટે ૪૩૨૧ કરોડ ની જોગવાઈ
★ આદિ જાતિ વિકાસ વિભાગ માટે ૨૬૭૫ કરોડ ની જોગવાઈ
★ સ્ટેચ્યુ ઓફ યુનિટી ૩૮૭ કરોડ ની જોગવાઈ
★ ખેડૂત તેના ખેતરમાં એનએ કરાવ્યા વિના ગોડાઉન બનાવી શકશે, તે માટે સરકાર ખેડૂત દીઠ ૨૦ હજારની સહાય કરશે
★ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી ને પ્રોત્સાહન આપવા માટે ગાય દીઠ રૂ. ૯૦૦ અને વાર્ષિક ૧૦૫૦૦ સહાય ની જાહેરાત
★ ખેડૂતને ગાયદીઠ નિભાવ ખર્ચ માટે માસિક રૂ.૯૦૦ અપાશે
★ પવિત્ર યાત્રાધામ ૧૪૭ કરોડ
★ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે ૧૩ ૪૪૦ કરોડ ની જોગવાઈ
★ શ્રમ અને રોજગાર વિભાગ માટે ૧૪૬૧ કરોડ ની જોગવાઈ
★ કૃષ્ણ નગરી દ્વારિકાનો વિકાસ ૯૬૨ કરોડ
★ માર્ગ મકાન વિભાગ માટે ૧૦૨૦૦ કરોડ ની જોગવાઈ
★ સૂપોષણ ગુજરાત માટે રૂ ૨૦૦૦ કરોડ
★ સોમનાથ અને દ્વારિકાની એક જ દિવસમાં મુલાકાત લઈ શકાય તે માટે વિમાનસેવા સારું કરવા ૧ કરોડ
★ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે ૧૩૯૭ કરોડ ની જોગવાઈ
★ ઉર્જા અને પેટ્રો કેમિકેલ વિભાગ માટે ૧૩૯૧૭ કરોડ ની જોગવાઈ
★ ખેડૂતો ને રાહત દરે વિજ પુરવઠો મળે તે માટે રૂ ૭૩૮૫ કરોડ સબસિડી
★ ઉડાન યોજના પોરબંદર, મુન્દ્રા,ભાવનગર, અને જામનગરની એર કનેક્ટિવિટી અને કેવડિયા સાબરમતી અને શેત્રુંજય ને વોટરડ્રોમથી જોડવા ૪૫ કરોડ
★ રાજપીપળા, અમરેલી,કેશોદ, મહેસાણા એરપોર્ટ ડેવલોપમેન્ટ માટે ૨૫ કરોડ
★ રાજ્ય ની ૫૦૦ શાળા ને સ્કૂલ ઓફ એક્સઅલેન્સ બનાવા ૨૫૦ કરોડ ની જોગવાઈ
★ વન પર્યાવરણ વિભાગ ૧૭૮૧ કરોડ ની જોગવાઈ
★ વન રક્ષણ અને સંવર્ધન માટે ૨૮૧ કરોડ
★ Gst ની ઓછી આવકની અસર બજેટ માં દેખાઈ, નવી યોજનાઓ નહીં અને ગત વર્ષ કરતા માત્ર ૧૫૦૦૦ કરોડ જ વધુનું બજેટ
★ સર્પ સંશોધન કેન્દ્ર ધરમપુરના વેળાવદર ખડમોર પક્ષી સંવર્ધન
★ દીપડાને રેડિયો કોલર લગાવવા અને આદિવાસી વિસ્તારમાં ડ્રેગન ફ્રુટ ઉછેર માટે ૧૦ કરોડ
★ ગૃહ વિભાગ માટે ૭૫૦૩ કરોડ
★ વિશ્વાસ પ્રોજેક્ટ માટે સીસીટીવી ૧૧૧ કરોડ
★ મહિલાની સુરક્ષા માટે સેફ સીટી પ્રોજેક્ટ ૬૩ કરોડ નિર્ભયા ફંડ
★ પોલીસ આવાસ માટે ૨૮૮ કરોડ
★ અન્ન અને નાગરિક પુરવઠા માટે ૧૨૭૧ કરોડ
★ મધ્યમવર્ગના લોકોને તુવેરદાળ અપાશે
★ ૬૬ લાખ લોકોને વર્ષે ૧૨ કિલો તુવેરદાળ જેના માટે ૨૮૭ કરોડ
★ મહેસુલ વિભાગ માટે ૪૪૭૩ કરોડ ની જોગવાઈ
★ જમીન માપણી માટે ડ્રોન્સ મશીન
★ ગાય, ગામડું અને ગોડાઉન માટે ખાસ સહાય
★ ૧૪૦ નવા સબ સ્ટેશન બનાવશે, એક લાખ ખેડૂતો ને વિજ જોડાણ આપવા રૂ ૧૪૮૯ કરોડ
★ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે ૪૯૭ કરોડ
★ સાયન્સ સીટી માટે ૭૫ કરોડ
★ રાજ્યની દરેક ગ્રામ પંચાયત ને ઓપ્ટિકલ ફાઈબર થી જોડાશે
★ રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ૫૬૦ કરોડ
★ જેટકો ના સબ સ્ટેશન નજીક સરકારી જમીન પર સોલર પ્લાન નાખી ૨૫૦૦મેગા વોટ વિજ ઉત્પાદન રૂ ૪૪૯ કરોડ
★ માહિતી પ્રસારણ માટે ૧૬૯ કરોડ
★ કાયદા વિભાગ માટે ૧૬૮૧ કરોડ
★ પાવર જનરેશન યુનિટ ના આધુનિક બનાવવા રૂ ૧૫૦ કરોડ
★ સામાન્ય વહીવટ ૧૭૬૬ કરોડ
★ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ આધુનિકીકરણ માટે રૂ ૭૧૫ કરોડ
★ નાગરિક ની વ્યક્તિ લક્ષી રજૂઆત જરૂરિયાત સ્થળ પર નિકાલ માટે સેવા સેતુ કાર્યક્રમ
★ એક માસ માટે કુલ ૧૫૦ કિલો ગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય અપાશે...જેનાં માટે ૨૦૦ કરોડની જોગવાય કરાઈ...
★ પાંજરાપોળને અપડેટ કરવાં માટે ૧૦૦ કરોડની જોગવાઈ
★ લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે રૂ. ૧૪૫૦ કરોડની જોગવાઈ.
★ એરોસ્પેસ, ડિફેન્સ સેકટર માટે રૂ. ૯૫૦ કરોડ. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માટે ૯૫ કરોડ
★ સોમનાથ અને દ્વારકા વચ્ચે વિમાન સેવા શરૂ કરવા ૧ કરોડની જોગવાઈ
★ ગીરમાં આંબરડી લાયન સફારી પાર્ક માટે રૂ ૫ કરોડ. નડા બેટના પ્રવાસન ને વેગ આપવા રૂ ૩૫ કરોડ. બાલાસિનોર ડાયનોસર પાર્ક માટે રૂ ૧૦ કરોડ. શુક્લતીર્થ, કબીરવડ, મંગલેશ્વર અને અંગારેશ્વર મેગા સર્કિટ માટે રૂ. ૨૩ કરોડ કેન્દ્ર સરકારે ફાળવ્યા, રાજ્ય સરકારે રૂ ૫ કરોડ ફાળવ્યા.
★ પોળો ફોરેસ્ટના વિકાસ માટે રૂ ૫ કરોડ. વેળાવદર કાળિયાર અભ્યારણ્ય માટે રૂ ૩ કરોડ. જૂનાગઢ ઉપરકોટ, ધોળાવીરા, માતાના મઢ ના વિકાસ માટે રૂ ૨૦ કરોડ. વડનગરને હેરિટેજ શહેર તરીકે વિકસાવવા રૂ ૨૦૦ કરોડ. શિવરાજપુર બીચના વિકાસ માટે રૂ ૧૫૦ કરોડના કામ.
★ નવા ૮૫ હજાર આવાસોના નિર્માણ માટે રૂ.૧૧૦૦ કરોડની જોગવાઈ
★ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ. ૧૩૯૧૭ કરોડની જોગવાઈ
★ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના માટે રૂ.૪૯૦ કરોડની જોગવાઈ
★ ગ્રામ પંચાયતોને હાઈસ્પીડ ઈન્ટરનેટ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ
★ પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૯૦૯૧ કરોડની જોગવાઈ

હર ઘર જલ યોજના

જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલના સૂત્ર સાથે વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યમાં બાકી રહેલા ૧૭ લાખ ઘરમાં નળ જોડાણ દ્વારા પીવાનું પાણી પૂરુ પાડવાનું આયોજન છે. જેથી તે માટે સરકારે ૭૨૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

સ્વતંત્ર પાણી પૂરવઠા યોજના

આગામી ત્રણ વર્ષમાં ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પૂરવઠા યોજના હેઠળ દરેક ગામને પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પૂરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યુ છે. સ્વતંત્ર પાણી પૂરવઠા યોજનાવાળા ગામને જૂથ પાણી પૂરવઠા યોજના હેઠળ આવરી લેવા માટે આગામી ત્રણ વર્ષ માટે ૯૩૦૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામા આવ્યુ છે. જેમાં ૪૬૩૫ ગામની ૧.૨૫ કરોડ વસ્તીને લાભ થશે. જેનો લાભ ૨૨૦૦ ગામના ૫૦ લાખ આદિવાસી નાગરિકોને પણ મળશે. જેથી તેમની પાણીની સમસ્યાનું પણ નિવારણ થઈ શકશે.

નળથી જલ અભિયાન

આ યોજના અંતર્ગત ઘરે-ઘરે પાણી પહોંચાડવા માટે ફળિયાઓને મુખ્ય ગામના સમ્પથી જોડવાનુ, ફળિયાઓને પોતાના ગામ ખાતે જરૂરિયાત મુજબની સંગ્રહ ક્ષમતા ઊભી કરવા માટે આગામી બે વર્ષમાં ૧ હજાર કરોડ રૂપિયાના કામ હાથ ધરવામાં આવશે. જે થકી લગભગ ૮ હજાર ફળિયાઓને મુખ્ય ગામો સાથે જોડવામાં આવશે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં બલ્ક પાઈપલાઈન

સૌરાષ્ટ્ર અને કચ્છને ભવિષ્યમાં પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ, બુધેલ-બોરડા, ચાવંડ-ધરાઈ-ભેસાણ અને ચાવંડ-લાઠી બલ્ક પાઈપલાઈનના કુલ ૧૪૦૦ કરોડ રૂપિયાના કામ શરૂ કરવામાં આવશે. જે માટે સરકારે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

આદિજાતી વિસ્તાર પેટા યોજના

આદિજાતિ વિસ્તારના મહીસાગર, અરવલ્લી, તાપી, પંચમહાલ, દાહોદ તથા નર્મદા જિલ્લાની કુલ ૨૨ લાખ વસ્તીને સમાવેશ કરતી ૧૭૦૦ કરોડ રૂપિયાની ૮ જૂથ પાણી પૂરવઠા યોજનાઓ પૂર્ણતાના આરે છે. ત્યારે આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ પાણી પૂરવઠાના બાકી કામ માટે ૮૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આી છે.

ડીસેલીનેશન પ્લાન્ટ યોજના

સૌરાષ્ટ્ર અને કચ્છના છેવાડાના ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે કચ્છના માંડવી, દ્વારકા, ગીરસોમનાથ, ઘોઘા અને તેની આજુબાજુના વિસ્તારમાં ૨૭ કરોડ લીટર ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના આગામી બે વર્ષ દરમિયાન આ પ્લાન્ટના કેપિટલ ફાળા તરીકે ૧૦૮૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર

આ નીતિ અંતર્ગત વડોદરા, જામનગર, ગાંધીનગર અને ભાવનગર ખાતે ગંદા પાણીને ટ્રીટ કરી તેના પુનઃઉપયોગના પ્રોજેક્ટ પ્રગતિમા છે. જેથી રાજ્યના અન્ય શહેરોમાં આ યોજનાનો લાભ વધારવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી વિતરણ

ગાંધીનગર શહેરમાં ૨૪ કલાક પાણી વિતરણ કરવા માટે ૨૪૦ કરોડ રૂપિયાની યોજનાની જોગવાઈ કરવામાં આવી છે.

શિક્ષણ વિભાગ માટે કુલ ૩૧,૯૫૫ કરોડની જોગવાઈ

● ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવાશે
● આ વર્ષે પ્રાથમિક શાળાઓના નવા ૭,૦૦૦ વર્ગખંડોનું બાંધકામ હાથ ધરવામાં આવશે જે માટે રૂ. ૬૫૦ કરોડની ફાળવણી

ગાંધીનગર

ગુજરાત સરકારના બજેટમાં શિક્ષણ વિભાગ માટે કુલ ૩૧,૯૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સરકારી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સ્કૂલ ઓફ એક્સલન્સ યોજના. ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવાશે. શાળાઓમાં સુવિધાઓ માટે ૨૫૦ કરોડની જોગવાઈ. પ્રાથમિક શાળાઓમાં ૭૦૦૦ વર્ગખંડોનું બાંધકામ થશે. ૭૦૦૦ વર્ગખંડો માટે ૬૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. શાળાઓમાં ઓનલાઈન રિયલ ટાઈમ મોનિટરિંગ કરાશે. રિયલ ટાઈમ મોનિટરિંગ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર માટે ૧૮૮ કરોડની જોગવાઈ. મધ્યાહન ભોજન યોજના માટે અન્ન સંગમ યોજના. અન્ન સંગમ યોજના માટે ૯૮૦ કરોડની જોગવાઈ. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ૫૫૦ કરોડ. વર્ચ્યૂઅલ ક્લાસરૂમ-જ્ઞાનકુંજ સવલત માટે ૧૨૫ કરોડ. વ્યારામાં ૧૪ કરોડના ખર્ચે નવું જિલ્લા શિક્ષણ-તાલીમ ભવન.

કોલેજમાં ૩ લાખ વિદ્યાર્થીઓને ટેબલેટ યોજના

ટેબલેટ યોજના માટે ૨૦૦ કરોડની જોગવાઈ. ટેક્નિકલ શિક્ષણ સંસ્થાઓમાં બાંધકામ-મરામત માટે ૧૫૫ કરોડ. સરકારી યુનિવર્સિટીઓના બાંધકામ-ભવન નિર્માણ માટે ૨૪૬ કરોડ. સ્ટડી ઈન ગુજરાત કાર્યક્રમ માટે ૧૦ કરોડની જોગવાઈ. કાછલ-મહુવા, ડેડીયાપાડ, ખેરગામ કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થશે. નવી ૭ ગ્રાન્ટ ઈન એઈડ વિજ્ઞાન પ્રવાહ કોલેજ શરૂ થશે. ડિપાર્ટમેન્ટ ઓફ એડવાન્સ ડિફેન્સ ટેક્નોલોજીનો અભ્યાસક્રમ માટે ૧૨ કરોડની જોગવાઈ.

દિનકર યોજનાની જાહેરાત

★ આગામી ૩ વર્ષ સુધીમાં ખેડૂતોને સિંચાઈ માટે દિવસે વીજળી અપાશે
★ ટ્રાન્સમિશન નેટવર્કને સુદ્રઢ કરવા રૂ.૩૫૦૦ કરોડનું આયોજન
★ એક લાખ કૃષિ વિષયક વીજ જોડાણ માટે રૂ.૧૪૮૯ કરોડ
★ ખેડૂતોને રાહત દરે વીજ પુરવઠામાં સબસિડી માટે રૂ.૭૩૮૫ કરોડ
★ સૂર્ય ગુજરાત યોજના હેઠળ સોલર રૂફટોપ માટે રૂ.૯૧૨ કરોડ
★ તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્કસને વિનામૂલ્યે વીજળી અપાશે
★ ૧૪૦ નવા સબસ્ટેશનો સ્થાપવા માટે રૂ.૪૨૧ કરોડની જગવાઈ
★ પ્રધાનમંત્રી કુસુમ યોજના અંતર્ગત રૂ.૧૨૫ કરોડ
★ ૧૮૫૦૦ ગ્રીડ કનેક્ટેડ પંપને સોલારાઈઝ કરાશે
★ રાજ્યના ૪૬૨૫૦ પરિવારને વીજજોડાણ માટે રૂ.૨૫ કરોડ
★ ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ માટે રૂ.૧૩૯૧૭ કરોડ
★ કચ્છમાં દુનિયાના સૌથી મોટા હાઈબ્રીડ પાર્કનું નિર્માણ
★ પવન ઊર્જાથી વાર્ષિક ૨૫૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન

સડક નિર્માણ અને ફલાયઓવર બનશે

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાઓને ડામવા માટે રાજ્ય સરકારે આ બજેટમાં ફલાય ઓવરનું નિર્માણ કરવાની જાહેરાત કરી હતી. સડક નિર્માણ માટે નાણામંત્રી નીતિન પટેલે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ સાથે જ ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે. કુલ ૫૦૦ કરોડ રૂપિયા ફલાય ઓવર બનાવવા માટે આપવામાં આવ્યા છે.

સ્માર્ટ ટાઉન બનાવવા શહેર દીઠ ૨૦ કરોડ રૂપિયા - શહેરો વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું થાય આ માટે સ્માર્ટ ટાઉન હેઠળ અ અને બ વર્ગની નગરપાલિકાઓમાંથી સ્પર્ધા દ્વારા પસંદ કરવામાં આવેલ પાંચ નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે પ્રતિ વર્ષ રૂપિયા ૨૦ કરોડલેખે ૧૦૦ કરોડ ફાળવવામાં આવશે. જેથી પાંચ મહાનગરોને ૨૦ કરોડ રૂપિયા ઉપરથી મહાનગરોની સૌથી મોટી સમસ્યા તળાવ અથવા તો નદીમાં કચરો ભરાઈ જવાની છે. જેને કાઢવા માટે મહાનગરપાલિકાઓને ટાંચા સાધનો ખરીદવા રૂપિયા ૧૫ કરોડ રૂપિયા આપવામાં આવશે.

સ્વચ્છ ભારત મિશન - સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજ્યના નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂર્ણ પાડવા માટે ૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. તો રેલવે ફાટકો પર ઓવરબ્રીજ અથવા અન્ડરબ્રીજ બનાવવા ૨૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

૧૫ લાખ રૂપિયામાંથી એક લાખ સરકાર આપશે - ભાજપની સરકાર સૌને પોત પોતાનું ઘર આપવાની વાતો કરે છે. ૨૦૨૨ સુધીમાં સૌને પોતાનું ઘર હોય આ માટેનો રાજ્ય સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યોછે. આ માટેપ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છ લાખ આવાસોને મંજૂર કરવામાં આવતા. કુલ ૮૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તોઆર્થિક રીતે પછાત હોય તેવા લોકોને પંદર લાખ રૂપિયાની મર્યાદામાં આવાસની ખરીદી કરશે, રાજ્ય સરકાર તરફથી એક લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. જેથી ઘરનું ઘર ખરીદનારા લોકો માટેઆ બજેટમાં એક ખુશ ખબર લઈને આવ્યું છે.

મેટ્રો પ્રોજેક્ટને પણ મળી આ ભેટ - સુરતના મેટ્રો પ્રોજેક્ટ અંગે વાત કરતા નાયબ મુખ્યપ્રધાન અને નાણામંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, આ પ્રોજેક્ટની શરૂઆત માટે તેમજ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોની કામગીરી આગળ ધપાવવા માટે કુલ ૪૦૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ભાડભૂત બેરેજ - જમીનની ખારાશ અટકાવવા તથા ભૂગર્ભજળની ગુણવત્ત સુધારવા માટે ભાડભૂત બેરેજની કામગીરી શરૂ કરવા તથા કલ્પસર યોજના અંતર્ગત અભ્યાસો પૂર્ણ કરવા માટે કુલ ૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

શ્રમિકોને મુસાફરી સહાય યોજના

આ યોજના હેઠળ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના અંદાજે ૧,૨૦ લાખ બાંધકામ શ્રમિકોને કડિયાનાકા તેમજ કામના સ્થળે સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય આપવામાં આવશે. આ સહાય માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી. સિટી બસમાં મુસાફરી ખર્ચમાં સહાયથી લઈને મહિલા બાંધકામ શ્રમિકોને પ્રસૂતિ સહાય સુધીની જાહેરાત કરવામાં આવી છે.

આ વખતે બજેટમાં શ્રમિકો માટે શું

- બાંધકામ શ્રમિકોને હાઉસિંગ સબસિડી યોજના હેઠળ બેંકમાંથી લીધેલી લોન ઉપર પાંચ વર્ષ સુધી પ્રતિ વર્ષ ૨૦ હજાર રૂપિયાની વ્યાજ સહાય આપવામાં આવશે.
- મહિલા બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે ૨૭,૫૦૦ આપવામાં આવશે. આ માટે છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ એમ કુલ ચાર માસ સુધી મહિને ૫ હજારની સહાય અપાશે.
- બાંધકામ શ્રમિકોને આરોગ્ય વિષયક સુવિધાઓ માટે વધુ ૧૬ આરોગ્ય રથની સુવિધા પૂરી પાડવા ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- બાંધકામ શ્રમિકોને યુ-વીન કાર્ડ ધારકોને પણ શ્રમિક અન્નપૂર્ણ યોજનાનો લાભ આપવામાં આવશે. આ માટે ૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- બાંધકામ શ્રમિકોને કામના સ્થળેથી સિટી બસ મારફતે જવા-આવવા માટે મુસાફરી ખર્ચમાં સહાય અપાશે. આ માટે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- શહેરોમાં ફરીને પ્લાસ્ટિક વીણવાનું કામ કરનાર રેગપિકર્સ શ્રમજીવીઓને સહાય અને અન્ય કામો માટે ૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી.

- **કોલ્ડ સ્ટોરેજનો વીજ કર ૨૦ ટકાથી ઘટાડી ૧૦ ટકા, વેપાર અને વાણિજ્ય વર્ગના વીજ દરને ૨૫થી ઘટાડી ૨૦ ટકા કરાયો**
- **ધાર્મિક સ્થળોએ પરનો વીજ કર હાલ ૨૫ ટકા છે જે ઘટાડીને ગ્રામ્ય વિસ્તારોમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારોમાં ૧૫ ટકા**
- **ધર્મશાળા પર ૨૫ ટકાથી ઘટાડીને ૧૫ અને ૧૦ ટકા કરાયો**
- **૨૨૦૦ કરોડની મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજનાની જાહેરાત**
- **દરેક પશુપાલકને તેમની એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય**
- **દૂધ ઉત્પાદક મંડળીઓના અંદાજિત ૧૫ લાખ સભાસદ પશુપાલકોને લાભ મળશે, જે માટે કુલ ૨૨૦૦ કરોડની જોગવાઈ.**
- **રજિસ્ટર્ડ પાંજરાપોળોને એક વખતની માળખાકીય સહાય માટે કુલ ૨૧૦૦ કરોડની જોગવાઈ.**
- **પશુપાલકોને ડેરી ફાર્મ, પશુ એકમ અને બકરા એકમ સ્થાપવા સહાય માટે ૨૮૧ કરોડની જોગવાઈ.**
- **રાજ્યભરમાં ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનાની સેવાઓ માટે ૨૩૫ કરોડની જોગવાઈ.**
- **હિંમતનગર નજીક રાજપુર નવા ખાતે નવી વેટરનરી કોલેજ. મત્સ્યોદ્યોગ અનુસ્નાતક અભ્યાસ કેન્દ્ર, પશુ સારવાર સંસ્થાઓ અને ઘનિષ્ઠ પશુ સુધારણાની કચેરીઓ માટે ૪૩ કરોડની જોગવાઈ.**
- **દેશી ગીર અને કાંકરેજ ગાયના સંવર્ધનની વિવિધ પ્રવૃતિઓ માટે ૨૩૨ કરોડની જોગવાઈ**
- **મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે ૨૭ કરોડની જોગવાઈ.**
- **મંગા પશુપક્ષીઓની સારવાર માટે કરુણા એમ્બ્યુલન્સ ૧૯૬૨ની સેવા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને મહેસાણામાં સુદઢ કરવા કુલ ૧૩ કરોડની જોગવાઈ**

એસટી વોલ્વો ભાડે રાખી સરકારે છેલ્લા ૨ વર્ષમાં ૭૯ કરોડ ચૂકવ્યાં

ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય લલિત કાગથરાએ પ્રશ્નોત્તરીમાં સવાલ કર્યો હતો કે, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમે વોલ્વો અને એ.સી. બસ ભાડે લેવા માટે એજન્સીઓને કેટલા રૂપિયા ચૂકવે છે. જેમાં છેલ્લા ૨ વર્ષમાં સરકારે કુલ ૭૯ કરોડ રૂપિયાનું ભાડું ચુકવ્યું છે. સરકારે જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, એ.સી. બસ અને વોલ્વો માટે રાજ્ય સરકારે ૫ જેટલી એજન્સીઓ સાથે કરાર કર્યા છે. જેમાં કોન્ડુસ્કર ટ્રાવેલ્સ, સાંઈ ટ્રાવેલસ, મોર્ડન ટ્રાવેલ્સ, ચાર્ટડ સ્પીડ, અને આદિનાથ બલ્ક સાથે વિશેષ કરાર કરવામાં આવ્યાં છે. જેમાં સરકાર દ્વારા કિલોમીટર દીઠ અલગ અલગ ભાડાની ચૂકવણી કરવામાં આવી છે.

આમ, રાજ્ય સરકાર દ્વારા કુલ ૫ એજન્સીઓ પાસેથી ૨૨૧થી વધુ વોલ્વો અને એસ.સિમ વોલ્વો બસ કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો છે. જેમાં સરકારે ફક્ત ૨ વર્ષમાં ૭૯ કરોડ ભાડા પેટે ચૂકવ્યા છે. જ્યારે ૧ જાન્યુઆરી ૨૦૧૮થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં સરકારે નવી બસો લેવા માટે ૨૪૨.૦૩ કરોડ અને વર્ષ ૨૦૧૯માં ૧૧૦.૩૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતાં. જેમાં વર્ષ ૨૦૧૮માં ૨૧૧૯ અને વર્ષ ૨૦૧૯માં ૧૬૯૦ બસો ખરીદીવામાં આવી છે, પંરતુ તે મુજબ જોઈએ તો એક પણ સરકારી એ.સી. બસો કે વોલ્વો બસોની ખરીદી કરવામાં ન આવી હોવાનું પણ સામે આવ્યું છે.

મીઠાઈના બોક્સ પર ઉત્પાદન તારીખ અને બેસ્ટ બિફોર લખવું ફરજીયાત

ન્યુ દિલ્હી

પેકીંગ કરેલી મીઠાઈના પેકેટ, છુટક અથવા તો પેકેજ્ડ મીઠાઈ અને અન્ય ઉત્પાદન પર ૧ જૂન પહેલા વાપરવી સારી' એવું લખવું ફરજીયાત બની જશે. સ્થાનિક મિઠાઈ ઉત્પાદકો અને વિક્રતાઓએ પણ આની પર ફરજીયાત અમલ કરવો પડશે. હાલમાં પેકેટ અથવા લેબલ પર આ પ્રકારની વિગતો લખવી ફરજીયાત નથી. ગ્રાહકોના આરોગ્ય માટે જોખમી એવી એકેસ્પાયરી ડેટ પછીની પણ મીઠાઈ વેચવાના દાખલા સામે આવતા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આ આદેશ જારી કરાયો હતો. જાહેર પ્રજાના લાભાર્થે અને ખોરાકની સલામતી માટે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે છુટક અથવા નોન-પેકેજ્ડ મીઠાઈ, થાળી કે પછી ડબામાં મૂકેલી મીઠાઈના પેકેટ પર 'ઉત્પાદન તારીખ'અને 'આ તારીખ પહેલા વાપરવી શ્રેષ્ઠ'ના લેબલ લગાવવા પડશે' એમ લખવામાં આવ્યું હતું. આ ઓર્ડર પહેલી જૂન, ૨૦૨૦થી અમલી બનશે, એમ તેમાં ઉમેરવામાં આવ્યું હતું. સત્તાવાળાઓએ કહ્યું હતું કે ખાધ પધાર્થના વિક્રેતાઓએ આ અંગેનો નિર્ણય લેવો જોઈએ અને સ્થાનિક સંજોગો અને ઉત્પાદનના પ્રકાર પર આધારીત મીઠાઈ પર 'આ તારીખ પહેલાં વાપરવી શ્રેષ્ઠ' લેબલ લગાડવા પડશે. રાજયોના ફુડ સેફટી કમિશનરોને આ ઓર્ડર પર ચુસ્તપણે અમલ કરાય તે જોવા કહેવામાં આવ્યું હતું.

બોલો..ગોવાની સ્કૂલમાં વિદ્યાર્થીઓને ઝોકા ખાવા માટે સ્પેશિયલ બ્રેક મળશે..!!

પણજી

ગોવાની સ્કૂલોમાં આવતા મહિને ફિટનેસ વીક ઉજવવામાં આવનારા છે, જેના ભાગરૂપે વિદ્યાર્થીઓને પૂરતી ઊંઘ લેવા માટે પ્રેરિત કરવામાં આવશે. રાજયના ડિરેકટર ઓફ એજયુકેશન દ્વારા સ્કૂલોને 'માઈન્ડફુલનેસ એકિટવિટીઝ' અંતર્ગત વિદ્યાર્થીઓને પાંચ મિનિટ સૂવા દેવાનું સૂચન કરવામાં આવ્યું છે. દેશભરમાં લોન્ચ કરાયેલા ફીટ ઈન્ડિયા મુવમેન્ટના ભાગરૂપે સ્કૂલોને દરરોજ વિદ્યાર્થીઓને કસરત કરાવવાનું કહેવાયું છે. સ્કૂલોને વિવિધ એકિટવિટીઝ માટેની માસિક થીમ પણ આપી દેવાઈ છે. આખા ફેબ્રુઆરી મહિના દરમિયાન સ્કૂલોને 'મેજિકલ મંડે'ઉજવવા કહેવાયું હતું.

શહેરી વિકાસ માટે રૂ.૧૩૪૪૦ કરોડની જોગવાઈ

★ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી યોજના માટે રૂ.૪૫૪૪ કરોડ
★ ભૂગર્ભ ગટર, પાણી પુરવઠા માટે રૂ.૧૧૬૯ કરોડ
★ નગરપાલિકાઓને પાણી વિતરણ માટે રૂ.૫૦૦ કરોડ
★ મુખ્યમંત્રી સડક યોજના હેઠળ રૂ.૫૦૦ કરોડની જોગવાઈ
★ ટ્રાફિક સમસ્યા નિવારવા ફ્લાયઓવર માટે રૂ.૫૦૦ કરોડ
★ જળકુંભી કાઢવા મનપાને સાધન ખરીદવા રૂ.૧૫ કરોડ
★ અમૃત યોજના હેઠળ ૮ મનપા, ૨૩ નપાને રૂ.૮૦૦ કરોડ
★ સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ૬ શહેરો માટે રૂ.૫૯૭ કરોડ
★ ડાયમંડ સિટી સુરતના મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ.૪૦૬ કરોડ
★ ફાયર સ્ટેશનો ખાતે આધુનિક સાધનો વસાવવા રૂ.૧૦૬ કરોડ
★ ગિફ્ટ સીટી આંતરરાષ્ટ્રીય કક્ષાનું ફાયનાન્શિયલ હબ બનશે
★ આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જની સ્થાપનાથી રોજગારી વધશે
★ ગિફ્ટ સિટી માટે શેરમૂડી ફાળા પેટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ

ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ માટે રૂ.૧૦૧૯ કરોડની જોગવાઈ

★ સરકારી શાળાઓમાં ૨૨૫૦૦ LED, ૨૩૦૦૦ પંખાઓ માટે રૂ.૬ કરોડ
★ સરકારી હોસ્ટેલો, વિશ્રામ ગૃહ, યાત્રાધામોમાં હોટ વોટર સિસ્ટમ
★ સૌર ઊર્જા આધારિત હોટ વોટર સિસ્ટમ નાખવામાં આવશે
★ ૮૦૦ ઈ—રીક્ષા માટે પ્રતિ રીક્ષા રૂ.૪૦ હજારની સહાય અપાશે
★ ૧૦૦૦ બેટરીથી ચાલતા ટ્રિચક્રી વાહન માટે પ્રતિ વાહન રૂ.૧૦ હજારની સહાય

લારી-ગલ્લાવાળાઓ માટે રૂ.૮ કરોડની જોગવાઈ

હજારો લારીવાળા ભાઈ બહેનો રોડની સાઈડમાં કે ખુલ્લી જગ્યામાં ઊભા રહી ફળફળાદી, શાકભાજી વગેરેનું વેચાણ કરે છે. ત્યારે આ નાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતાં ફળફળાદી, શાકભાજી બગડી ન જાય તે માટે મોટી સાઈઝની છત્રીઓ આપવામાં આવશે. આવા અંદાજે ૬૫ હજાર છૂટક વેચાણકારો માટે રૂ.૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલા બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય

મહિલા બાંધકામ શ્રમિકોને સગર્ભા અવસ્થા દરમિયાન છેલ્લા બે માસ અને પ્રસૂતિ બાદના બે માસ એમ કુલ ચાર માસ સુધી માસિક ૫ હજારની સહાય આપવામાં આવશે. આમ મહિલા બાંધકામ શ્રમિકોને બે બાળકો સુધી પ્રસૂતિ સહાય પેટે કુલ ૨૭,૫૦૦ આપવામાં આવશે. આ માટે ૬ કરોડની જોગવાઈ કરવામાં આવી.

વિદેશમાં વસતા ગુજરાતના યુવાનો માટે ગુજરાતને જાણો નામની યોજના જાહેર

વિદેશમાં વસતા ગુજરાતના યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આપણી માતૃભાષા, સંસ્કૃતિ અને ભવ્ય વારસાનો પરિચય મેળવી શકે તે માટે ગુજરાતને જાણો નામની નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાન થવાના કેસમાં રૂ.૫૦ હજારનું વિમા કવચ આપવામાં આવતું હતું. જેને રાજ્ય સરકારે વધારીને રૂ.૧ લાખનું કર્યું છે.

સમૂહ લગ્નના પ્રોત્સહન આપવા સંસ્થાઓની સહાયમાં વધારો

સમૂહ લગ્નોને પ્રોત્સાહન મળે તે માટે સાત ફેરા સમૂહ લગ્ન યોજના અમલમાં છે. આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ તથા વિકસતી જાતિની સંસ્થાઓને ૨૫ યુગલની મર્યાદામાં યુગલદીઠ રૂ ૨૦૦૦ તથા યુગલોને રૂ.૧૦,૦૦૦ આપવામાં આવે છે. તેના બદલે હવે સંસ્થાઓને યુગલદીઠ રૂ. ૩૦૦૦ તથા યુગલોને રૂ.૧૨,૦૦૦ સહાય આપવામાં આવશે . જે માટે કુલ રૂ.૯ કરોડની જોગવાઇ.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની જાહેરાત

મહિલા જૂથને રૂ.૧ લાખના ધિરાણ પર સંપૂર્ણ વ્યાજમાફી સરકારે યોજના હેઠળ રૂ.૧૯૩ કરોડની જોગવાઈ કરી

મહિલા-બાળ વિકાસ માટે ૩૧૫૦ કરોડની જોગવાઈ

● ૫૩,૦૨૯ આંગણવાડીમાં સ્માર્ટ ફોન-ગ્રોથ ડિવાઈસ માટે ૫૫ કરોડ ● શહેરોમાં આંગણવાડી વધારવા ૩૫ કરોડ, 'વ્હાલી દીકરી' માટે ૫૦ કરોડ ● ૫ લાખ વિધવા બહેનોની સહાય રકમ વધારી માસિક રૂ. ૧૦૦૦ કરાઈ ● આંગણવાડી-પ્રા. શાળાના વિદ્યાર્થીઓને ફ્લેવર્ડ દૂધ માટે ૩૪૨ કરોડ

નવસારી,પોરબંદર,રાજપીપળા ખાતે મેડિકલ કોલેજ બનશે

કેન્દ્ર સરકારે આરોગ્ય સેવાઓને વધુ સઘન બનાવવા તેમજ એમ.બી.બી.એસ ની હયાત સીટમાં વધારો કરવા ગુજરાતમાં આ વર્ષે ત્રણ નવી મેડિકલ કોલેજોની જાહેરાત કરી છે. જેમાં નવસારી, રાજપીપળા અને પોરબંદર ખાતે શરૂ કરવાની મંજૂરી આપી છે. જેથી હવે રાજ્યમાં કુલ ૩૨ મેડિકલ કોલેજો થશે. આ ત્રણેય શહેરોની હયાત સરકારી હોસ્પિટલોને મેડિકલ કોલેજ સમકક્ષ બનાવવા અને નવી કોલેજ, હોસ્ટેલ વગેરેના નિર્માણ માટે જોગવાઈ રૂ.૧૨૫ કરોડ ફાળવાયા છે. પીડીયુ કોલેજ, રાજકોટ તથા મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે એમબીબીએસની ૧૦૦ અને અનુસ્નાતકની ૬૪ સીટનો વધારો કરવાના આનુષંગિક કામો માટે ૭૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

કોંગ્રેસનો આક્ષેપ... ૨૫ હજાર કરોડની પાક નુકસાની સામે ખેડૂતોને રૂ.૧૨૨૯ કરોડ જ ચૂકવ્યા

બજેટ રજુ થયા પહેલા વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ... સરકારે લેખિતમાં જવાબ આપ્યા

ગાંધીનગર

નીતિન પટેલ બજેટ રજૂ કરે તે પહેલાં વિધાનસભામાં એક કલાકનો પ્રશ્નોતરીકાળ રાખવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસે ખેડૂતોના નુકસાનની સહાય સહિત વિવિધ પ્રશ્નો પુછ્યા હતા. તો ખેડૂતોની આત્મહત્યા અંગેનો સવાલ પણ વિધાનસભામાં પુછવામાં આવ્યો હતો. વિવિધ પ્રશ્નોનાં સરકારે જવાબ આપ્યા હતા. ખેડૂતોની આત્મહત્યા, પાક વીમા કંપનીઓની ફરિયાદ, ખેડૂતોનાં નુકસાનની ચૂકવણી સહિત અનેક સવાલોનાં સરકારે લેખિતમાં જવાબ આપ્યા હતા.

પ્રશ્નોતરીકાળ દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યોએ કૃષિમંત્રીને ૨૦૧૯ના કમોસમી વરસાદને કારણે થયેલા ખેતીના પાકોમાં થયેલા નુકસાન અંગે પણ પ્રશ્ન પૂછ્યો હતો. જેમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, રૂ.૨૫ હજાર કરોડની નુકસાની સામે રૂ.૧૨૨૯ કરોડની જ સહાય ચૂકવી હોવાનો ખુલાસો થયો હતો.

પ્રશ્નોતરીકાળ દરમિયાન રાજ્યમાં ખેડૂતોના આપઘાતના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. દેવભૂમિ દ્વારકામાં ૨ વર્ષમાં ૪ ખેડૂતોનો આપઘાત, જૂનાગઢમાં ૨ વર્ષમાં ૩ ખેડૂતનો આપઘાત, પોરબંદરમાં ૧, સાબરકાંઠામાં ૧ ખેડૂતનો આપઘાત જ્યારે સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૨ ખેડૂતોએ આપઘાત કર્યો હોવાનું સરકારે જાહેર કર્યું હતું.

રાજ્યના માર્ગ વાહન વ્યવહાર નિગમને કરોડોની આવક છતાં ખોટ યથાવત હોવાનું પણ સામે આવ્યું છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૨૩૧૭ કરોડની આવક સામે રૂ.૮૬૬ કરોડની ખોટ થઈ હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૨૫૪૦ કરોડની આવક સામે રૂ.૧૦૧૭ કરોડની ખોટ થઈ હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૨૨૪૯ કરોડની આવક સામે રૂ.૭૪૮ કરોડની ખોટ વાહન વ્યવહાર નિગમને થઈ હતી.

વીમા કંપનીઓ સામે ખેડૂતોએ બાંયો ચઢાવી આંદોલનોની વણઝાર લગાવી હતી. પણ વિધાનસભામાં વીમા કંપનીઓને લઈ ચોંકાવનારી માહિતી સામે આવી હતી. છેલ્લા બે વર્ષમાં વીમા કંપની સામે છેતરપીંડીની કોઈ ફરિયાદ નહીં હોવાનું સરકારે જણાવ્યું હતું. વીમા કંપનીએ ખેડૂત સાથે છેતરપીંડી કરી હોય એવી સરકારને ફરિયાદ જ ના મળી હોવાનો સરકારે જવાબ રજૂ કર્યો હતો. જો કે વીમા કંપનીએ બેદરકારી દાખવી હોય એવી સરકારને ૧૨ ફરિયાદો મળી છે. અને આ માટે સરકારે માત્ર માર્ગદર્શિકા મુજબ કામ કરવા વીમા કંપનીઓને સૂચના આપી છે. વિધાનસભા પ્રશ્નોત્તરીમાં ઋત્વિક મકવાણાના પ્રશ્નમાં સરકારે આ જવાબ આપ્યો હતો.

બીપીએલ કાર્ડધારકોના એક પ્રશ્નનાં જવાબમાં સરકારે જવાબ આપતાં જણાવ્યું કે, રાજ્યનાં ચાર જિલ્લાઓમાં બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યામાં વધારો નોંધાયો છે. અમરેલી, બનાસકાંઠા, અમદાવાદ અને પાટણમાં બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યા વધી છે. સરકારનાં ગરીબી દૂર કરવાના દાવાઓ વચ્ચે ગરીબોની સંખ્યામાં વધારો થોયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ચાર જિલ્લામાં ૩૬૩૫ બીપીએલ ધારકોનો વધારો થયો હતો. સૌથી વધારે અમરેલી જિલ્લામાં ૨૭૮૦ બીપીએલ ધારકો વધ્યા છે.

છેલ્લા ૨ વર્ષમાં રાજ્ય સરકારે સરકારી કાર્યક્રમો માટે એસટી બસો ભાડે લીધી તેની માહિતી પણ જાહેર કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૮માં રૂ.૬૫.૨૧ લાખના ભાડા સામે રૂ.૪૬.૨૧ લાખ સરકારે ચૂકવ્યા હતા. વર્ષ ૨૦૧૮ના ભાડા પેટે રૂ. ૧૯ લાખની ચુકવણી બાકી છે. વર્ષ ૨૦૧૯માં રૂ.૧.૯૫ કરોડના ભાડા સામે રૂ.૧.૧૧ કરોડ સરકારે ચૂકવ્યા છે તો વર્ષ ૨૦૧૯ના ભાડા પેટે રૂ.૮૪ લાખ ચૂકવવાના હજુ બાકી છે. કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખના સવાલમાં સરકારે લેખિત જવાબ આપ્યો હતો.

અમદાવાદની આરટીઓ કચેરીમાં મહેકમ ખાલી હોવાનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે. સુભાષબ્રિજ આરટીઓ કચેરીમાં મંજૂર થયેલું મહેકમ ૨૧૯ સામે ૧૩૬ સ્ટાફ ભરાયેલો હોવાનો સ્વીકાર કર્યો છે તો ૮૩ જગ્યાઓ ખાલી હોવાનું સરકારે સ્વીકાર કર્યો છે. આજ રીતે વસ્ત્રાલ આરટીઓમાં મંજૂર થયેલી ૬૧ જગ્યાઓ સામે ૩૭ જગ્યાઓ જ ભરાયેલી હોવાની વાતનો પણ સ્વીકાર કર્યો છે જ્યારે વસ્ત્રાલ આરટીઓમાં ૨૩ જગ્યાઓ ખાલી હોવાનો લેખિત જવાબ આપવામાં આવ્યો છે.

છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના ભોજન બિલમાં રૂ.૩૦૦નો વધારો

અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના ભોજન બિલ સહાયમાં પણ રાજ્ય સરકારે વધારો કર્યો છે. જેમાં હાલમાં માસિક રૂ.૧૨૦૦ની સહાય આપવામાં આવે છે. જેને વધારીને રૂ.૧૫૦૦ કરવામાં આવશે. જે માટે રૂ ૨૧ કરોડની જોગવાઇ કરી છે. આદર્શ નિવાસી શાળાના અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિના વિદ્યાર્થીઓને બુટ મોજા પેટે આપવામાં આવતી સહાયમાં પણ રૂ.૨૦૦નો વધારો કરી હવેથી રૂ.૪૦૦ આપવામાં આવશે. જ્યારે વિચરતી જાતિની ધોરણ ૯માં અભ્યાસ કરતી અંદાજે ૧.૬૦ લાખ વિદ્યાર્થિનીઓ અને અનુસૂચિત જાતિની ૨૨,૫૦૦ વિદ્યાર્થિનીઓને વિના મૂલ્યે સાયકલ આપવા રૂ.૮૦ કરોડની જોગવાઇ કરી છે.

...જ્યારે નાણાંમંત્રીએ ગંભીર બજેટ વખતે સૌને ખડખડાટ હસાવ્યા

બજેટ વાંચન દરમિયાન નીતિન પટેલે ઘણી વખત હળવી વાતો કરીને રમૂજ સાથે વિપક્ષ પર કટાક્ષ કર્યા હતા. નીતિન પટેલે ધારાસભ્ય ભીખાભાઈ વચ્ચે બોલતા કોમેન્ટ કરી કે આપણે એક મહિનો બેસવાનું છે. હજુ લાડુ આવે છે. શાંતિ રાખો. તો વિપક્ષમાંથી એક સભ્યએ બોલતાં નીતિન પટેલે રોકડું સંભળાવી દીધું કે અમે શૂન્યથી ૩૦ હજાર કર્યા છે. શાંતિથી સાંભળો. અમે ઓછું કર્યું હોય તો કહો. નીતિન પટેલે કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયા માટે ગૃહમાં જાહેરમાં કહી દીધું કે ખાવાનું છે પણ ચાવી શકતા નથી, મોં ખોલી શકતા નથી. નીતિન પટેલની હળવી રમૂજથી ગૃહમાં હાસ્ય ફેલાઈ ગયું.

પ્રવાસનની જાહેરાત પાછળ સરકારે ૪૨ કરોડ ખર્ચ્યા

રાજ્ય સરકારે રાજ્યમાં પ્રવાસનની જાહેરાતો પાછળ લખલૂંટ ખર્ચો કર્યો છે. સરકારે માહિતી આપી હતી કે રાજ્યમાં સરકારે ૬૬.૭૯ કરોડની જાહેરાત કરી તેની સામે અન્ય રાજ્યમાં પણ સરકારે ૪૨.૦૨ કરોડ ની રકમ નો ખર્ચ કરવામાં આવ્યો. આ ખર્ચ કરવાથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો હોવાનું સરકારનો દાવો.

સામાજિક ન્યાય, અધિકારિતા માટે ૪૩૨૧ કરોડની જોગવાઈ

એસસી-વિચરતી જાતિના વિદ્યાર્થીઓને સહાય

- શિષ્યવૃત્તિ-રૂ. ૭૫૦, મહિને ભોજનબિલ રૂ. ૧૫૦૦
- બૂટ-મોજા- રૂ. ૪૦૦, ગણવેશ- રૂ. ૬૦૦, કન્યાને મફત સાઈકલ
- સાત ફેરા યોજના- સંસ્થાને રૂ. ૩૦૦૦, યુગલને રૂ. ૧૨,૦૦૦

ગરીબી દૂર કરવાના દાવા વચ્ચે રાજ્યમાં ગરીબો વધ્યો..!!

આજથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્રની શરૂઆત થઈ છે. નાણા મંત્રી નીતિન પટેલ વિધાનસભામાં ગુજરાતનું બજેટ પ્રસ્તુત કરશે ત્યારે બજેટ સત્રમાં યોજાયેલા પ્રશ્નોત્તરી કાળમાં સરકારે માહિતી આપી હતી કે રાજ્યમાં ગરીબોની સંખ્યામાં વધારો થયો છે. સરકારે આપેલી માહિતી મુજબ ચાર જિલ્લામાં બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યામાં વધારો થયો છે. વર્ષ ૨૦૧૮-૧૯ માં ચાર જિલ્લામાં ૩૬૩૫ બીપીએલ ધારકોનો થયો વધારો થયો છે. સૌથી વધારે અમરેલી જિલ્લામાં ૨૭૮૦ બીપીએલ ધારકોનો વધારો થયો છે. અમરેલી, બનાસકાંઠા, અમદાવાદ અને પાટણમાં બીપીએલ કાર્ડ ધારકોની સંખ્યા વધી છે.

શાહિનબાગ પ્રદર્શનની સુનાવણી ટળી,સુપ્રિમ કોર્ટ લાલઘૂમ

જો પોલીસે ભડકાઉ નિવેદન કરનારાઓને પકડ્યા હોત તો તોફાનો વકર્યા નહોતઃ સુપ્રિમ

શાહિનબાગ ખાલી કરવા મામલે હજુ વાતાવરણ યોગ્ય નથી,હોળી પછી નિર્ણય કરીશુંઃ કોર્ટ

ન્યુ દિલ્હી

દિલ્હીના શાહીન બાગમાં નાગરિકતા સંશોધન કાયદાને લઈને છેલ્લાં બે મહિનાથી પણ વધુ સમયથી ચાલતાં ધરણાં પ્રદર્શનોને લઈને બુધવારે ફરી એક વખત સુનાવણી થઈ, પરંતુ કોઈ પરિણામ ન આવ્યું. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાલ આ મામલે દરમિયાનગિરિ નહી કરીએ. જો કે કોર્ટે ફરી એક વખત કહ્યું કે સાર્વજનિક જગ્યાઓ પર પ્રદર્શન કરવાનું યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે આ અંગે વધુ સુનાવણી હોળી પછી ૨૩ માર્ચે હાથ ધરાશે તેમ જણાવ્યું.

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે દિલ્હી હાઈકોર્ટે હિંસા મામલે જોડાયેલી અરજીઓ પર સુનાવણી કરી છે. ત્યારે આ મુદ્દે સુપ્રીમ કોર્ટે હિંસા સાથે જોડાયેલી અરજી પર વિચાર કરીને શાહીન બાગ પ્રદર્શનો સંબંધે દાખલ કરેલી અરજીઓને નહીં જોડે. કોર્ટે દિલ્હીમાં થયેલી હિંસાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને આ અરજીઓ પરની સુનાવણીનો ઈનકાર કરી દીધો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે શાહીન બાગનો રસ્તો ખોલાવવા માટે નિમણૂંક કરાયેલા મધ્યસ્થીઓએ તેમના તરફથી પૂરતાં પ્રયત્નો કર્યા હતા પરંતુ તેમને સફળતા ન મળી. સુપ્રીમ કોર્ટે શાહીન બાગ મુદ્દે કહ્યું કે હાલ અમારી પાસે એક જ મામલો છે અને તે છે શાહીન બાગમાં રસ્તો ખોલવાનો. આ મુદ્દે અમે વાર્તાકારોને મોકલ્યાં હતા જેઓએ અમને રિપોર્ટ સોંપી દીધા છે.

દિલ્હી હિંસા મુદ્દે સુપ્રીમ કોર્ટે આકરા શબ્દોમાં કહ્યું કે જો ઉશ્કેરણી કરનારા લોકોને પોલીસે છાવર્યા ન હોત તો આ પ્રકારની હિંસા ન ભડકત. જસ્ટિસ જોસેફે અમેરિકા અને બ્રિટન પોલીસનું ઉદાહરણ આપતાં કહ્યું કે જો કંઈક ખોટું થયું હોત તો પોલીસે કાયદા મુજબ પ્રોફેશનલ તરીકે કામ કરવાનું હોય છે. જસ્ટિસ જોસેફે પોલીસની કાર્યશૈલી પર સવાલ ઉઠાવતાં કહ્યું દિલ્હી પોલીસે પ્રોફેશનલ વલણ અપનાવ્યું ન હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પ્રતિકુળ સંદર્ભમાં કોઈ ટિપ્પણીઓ નથી કરવામાં આવી પરંતુ કાયદા વ્યવસ્થા બની રહે તે વાતને સુનિશ્ચિત કરવામાં આવી છે.

દિલ્હી હિંસાઃ આઈબી ઓફિસરની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર

ન્યુ દિલ્હી

નોર્થ-ઈસ્ટ દિલ્હી હિંસામાં વધુ એક જીવ ગયો છે. હિંસામાં ઉપદ્રવીઓએ એક આઈબી ઓફિસરની હત્યા કરી દીધી છે. અંકિત શર્મા નામના આઈબી ઓફિસર સોમવારની રાતથી ગૂમ હતા. આજે તેમનો શવ એક નાળામાંથી મળી આવ્યો હતો. ચાંદ બાગ પુલિયા નાળામાંથી પોલીસે આઈબીના ઓફિસરનો શવ બહાર કાઢ્યો હતો. મૃતક અંકિત શર્મા ખજૂરીમાં રહેતા હતા. મંગળવારની સાંજે તેઓ ડ્યૂટી પરથી પરત ફરી રહ્યા હતા. આરોપ છે કે, ચાંદ બાગ પુલિયા પાસે અમુક લોકોને તેમને ઘેરી લીધા હતા અને મારપીટ કરીને તેમની હત્યા કરીને શવને નાળામાં ફેંકી દીધો હતો. અંકિત શર્માના પરિવારજનો મંગળવારથી જ તેમની તપાસ કરી રહ્યા હતા. અંકિતના પિતા રવિન્દર શર્મા પણ આઈબીમા હેડ કોન્સ્ટેબલ છે. તેમનું કહેવું છે કે, પિટાઈની સાથે અંકિતને ગોળી પણ મારવામાં આવી છે. પોલીસે શવને કબજામાં લઈને પોસ્ટ મોર્ટમ માટે જીટીબી હોસ્પિટલ મોકલી દીધો છે.

વડાપ્રધાન મોદીને રાજધર્મ યાદ અપાવવા કોંગ્રેસે કાર્યસમિતિની બેઠકમાં પ્રસ્તાવ રજૂ કર્યો

દિલ્હી હિંસા માટે અમિત શાહ જવાબદાર, રાજીનામું આપેઃ સોનિયા ગાંધી

ગત્ રવિવારથી હિંસા થઈ રહી હતો અમિત શાહ-કેજરીવાલ શું કરી રહ્યા હતા તેનો જવાબ આપેઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીમાં તાજેતરમાં થયેલા હિંસક રમખાણો માટે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ સીધી રીતે અમિત શાહને જવાબદાર ઠેરવ્યા છે. આજે સોનિયા ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતુ કે, રમખાણો થયા ત્યારે અમિત શાહ અને અરવિંદ કેજરીવાલ ક્યાં હતા? રમખાણો વધુ થવાના છે તે સ્પષ્ટ હતું તેમ છતાંય કેમ યોગ્ય સમયે એક્શન લેવામાં ના આવ્યા?

ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં થયેલા રમખાણોની જવાબદારી લઈને પોતાનું રાજીનામું આપી દેવું જોઈએ તેવી માગ કરતા સોનિયાએ કેજરીવાલ સરકારને પણ ઘેરી હતી. તેમણે જણાવ્યું હતું કે બંને સરકારે યોગ્ય કાર્યવાહી ન કરતા રાજધાની આ ત્રાસદીનો શિકાર કરી છે. ગત રવિવારથી અમિત શાહ અને



અરવિંદ કેજરીવાલ ક્યાં હતા અને શું કરી રહ્યા હતા તેનો જવાબ આપે.

ભાજપના નેતાએ ભડકાઉ ભાષણ આપી ડર અને નફરતનો માહોલ બનાવ્યો તેવો આક્ષેપ કરતા સોનિયાએ જણાવ્યું હતું કે ભાજપના નેતાએ દિલ્હી પોલીસને ત્રણ દિવસનું અલ્ટિમેટમ આપતા કહ્યું હતું કે ત્રણ દિવસ પછી અમને કંઈ ના કહેશો. છેલ્લા ૭૨ કલાકમાં કેન્દ્ર અને દિલ્હી સરકાર દ્વારા જાણીજોઈને કોઈ કાર્યવાહી ન કરવાને કારણે રમખાણોમાં લોકોના મોત થયા છે, અને સેકડો લોકો ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં દાખલ છે.

સોનિયાએ કહ્યું હતું કે ૨૦૧૪માં મોદી સરકાર આવી ત્યારથી સર્વપક્ષીય બેઠકો થવાની જ બંધ થઈ ગઈ છે. વાજપેયી સરકારમાં દેશમાં જ્યારે પણ આવી સ્થિતિ સર્જાતી ત્યારે તેઓ તમામ પક્ષના નેતાઓનો સંપર્ક કરતા, અને તેમની સાથે મિટિંગ કરતા. તેમણે એમ પણ કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર નેતાઓ કોમેન્ટ કરે છે, પરંતુ જાહેરમાં આવીને કોઈ શાંતિ માટે અપીલ નથી કરતું.

કોંગ્રેસે દેશ તરફથી આ સવાલો પુછ્યાઃ-

૧. ગૃહમંત્રી અત્યાર સુધી ક્યાં હતા અને શું કરી રહ્યા હતા?

૨. મુખ્યમંત્રી કેજરીવાલ અત્યાર સુધી ક્યાં હતા અને શું કરી રહ્યા હતા?

૩. અત્યાર સુધી કંઈ માહિતી લેવાઈ અને કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી?

૪. દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં કેટલી પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવી?

૫. દિલ્હીમાં જ્યારે પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ હતી, ત્યારે એવામનાં સેન્ટ્રલ પેરામિલિટ્રી ફોર્સ શા માટે બોલાવાઈ નથી?

મુખ્યમંત્રી યોગીએ વિધાનસભામાં જણાવ્યું

નાગરિકતા વિરુદ્ધ પ્રદર્શનમાં માર્યા ગયેલા લોકોના પરિવારને વળતર નહિ મળે

લખનઉ

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે ગઈ કાલે વિધાનસભામાં જણાવ્યું કે રાજ્ય સરકારની એવી કોઈ જોગવાઈ નથી, જેમાં છેલ્લા ૬ મહિનામાં વિરોધ પ્રદર્શનમાં મૃત્યુ પામેલા લોકોનાં પરિવારજનોને વળતર આપી શકાય. તેમણે એક સવાલના જવાબમાં કહ્યું કે વળતર આપવાનો કોઇ સવાલ જ ઊભો થતો નથી. મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે જાણકારી આપી કે છેલ્લા ૬ મહિનામાં આવાં પ્રદર્શનમાં ૨૧ લોકો મૃત્યુ પામ્યા છે. પ્રદર્શનકારીઓના પથ્થરમારામાં ૪૦૦ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા છે, જ્યારે ૬૧ પોલીસ કર્મચારીઓને ગોળી વાગી છે. સરકારે દાવો કર્યો છે કે ૧૯-૨૦ ડિસેમ્બરે સીએએના વિરોધમાં થઈ રહેલા પ્રદર્શન દરમિયાન ભડકેલી હિંસામાં માર્યા ગયેલા ૨૧ લોકોમાંથી કોઈ પણ મૃત્યુ પોલીસની ગોળીથી થયું નથી. યોગીએ જણાવ્યું કે તોફાનીઓનાં મોત તોફાનીઓના હાથે જ થયાં છે. યોગી ગઈ કાલે સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રાકેશ પ્રતાપ સિંહના સવાલનો જવાબ આપી રહ્યા હતા.

રૂપાળુ બજેટ
પહેલા પાનાથી ચાલુ

માટે ૫૦ હજારથી ૭૫ હજાર સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કે ૫ હજાર ખેડૂતોને લાભ આપવા ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને ખેત ઉત્પાદનો રેલવે સ્ટેશન કે એરપોર્ટ સુધી પહોંચાડવા માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પશુદાણ સહાય યોજના હેઠળ દરેક પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવશે. રાજ્યની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના અંદાજિત ૧૫ લાખ સભાસદ પશુપાલકોને આ યોજનો લાભ મળશે. આ માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી.

પાંજરાપોળ માટે નવી યોજનાની જાહેરાતમાં રજિસ્ટર્ડ પાંજરાપોળોને અપગ્રેડ કરવા એક વખતની સહાયરૂપે ગાયો માટે શેડ, ઘાસચારાના સંગ્રહ માટે ગોડાઉન, પાણી માટે ટ્યુબવેલની સુવિધા, સોલાર રૂફટોપની સ્થાપના, ઘાસચારાના પ્લોટમાં માઈક્રો ઈરીગેશન, સ્પ્રીંકર જેવી માળખાકીય સુવિધાઓનો લાભ અપાશે. આ માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.

સમાજના છેવાડાના માનવી સમાન સામાન્ય લારીવાળાને મોટી સાઈઝની છત્રી આપવાની સહાયમાં રોડની સાઈડમાં કે ખુલ્લી જગ્યામાં ઉભા રહીને ફળફળાદી, શાકભાજી વગેરેનું વેચાણ કરે છે. તેવા નાના વ્યવસાયકારોને ગરમી, ઠંડી અને વરસાદથી રક્ષણ આપવા માટે તથા તેમની લારીઓમાં રાખવામાં આવતા ફળફળાદી, શાકભાજી બગડી ન જાય એ માટે મોટી સાઈઝની છત્રી આપવામાં આવશે. આ માટે ૬૫ હજાર છૂટક વેચાણકારો માટે ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

દરિયો ખેડતા માછીમારોને એન્જીન ખરીદીમાં સહાયમાં નાના માછીમારોને એન્જિનની ખરીદીમાં સહાય આપવામાં આવશે. આ યોજના અંતર્ગત દરિયાઈ ફીશીંગ બોટ, ૨ સ્ટ્રોક, ૪ સ્ટ્રોક આઈબીએમ અને ઓબીએમ એન્જિન ખરીદવા માટે યુનિટ કોસ્ટ રૂપિયા ૧.૨૦ લાખના ૫૦ ટકા સહાય આપવામાં આવશે. આ માટે ૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સ્કૂલ ઓફ એક્સલન્સ યોજના નામની નવી યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા સ્કૂલ ઓફ એક્સલન્સ યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્યની ૫૦૦ શાળાઓને વિકસાવવામાં આવશે. તાલુકાના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પસંદ કરીને તેમને આ સ્કૂલમાં વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપવામાં આવશે. આવી શાળાઓમાં તમામ અદ્યતન માળખાકીય સુવિધાઓ, સ્માર ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ, સ્ટેમલેબ અને રમતગમતની સુવિધાઓ પૂરી પાડવા માટે ૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

નવી મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ યોજના હેઠળ એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા ખાતે ૧૮૦ કરોડના ખર્ચે ૬૦૦ પથારીની નવી મેટરનિટી ચાઈલ્ડ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરવામાં આવી. આ હોસ્પિટલ માટે ચાલુ વર્ષે ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી. તેમજ ૧૦ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર કાર્યરત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આવા અર્બન હેલ્થ સેન્ટરની રચના માટે ૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર યોજના હેઠળ પોષણ અભિયાન અંતર્ગત ૧૦૦ ટકા સુપોષિત આંગણવાડીની સિદ્ધઈ હાંસલ કરનાર પાયાના કર્મચારીઓને પોષણ ત્રિવેણી પોત્સાહન પુરસ્કાર યોજનાની જાહેરાત કરવામાં આવી. જે અંતર્ગત આંગણવાડી વર્કર અને તેડાગરને અનુક્રમે ૧૨ હજાર અને ૬ હજાર તેમજ પોતાના કાર્યક્ષેત્રની તમામ આંગણવાડીને સુપોષિત કરનાર પ્રત્યેક આશા વર્કર અને એ.એન.એમને ૧૨ હજારનો પુરસ્કાર આપવામાં આવશે. આ માટે ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી. સુરેન્દ્રનગર જિલ્લાના ૧૫૦૦ અગરિયા કુટુંબો માટે રણ આંગણવાડી શરૂ કરવામાં આવશે.

માદરે વતન યોજના હેઠળ જે તે ગામમાં શાળા, શાળાના રૂમ, સ્માર્ટ ક્લાસ, આંગણવાડી, સ્મશાન, દવાખાનું, રસ્તા, પીવાના પાણીની ટાંકી, ગામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર વગેરે જેવી સુવિધાઓ વિકસાવવા માટે દાતા દ્વારા આપવામાં આવતા દાની રકમ જેટલી જ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે. આ માટે ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વિદેશમાં વસતા ગુજરાતના યુવાનો રાજ્યની મુલાકાતે આવતા રહે તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. આપણી માતૃભાષા, સંસ્કૃતિ અને ભવ્ય વારસાનો પરિચય મેળવી શકે તે માટે ગુજરાતને જાણો નામની નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. જયારે માન્યતા ધરાવતા પત્રકારોને કુદરતી અવસાન થવાના કેસમાં રૂ.૫૦ હજારનું વિમા કવચ આપવામાં આવતું હતું. જેને રાજય સરકારે વધારીને રૂ.૧ લાખનું કર્યું છે.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ, મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી ૧ લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજય સરકાર દ્વારા સીધે સીધું બેંકોને આપવામાં આવશે. આ યોજના હેઠળ વ્યાજ સહાય આપવા કુલ ૧૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે..

તેમણે ૮મી વાર બજેટ રજૂ કરીને વજુભાઈ વાળા પછીનો બીજો ક્રમ મેળવ્યો છે. હાલમાં કર્ણાટકના રાજ્યપાલ તરીકે ફરજ બજાવતા વાળા ગુજરાત સરકારનું ૧૮ વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ ધરાવે છે.

કૃષિ ખેડુત કલ્યાણ
પહેલા પાનાથી ચાલુ

ધિરાણ મેળવે છે. જેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બેંકને ચુકવવામાં આવે છે.

આમ, ગુજરાતના ખેડૂતોને ઝીરો ટકા વ્યાજ દરે એટલે કે વ્યાજ રહિત પાક ધિરાણ મળે છે. જે માટે ૧,૦૦૦૦ કરોડની જોગવાઈ. મને જણાવતા આનંદ થાય છે કે, રાજય સરકારની ભલામણ ધ્યાને લઈ ભારત સરકારે પાક વીમા યોજના ખેડૂતો માટે મરજિયાત બનાવવાની જાહેરાત કરેલ છે. પરંતુ જે ખેડૂતો પાક વીમો લેવા ઈચ્છતા હશે તેમને મદદ કરવા પાક વીમાનું પ્રીમિયમ ભરવા ૧,૧૧૯૦ કરોડની જોગવાઈ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે ૩૦૦ કરોડની જોગવાઈ.

૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ ૪૫,૦૦૦ થી ૬૦,૦૦૦ની સહાય

કમોસમી વરસાદ, વાવાઝોડું, અતિવૃષ્ટિ, જીવજંતુનો ઉપદ્રવ અને અન્ય પરિબળોથી પાક ઉત્પાદન બાદનું નુકસાન અટકાવવા માટે મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજનાની જાહેરાત કરતા હર્ષની લાગણી અનુભવું છું. આ યોજના અંતર્ગત ખેડૂતોને ખેતરમાં નાના ગોડાઉન-ઓન ફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા માટે એકમ દીઠ ૩૦,૦૦૦ની સહાય આપવામાં આવશે. આવા સ્ટ્રક્ટરના બાંધકામ માટે એન.એ.ની મંજૂરીથી મુકિત આપવામાં આવશે. જેના માટે ૩૦૦ કરોડની જોગવાઇ.કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટર દીઠ ૪૫,૦૦૦ થી ૬૦,૦૦૦ની સહાય તેમજ આશરે ૩૨,૦૦૦ ખેડૂતોને વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા ૨૩૫ કરોડની જોગવાઇ.

પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને ગાય દીઠ માસિક ૯૦૦ રૂની સહાય

વર્તમાન સમયમાં જંતુનાશક દવાઓ અને રસાયણિક ખાતરોના વધુ પડતા ઉપયોગથી. થતાં નુકસાનને લીધે પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની માંગ વધી છે. અમે દક્ષિણ ગુજરાતમાં વલસાડ અને ડાંગ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજનાઓ અમલમાં મૂકી છે. હવે ગુજરાતના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે નવી યોજનાની હું જાહેરાત કરુ છું. આ યોજના અંતર્ગત ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતને એક ગાય દીઠ નિભાવ ખર્ચ માસિક ૯૦૦ એટલે કે વાર્ષિક ૧૦,૮૦૦ સહાય આપવામાં આવશે. પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતે ગાયનું છાણિયું ખાતર અને જીવામૃતનો ઉપયોગ કરવાનો રહેશે. જેના કારણે લાંબા ગાળે જમીનની ફળદ્રુપતા વધશે, લોકોને સ્વાથ્યપ્રદ ઓર્ગેનિક અનાજ અને શાકભાજી મળી રહેશે તેમજ ગૌ સેવાનો લાભ પણ મળશે. આ યોજના અંતર્ગત અંદાજે ૫૦ હજાર ખેડૂતોને આવરી લેવા માટે ૫૦ કરોડની જોગવાઇ.

ઉડાન યોજના :

ખેડતો પોતાના ઉત્પાદન રાજયના અન્ય શહેરોમાં અદ વેચાણ અર્થે લઈ જઈ શકે તે માટે પરિવહન સુવિધા ઉપલબ્ધ છે. આ હેતુ માટે ભારત સરકારે કિસાન રેલ અને ઉડાન યોજ સુસંગત કિસાન પરિવહન યોજનાની જાહેરાત હળવા ભારવાહક વાહનની ખરીદી માટે ૫૦ હજારથી ૭૫,૦૦૦ સહાય આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કે અંદાજિત પાંચ હજાર ખેડૂતોને લાભ આપવા હજાર સહાય આપવા ૩૦ કરોડની જોગવાઈ

★ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ઘઉ,ચોખા, કઠોળ, બરછટ અનાજ, કપાસ શેરડી, તથા તેલીબિયાંના પાકોના ઉત્પાદનમાં વૃદ્ધી માટે ૮૭ કરોડની સહાય આપવામાં આવશે.

★ ખેડૂતોને અકસ્માત વીમા યોજના હેઠળ ૭૨ કરોડ રૂપિયાની સહાયતા આપવામાં આવશે જ્યારે એગ્રો અને ફૂડ પ્રોસેસીંગ એકમોને સહાય આપવા માટે ૩૪ કરોડ રૂપિયાની સહાયતા આપવામાં આવશે.

★ દેશની પ્રથમ ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી પંચમહાલ જિલ્લાના હાલોલમાં સ્થાપવામાં આવશે તેના માટે ૧૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવશે.

રાજસ્થાનના બૂંદી
પહેલા પાનાથી ચાલુ

જ ભારે ભીડ ઘટના સ્થળ પર એકત્ર થઈ ગઈ હતી. નદીમાં પાણી હોવાના કારણે રાહત અને બચાવકાર્યમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો..

બૂંદી જિલ્લાના કોટા-દૌસા મેગા હાઈવે પર બનેલી આ દુર્ઘટનામાં મૃત્યુ પામનારા લોકોને ગેહલોત સરકારે તાત્કાલિક મદદ આપવાના નિર્દેશ આપ્યા છે. આ સાથે જ મૃતકોને ૨-૨ લાખ વળતર આપવાનો પણ આદેશ આપ્યો છે.

બૂંદી જિલ્લાધિકારી અંતર સિંહે નેહરાએ જણાવ્યું હતું કે, દુર્ઘટનાના સમાચાર મળતા જ ઘટના સ્થળ પર જિલ્લા પ્રશાસન અને એનડીઆરએફની ટીમ પહોંચી ગઈ હતી. એનડીઆરએફની ટીમ બચાવ અને રાહત કાર્ય કરી રહી છે. અત્યારસુધીમાં ૧૨-૧૩ શવોને બહાર કાઢવામાં આવી ચુક્યા છે અને બસમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન ચાલી રહ્યું છે.

મોદી કેબીનેટ
પહેલા પાનાથી ચાલુ

કરોડ ડૉલર એટલે કે, લગભગ ૧.૧૩ લાખ કરોડ રૂપિયા ટેક્નિકલ ટેક્સટાઈલ ઈમ્પોર્ટ કરે છે. આવકમાં કાપ મુકવા માટે આ મિશનમાં ૧૪૮૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આપને જણાવી દઈએ કે, ટેક્નિકલ ટેક્સટાઈલનો ઉપયોગ અલગ અલગ સેક્ટરમાં કરવામાં આવે છે. એટલે કે મેડિકલ સેક્ટર્સથી લઈને એગ્રો સેક્ટરમાં પણ તેનો ઉપયોગ થાય છે. આ અંતર્ગત ૫૦ હજાર લોકોને તાલીમ આપવાની વ્યવસ્થા ઉભી કરાઈ છે.

પરંપરાગત ટેક્સટાઈલનું ૫૦ બિલિયન ડૉલરની નિકાસ થાય છે, જ્યારે ૧૬ બિલિયન ડૉલરનું ટેક્નિકલ ટેક્સટાઈલની આવક કરે છે. સરકારે આવક ઓછી કરી ઘરેલૂ ઉત્પાદન પર ભાર આપ્યો છે. જેના માટે બજેટમાં ૧૪૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત જો કોઈ લગ્ન કરેલા દંપતિઓ બાળક જન્મ માટે અન્ય કોઈ મહિલાનો કોખનો ઉપયોગ કરે છે. તેના કાયદામાં પણ ફેરફાર કર્યો છે. સરોગેસીમાં બાળકનો જન્મ કરવા પાછળના અનેક કારણો હોય છે. જેમ કે, કપલને જો પોતાનું બાળક થતું નથી, મહિલાના જીવને ખતરો છે, અથવા તો કોઈ મહિલા ખુદ પોતે બાળક પેદા કરવા નથી માગતી. ત્યારે હવે આ કાયદામાં પણ કડકાઈ દાખવવામાં આવી છે.

દિલ્હી હિંસા
પહેલા પાનાથી ચાલુ

કાયદાનો વિરોધ કરવાના મામલામાં ઉત્તર-પૂર્વ દિલ્હીના જાફરાબાદ, મૌજપુર, બાબરપુર અને ચાંદબાગમાં રવિવારથી સતત હિંસા થઈ રહી છે. જેના કારણે પ્રશાસને આ ચાર વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે. ચારેય વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસ ખડેપગે છે.

તેમજ ઉત્તર-પૂર્વી દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હિંસાને ધ્યાનમાં રાખીને પ્રશાસને હિંસા આચરનારા અસામાજિક તત્વોને દેખતા જ ઠારકરવાનો આદેશ આપી દીધો છે. પ્રશાસને આ આદેશ એવા સમયમાં જાહેર કર્યો છે જ્યારે પહેલેથી જ ત્યાં કલમ ૧૪૪ લાગુ કરેલી હતી અને કરફ્યૂ લગાવ્યા બાદ પણ તોફાની તત્વો હિંસા બંધ કરવાનું નામ નહતા લઈ રહ્યા. તોફાની ટોળકીઓને હિંસા કરતા રોકવા માટે પોલીસ અને સુરક્ષાકર્મીઓએ શક્ય તેવા તમામ પ્રયત્નો કર્યા હતા. બુધવારે સ્થિતિ આંશિક થાળે પડતી જણાઈ છે જાફરાબાદ મેટ્રો સ્ટેશન બહારથી વિરોધીઓને હટાવી લેવાયા હોવાનું દિલ્હીના વિશેષ કમિશનર સતિશ ગોલચાએ જણાવ્યું હતું.

આ અગાઉ ગૃહ મંત્રી મિત શાહે દિલ્હી પોલીસ અને ગૃહ મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક કરી હતી. છેલ્લા ૨૪ કલાકમાં અમિત શાહની આ ત્રીજી બેઠક હતી. પ્રાપ્ય માહિતી અનુસાર શાહની બેઠક સાત વાગ્યે શરૂ થઈ હતી જે રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલી હતી.

દુશ્મનો સમજી ગયા છે કે ભારત ઘરમાં ઘુસસે પણ અને મારશે પણ: એર ચીફ માર્શલ

બાલાકોટ એર સ્ટ્રાઈકને એક વર્ષ પૂર્ણ: એરફોર્સ ચીફે મિગ-૨૧ ઉડાવ્યું

ન્યુ દિલ્હી

એક વર્ષ પહેલા બરાબર આજના જ દિવસે એટલે કે ૨૬મી ફેબ્રુઆરીના રોજ ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન સામે એર સ્ટ્રાઈક કરીને પુલવામા હુમલાનો બદલો લીધો હતો. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ પુલવામામાં સીઆરપીએફની બસ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા. આ હુમલા બાદ દેશભરના લોકો ગુસ્સામાં હતા અને ચૂંટણી પણ નજીક હતી. તપાસ દરમિયાન આ હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાની વાત સાબિત થઈ હતી.

ત્યારબાદ ૨૬ ફેબ્રુઆરી એટલે કે પુલવામા હુમલાના આશરે બે અઠવાડિયા બાદ વાયુસેનાએ મધ્ય રાત્રીએ પાકિસ્તાનના બાલાકોટમાં એર સ્ટ્રાઈક હુમલો કર્યો હતો. આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ટ્રેનિંગ સેન્ટરને નેસ્તનાબૂદ કરી દીધું હતું. આ હુમલાના સૂત્રાધાર રહેલા તત્કાલીન વાયુસેના પ્રમુખ બીએસ ધનોઆ અને વર્તમાન એર ફોર્સ ચીફ આરકેએસ ભદોરિયાએ આ અંગેની માહિતી દેશવાસીઓ સમક્ષ જાહેર કરી હતી.

બાલાકોટ એરસ્ટ્રાઈકની પહેલી વર્ષગાંઠ પર વાયુસેનાના ચીફ (એર ચીફ માર્શલ) આરએસકે ભાદોરીયાએ શ્રીનગરમાં ૫૧ સ્કવોડ્રોન સાથે મિગ -૨૧ બાઈસનમાં ઉડાન ભરી હતી. ૫૧ સ્કવોડ્રોન એ જ એકમ છે જેણે બાલાકોટ એરસ્ટ્રાઈક કર્યું હતું.

ભદોરિયાએ કહ્યું કે, 'યુદ્ધ એ જરૂર હોય ત્યારે વર્દીધારી યોદ્ધાઓના સામૂહિક સાહસ અને પ્રયત્નોના આધાર પર લડવામાં આવે છે. બાલાકોટ એર સ્ટ્રાઈક સીમા પાર જઈને આતંકવાદની વિરોધમાં ભારતની નીડર કાર્યવાહીથી મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળ્યો છે. આ કાર્યવાહીને પારંપારિક લડાઈથી વિશેષ એર પાવરના ઉપયોગની રણનીતિ બદલી દીધી છે. અમે દુશ્મનોને એક સ્પષ્ટ સંદેશો આપી દીધો છે કે હવે તેમની કોઈ પણ નાપાક કરતૂતને ભારત સાંખી નહીં લે. હવે દુશ્મનો સમજી ગયા છે ભારત કોઈ પણ અટકચાળો સહન નહીં કરી લે. ભારતીય સેના ઘરમાં ઘુસસે પણ ખરી અને મારશે પણ ખરી. અમે દરેક પ્રકારના યુદ્ધ માટે તૈયાર છીએ.'

દિલ્હીમાં થયેલ હિંસા મુદ્દે દિલ્હી હાઈકોર્ટનું કડક વલણ

દિલ્હીમાં વધુ એક શીખ વિરોધી રમખાણો નહીં થવા દઈએ: હાઈકોર્ટ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં થયેલી હિંસાના મામલે કરવામાં આવેલી અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં બુધવારે સુનાવણી થઈ. આ દરમિયાન હાઈકોર્ટે દિલ્હી પોલીસને ફટકાર લગાવી અને કોર્ટે કહ્યું કે દિલ્હીમાં વધુ એક ૧૯૮૪ નહીં થવા દીએ. આ ઉપરાંત હાઈકોર્ટે કપિલ મિશ્રાના ભડકાઉ ભાષણવાળો વીડિયો પણ જોયો. હાઈકોર્ટે કપિલ મિશ્રાને ન ઓળખવના મુદ્દે દિલ્હી પોલીસને ફટકાર પણ લગાવી. આ ઉપરાંત સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પૂછ્યું કે કપિલ મિશ્રાની સાથે જોવા મળતો અધિકારી કોણ છે. કપિલ મિશ્રા ઉપરાંત હાઈકોર્ટે અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્માનો પણ વીડિયો જોયો.હાઈકોર્ટે કેન્દ્ર સરકારના વકીલ તુષાર મહેતાને તમામ વીડિયો જોવાના નિર્દેશ આપ્યાં. જો કે હાઈકોર્ટે એફઆઈઆરના સીધા આદેશ નથી આપ્યાં. પરંતુ કહ્યું તુષાર મહેતા પોલીસ કમિશનરને સલાહ આપે કે વીડિયો જોયા બાદ પોલીસે શું કરવું જોઈએ. કોર્ટમાં તુષાર મહેતાએ કહ્યું કે આ અરજીમાં જે પ્રકારન પ્રેયર કરવામાં આવી છે તે અંગે સુપ્રીમ કોર્ટમાં પહેલેથી જ સુનાવણી ચાલી રહી છે. આ ઉપરાંત દિલ્હી હાઈકોર્ટે સીબીએસઈને નિર્દેશ આપ્યાં કે હિંસા પ્રભાવિત નોર્થ ઈસ્ટ દિલ્હીમાં બોર્ડ એક્ઝામને લઈને સ્થાયી વ્યવસ્થા કરવી પડશે. હાઈકોર્ટે કહ્યું કે એક્ઝામ ટાળવાથી વિદ્યાર્થીઓની મુશ્કેલી ખતમ નથી થતી પરંતુ તેમનું ટેન્શન વધે છે. ત્યારે આ મુદ્દે બોર્ડને સ્થાયી સમાધાન શોધવાના નિર્દેશ આપ્યાં હતા.

શસ્ત્રો પધરાવવામાં જગત જમાદાર એમેરિકાનો દબદબો હોવાનું ફરી સ્થાપિત થયું

જગદીશ પરમાર

૯૪૨૭૧ ૧૬૯૧૬

વર્ષો પહેલા ઈરાન અને ઈરાક વચ્ચે સાત વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું હતું. સાત વર્ષ બાદ યુદ્ધ વિરામ થયું હતું. યુદ્ધ થવા અને યુદ્ધ શાંત થવા પાછળ અમેરિકા કારણભૂત હોવાનું વાંચવામાં આવ્યું હતું. કયા અને શામાં વાંચ્યું હતું તે અત્યારે યાદ નથી. પણ તેં વિષય યાદ છે. કદાચ આપણાં સ્વદેશીના હિમાયતી રાજીવ દીક્ષિતે કેટલાક વૈશ્વિક રહસ્યો વિશે જે લખ્યું હતું તેમાં હું જે કહેવા જઈ રહયો છું તેનો ઉલ્લેખ હોઈ શકે. જે કદાચ મારા વાંચવામાં આવ્યો હોય.

હા તો વાત હતી ઈરાક અને ઈરાન વચ્ચે સાત વર્ષ સુધી ચાલેલા યુદ્ધની. આ યુદ્ધ એક એવા સરહદી વિસ્તાર માટેનું હતું જ્યાં પેટાળમાં વિપુલ પ્રમાણમાં ખનીજ તેલ હોવાનું અમેરિકાએ જાહેર કર્યું હતું. અમેરિકાએ આ સ્થાન પર સંશોધન કરી જાહેર કર્યું હતું. આ જાહેરાત બાદ ઈરાક અને ઈરાન વચ્ચે આ સરહદી વિસ્તારની માલિકી માટે ગજગ્રાહ ઉભો થયો હતો. જે પાછળથી યુદ્ધમાં પરિવર્તન પામ્યો હતો. આ યુદ્ધ દરમ્યાન વિશ્વની વકીલાત કરતા અમેરિકાએ યુદ્ધ માટેના શસ્ત્ર સરંજામ આ બન્ને દેશોને વેચ્યા હતા. યુદ્ધમાં બન્ને દેશોની ખુવારી થતી રહી અને અમેરિકા શાસ્ત્રો વેચી આર્થિક રીતે સધ્ધર થતું રહ્યું. સાત વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું. વિશ્વના ઈતિહાસમાં આ યુદ્ધની તવારીખ પણ હશે. સાત વર્ષ બાદ અમેરિકા એ ફરી ઈરાક અને ઈરાન વચ્ચેના વિવાદિત ક્ષેત્રમાં સંશોધન કર્યું અને જાહેર કર્યું કે અહીં પેટાળમાં ખનિજતેલનો પુરવઠો છે જ નહી. અને એટલે બંને દેશો વચ્ચેના યુદ્ધનો અંત આવ્યો હતો. યુદ્ધનો વસવસો કદાચ હજી પણ આ બન્ને દેશોને હશે. કે નકામા લડી મર્યા અને ખુવાર પણ થયા. આમાં અમેરિકા એ બન્ને દેશોને લડાવી શસ્ત્રો વેચી પોતાનો ઉલ્લુ જ સીધો કર્યો હતો.

આ વાત એટલા માટે યાદ આવી કે અમેરિકાના વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત (અમદાવાદ) આવ્યા ત્યારે તેમને માત્ર અને માત્ર શસ્ત્રો ના સોદા ઉપર જ ભાર આપ્યો. અહી ટ્રમ્પ એક કુશળ ઉદ્યોગપતિ અને કુશળ વેપારી જેવા લાગ્યા. આજ રોજ સમાચાર માધ્યમોમાં ટ્રમ્પ મુલાકાત અંગેના સમાચારમાં આ વાત સાચી સાબિત થઈ. ટ્રમ્પ આપણે ત્યાંથી ત્રણ અબજ ડોલરના શસ્ત્રોનું ડીલ કરીને ગયા છે.

આઘાત ત્યાં લાગે છે એક તરફ આપણે મેક ઈન ઈન્ડિયાની વાતો કરીએ છીએ, દેશમાં બેરોજગારી વધતી જાય છે, દેશની આંતરિક શાંતિ ડહોળાયેલી છે. જાતિવાદનો રાક્ષસ ફરી માથું ઊંચકી લોકોને ભરખી રહ્યો છે. દેશના માથે આર્થિક સંકટોના વાદળો ઘેરાયેલા છે. ત્યારે દેશનું હૂંડિયામણ દેશની સ્થિરતા માટે વપરાવું જોઈએ તેના સ્થાને ઘરના છોકરા ઘંટી ચાટે અને અમેરિકાને આટો આપવાની વાત છે. અત્યારે પાડોશી દેશોને ધરાસાઈ કરવાના સપના જોવા કરતા દેશને અંદરથી મજબૂત કરવાનું વધારે જરૂરી છે. દેશની એક સૂત્રતામાં બાંધવાની જરૂર છે. સરકારી આંકડાઓ મુજબ ભારત પાસે એટલો બધો શસ્ત્ર સરંજામ છે કે પાકિસ્તાનને તો આપણે ચપટીમાં મસળી નાખીએ. જો તેમ હોય તો અમેરિકા પાસેથી ત્રણ અબજ ડોલરના શસ્ત્રો ખરીદવાની જરૂર જ ક્યાં ઉભી થાય છે. છતાં આપણે ખરીદવાના કરાર કરવા પડ્યા અને જગત જમાદાર અમેરિકાએ ફરી એક વખત સાબિત કર્યું કે તે કુશળ વેપારી છે. આમ પણ ટ્રમ્પ પહેલા એક સફળ ઉદ્યોગપતિ છે અને પછી અમેરિકાના રાષ્ટ્રપતિ ....આમાં ઘણું સમજી લેવાય.....

હું જાણું છું આ લખાણ ઘણા નહિ ઘણા બધાને ખૂંચશે, કેટલાક ફેસબુકીયા દેશ ભક્તો (બાથરૂમ સિંગર) તેમના બેહૂદા આલાપ છેડશે, ભલે છેડે છેડવા દો ...આપણું કામ છે અરીસો ધરવાનું ધરી દીધો...આપને શુ લાગે છે?

ગુપ્તચર એજન્સીઓએ કર્યો સનસની ખુલાસો

દિલ્હી સહિત અનેક શહેરોમાં હિંસા ભડકાવવા પાછળ આઈએસઆઈનો હાથ

પાકિસ્તાનથી સોશિયલ મિડિયા પર ફેક વીડિયો અપલોડ થઈ રહ્યા છે,ભારતમાં મુસ્લિમોને ભડકાવવાનું કાવતરું

ન્યુ દિલ્હી

રાજધાની દિલ્હીના ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારો ભડકે બળી રહ્યાં છે. અહીં થયેલા તોફાનોમાં અત્યાર સુધીમાં ૨૦ લોકો મોતને ભેટ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતની મુકાલાતે આવી રહ્યાં હાતં ત્યારે અચાનક જ રાતોરાત આ તોફાનો ભડકી ઉઠ્યાં હતાં. દિલ્હીમાં આ પ્રકારના તોફાનોનો સમય અને તેની ગતિ જોતા આ એક સુયોજીત કાવતરૂ હોવાની આશંકા સેવાઈ રહી છે.

ઉત્તર પૂર્વ દિલ્હીમાં ભડકેલી હિંસાને લઈને ગુમચર એજન્સીઓએ શંકાની સોય પાકિસ્તાન પર ચિંધિ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દિલ્હી હિંસા પાછળ આઈએસઆઈનો હાથ હોવાની આશંકા છે. દિલ્હી સહિત અનેક શહેરોમાં હિંસા ભડકાવવા પાછળ ISI છે. સૂત્રોના જણાવ્યાં મુજબ સોશિયલ મીડિયા પર ફેક વીડિયો અપલોડ કરાયા છે જે પાકિસ્તાનથી ઓપરેટ થઈ રહ્યાં છે. પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વીટર એકાઉન્ટથી ભારતમાં મુસલમાનોને ભડકાવવાનો ભરપુર પ્રયાસ થઈ રહ્યો છે.

ઉત્તર પૂર્વ દિલ્હીમાં નાગરિકતા કાયદાને લઈને થયેલી હિંસામાં અત્યાર સુધી ૨૦ લોકોના મોત નિપજયા છે. જ્યારે ૧૮૦થી વધુ લોકો ઘાયલ થયા છે. સોમવારે શરૂ થયેલું ઉપદ્રવીઓનું તાંડવ મંગળવારે પણ ચાલુ રહ્યું હતું. જેના પગલે કેન્દ્ર સરકારે જાફરાબાદથી લઈને મૌજપુર અને તેની આસપાસના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત અને કરફ્યુ લગાવ્યો છે અને દેખો ત્યાં ઠારના આદેશ આપ્યા છે.

હિંસાના પગલે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ સક્રિય બન્યા છે અને હિંસાગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા માટે ડીસીપી નોર્થ ઈસ્ટની ઓફિસ પહોંચ્યા હતાં. તેમની સાથે મીટિંગમાં સ્પેશિયલ કમિશનર, સતીષ ગોલચા, જોઈન્ટ કમિશનર આલોક કુમાર અને અને ડીસીપી વેદ પ્રકાશ સૂર્યા હાજર હતાં.

આ તોફાનો ટ્રમ્પના આગમન ટાણે જ ભડકાવવામાં આવતા સુરક્ષા એજન્સીઓના કાન સરવા થયા હતાં અને તેમાં પાકિસ્તાની આઈએસઆઈનો હાથ હોવાના પુરાવા પણ હાથ લાગ્યા છે. આ દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઈસરો ૫ માર્ચે જિયો ઈમેજિંગ સેટેલાઈટ GISAT-1 કરશે લોન્ચ

બેંગ્લુરુ

ઈસરો દ્વારા આપવામાં આવેલા નિવેદન અનુસાર, આ સેટેલાઈટનું પ્રક્ષેપણ પાંચ માર્ચે હવામાનની સ્થિતિ જોઈને કરવામાં આવશે. જેનું પ્રક્ષેપણ ૫.૪૩ કલાકે કરવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઈસરોનું કહેવું છે કે, ૨,૨૭૫ કિલો વજનનું GISAT એક અતિ આધુનિક ગતિથી ધરતીનું અવલોકન કરનારો ઉપગ્રહ છે. જેને ભૂસમકાલીન સ્થાનાંતરણ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે.

આશરે ૨,૨૭૫ કિલો વજન ધરાવતું GISAT-1 એક અત્યાધુનિક રીતે ઝડપથી પૃથ્વીનું અવલોકન ઉપગ્રહ છે, જેને GSLV-F ૧૦ દ્વારા જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઑર્બિટમાં રાખવામાં આવશે. જે બાદ ઉપગ્રહ પ્રણોદન પ્રણાલીનો ઉપયોગ કરીને અંતિમ ભૂસ્થિર કક્ષામાં પહોંચશે. આ જીએસએલવી ઉડાનમાં પહેલીવાર ચાર મીટર વ્યાસનો ઓગિવ આકારનો પેલોડ ફેયરિંગ (હીટ શીલ્ડ) પ્રવાહિત કરવામાં આવશે. આ જીએસએલવીની ૧૪મી ઉડાન છે.

દિલ્હીમાં હિંસાગ્રસ્ત વિસ્તારમાં એનએસએ ડોભાલે સ્થાનિક લોકો સાથે મુલાકાત કરી

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે હિંસા પ્રભાવિત ઉત્તર પૂર્વી દિલ્હીના સીલમપુર અને મૌજપુરનો પ્રવાસ કર્યો છે. આ પહેલા તેમણે સીલમપુર ડીસીપી ઓફિસમાં અધિકારીઓ સાથે બેઠક કરી હતી. બેઠક બાદ અજિત ડોભાલ સ્થાનિક નાગરિકોને મળ્યા હતા. અજિત ડોભાલે એક મહિલા સાથે વાત કરતા કહ્યુ કે, 'પ્રેમની ભાવના બનાવી રાખો, અમારો એક દેશ છે, અમારે બધાએ મળીને રહેવુ જોઈએ. દેશને મળીને આગળ વધારવાનું છે. આ દરમિયાન ત્યા રહેલા લોકોએ કહ્યુ કે, 'તમારા હોવાને કારણે અમને કોઈ પરેશાની નથી, તમે આવી ગયા તો અમારામાં તાકાત આવી ગઈ.' ડોભાલે આ દરમિયાન કહ્યુ કે સ્થિતિ પુરી રીતે કાબુમાં છે. ડોભાલે લોકો સાથે વાત કરતા કહ્યુ કે કોઈ પણ તકલીફ થઈ તો અમને જણાવો, અહી પુરી ફોર્સ તમારા માટે તૈનાત છે.

ડોભાલ રાત્રે સાડા ૧૧ વાગ્યે સીલમપુર ડીસીપી ઓફિસ પહોંચ્યા અને ૧૨:૩૦ સુધી બેઠક બાદ ૮ કિલોમીટર સુધીની સફર ખેડીને તનાવપૂર્ણ વિસ્તારોમાં ગયા. જ્યાં તેઓ ભજનપુરા, મૌજપુર અને યમુના વિહાર જેવા વિસ્તારોમાં પણ ગયા. તેમણે ગાડીમાં બેસીને જ સ્થિતિનું નિરિક્ષણ કર્યું.

ટ્રમ્પ-મોદીની મુલાકાતથી અમેરિકાના સાંસદો ગદ્ગદ

વૉશિંગ્ટન

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિના કરેલા ભવ્યાતિભવ્ય સ્વાગત અને બંને વચ્ચે થયેલી મુલાકાતથી અમેરિકાના સાંસદો ભારે ખુશ થયા છે. તેમણે મોદી-ટ્રમ્પની મુલાકાતને અમેરિકાના રાષ્ટ્રીય હિતો તથા વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે ખુબ જ મહત્વની ગણાવી હતી. સેનેટર ટેડ ક્રુઝે કહ્યું હતું કે, ભારત એક મિત્ર છે, સહયોગી છે અને ધરતી પરનું સૌથી મોટું લોકતંત્ર છે.

બે દિવસ પહેલા જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીએ ભારતની મુલાકાતે આવ્યા હતાં. બે શક્તિશાળી નેતાઓની આ મુલાકાતની દુનિયા આખીએ નોંધ લીધી હતી. દુનિયામાં આ મુલાકાતના ઘેરા પડઘા પડ્યા હતાં. અમેરિકા અને ભારત આ મુલાકાતને બંને દેશોના ઉજ્જ્વલ ભવિષ્ય માટે મહત્વની ગણાવી રહ્યાં છે. હવે અમેરિકાના ઘણા સેનેટર પણ મોદી-ટ્રમ્પની આ મુલાકાતથી ગદગદ છે.

સેનેટર ક્રુઝે ટ્વિટ કરીને કહ્યું હતું કે, ટ્રમ્પ અને મોદીની મુલાકાત અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ છે. ગત વર્ષે ટેક્સાસમાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરતા મને ગર્વની અનુભુતી થઈ હતી અને ત્યાં મેં ભારત-અમેરિકી મિત્રાતા પ્રત્યે પોતાનો દ્રઠ સંકલ્પ દોહરાવ્યો હતો.

સાંસદ પીટ એલ્સને કહ્યું હતું કે- ભારતમાં ટ્રમ્પનું જે રીતે સ્વાગત થયું, તે જોઈ ખુબ જ સારૂ લાગ્યુ. ભારત વ્યાપાર અને કૂટનીતિ બંને મામલે અમેરિકાનું સૌથી મોટું ભાગીદાર છે. રિપબ્લિકન નેતા કેવિન મૈકકર્થીએ કહ્યું હતું કે, ભારતમાં ટ્રમ્પનું જે રીતે ગરમજોશીથી સ્વાગત કરવામાં આવ્યું, તે બંને દેશો વચ્ચે મજબુત સંબંધો દર્શાવે છે અને એ પણ સાબિત કરે છે કે, દુનિયા તેના કારણે સુરક્ષીત છે.

દિલ્હી હિંસા પર અમેરિકન સાંસદોએ આપી પ્રતિક્રિયા

માનવઅધિકારનાં ખતરાની વિરુદ્ધ બોલવું જોઈએ,હિંસા ક્યારેય સ્વીકાર્ય નહીં

ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતાનું ખતરનાક રીતે વધવું ડરામણું

વોશિંગ્ટન

નાગરિકતા સંશોધન કાયદાને લઈને દિલ્હીમાં થઈ રહેલી હિંસા પર અમેરિકાનાં કેટલાક સાંસદોએ પ્રતિક્રિયા આપી છે. અમેરિકી સાંસદ પ્રમિલા જયપાલે કહ્યું કે, "ભારતમાં ધાર્મિક અસહિષ્ણુતાનું ખતરનાક રીતે વધવું ડરામણું છે." ડેમોક્રેટિક પાર્ટીની પ્રમિલાએ કહ્યું કે, "લોકશાહી વહેંચવી અને ભેદભાવ કરવો સહન ના થવું જોઈએ અને ના ધાર્મિક સ્વતંત્રતાને ઓછી કરનારા કાયદાને પ્રોત્સાહન આપવું જોઈએ."

દિલ્હીમાં થયેલી હિંસાને લઈને પ્રમિલાએ એક ટ્વિટમાં લખ્યું કે, "દુનિયા જોઈ રહી છે." ગત વર્ષે પ્રમિલાએ એક સંસદીય રિઝોલ્યૂશન પણ રજૂ કર્યું હતુ જેમાં જમ્મુ-કાશ્મીરમાં કોમ્યૂનિકેશન પર પ્રતિબંધ ખત્મ કરવાની માંગ કરી હતી." તો અમેરિકી સાંસદ એલન લોવેંથલે પણ હિંસા પર કહ્યું કે, "નૈતિક નેતૃત્વની દુઃખદ અસફળતા." તેમણે કહ્યું કે, "ભારત માનવઅધિકારનાં ખતરાની વિરુદ્ધ આપણે જરૂર બોલવું જોઈએ."

ડેમોક્રેટિક પ્રેસિડેંશિયલ કેન્ડિડેટ અને સીનેટર એલિઝાબેથ વૉરેને કહ્યું કે, "ભારત જેવા લોકશાહી પાર્ટનર્સ સાથે સંબંધ મજબૂત કરવો જરૂરી છે, પરંતુ આપણે આપણા મૂલ્યો, ધાર્મિક આઝાદી અને અભિવ્યક્તિની આઝાદીને લઈને સત્ય બોલવું જોઈએ. શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની વિરુદ્ધ હિંસા ક્યારેય પણ સ્વીકાર્ય નથી."

અમેરિકી સાંસદ રશિતા તાલિબે કહ્યું કે, "આ અઠવાડિયે ટ્રમ્પે ભારતનો પ્રવાસ કર્યો, પરંતુ અસલી કહાની એ છે કે દિલ્હીમાં અત્યારે મુસ્લિમોની વિરુદ્ધ સાંપ્રદાયિક હિંસા થઈ રહી છે. આપણે ચુપ ના રહી શકીએ કારણ કે દેશભરમાં હિંસા થઈ રહી છે." અમેરિકી કમિશન ફૉર ઈન્ટરનેશનલ રિલિઝિયસ ફ્રીડમે ટ્વિટ કરીને કહ્યું છે કે, 'ખતરનાક ભીડ દિલ્હીમાં મુસ્લિમોને નિશાન બનાવી રહી છે. મોદી સરકારે ધાર્મિક લઘુમતીઓની સુરક્ષાની ખાતરી કરવી જોઈએ.

ભાગેડુ નિરવ મોદીની લક્ઝરી કાર-દુર્લભ ઘડિયા-પેઈન્ટિંગ્સની આજે હરાજી

ન્યુ દિલ્હી

ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીની રોલ્સ રોયસ ઘોસ્ટ કાર, ડાયમંડ હેન્ડ ઘડિયાળ, દુર્લભ પેઈન્ટિંગ સહિત ૧૧૨ મિલકતોની હરાજી કરવામાં આવી રહી છે.આ સામાનો માટે ગુરૂવારે હરાજી થઈ શકે છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કરફથી નીરવ મોદીના આ સામાનની હરાજી સેફરનઆર્ટ દ્વારા કરવામાં આવશે. આ સામાનોની લાઈન હરાજી થશે. પંજાબ નેશનલ બેંકના લગભગ ૧૪,૦૦૦ કરોડ રૂપિયાના ઘોટાળાના આરોપી નીરવ મોદી દેશ છોડીને ભાગી ગયો હતો અને બાદમા તે યૂકેમાં જોવા મળ્યો હતો.

નીરવ મોદીના સમાનની હરાજી બે તબક્કામાં સેફરનઆર્ટ દ્વારા કરવામાં આવશે. આગામી અઠવાડીએ ૩ અને ૪ માર્ચે પણ ઓનલાઈન હરાજી પણ કરવામાં આવશે. ૭૨ સામાનો માટે બોલી લગાવવામાં આવશે.

સેફરનઆર્ટે પાછલા વર્ષે પણ માર્ચમાં નીરવ મોદીના સામાનની હરાજી કરી ૫૫ કરોડ રૂપિયાથી વધુ ભેગા કર્યા હતાં. તેમનુ કહેવુ છે કે, ગુરૂવારે ૧૧૨ વસ્તુઓની લાઈન હરાજી થશે. ત્યાર બાદ આવતા અઠવાડીએ પણ એક લાઈવ હરાજી થશે. જણાવી દઈએ કે, હરાજીની રકમમાંથી બેંકોની બાકી ચૂકવણી કરવામાં આવશે.જોકે,એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે નીરવ મોદીની ફરાર થયા બાદ કરોડોની સંપત્તિ જમ કરી હતી.

દિલ્હી હિંસા મુદ્દે દિલ્હી હાઈકોર્ટનો પોલીસને આદેશ

ભડકાઉ ભાષણથી હિંસા ફેલાવનાર ત્રણ ભાજપ નેતાઓ વિરુદ્ધ FIR દાખલ કરો

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસા પર બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. આ સુનાવણીમાં ભાજપના નેતાઓ વિરૂદ્ધ એફઆઈઆર અને હિંસાની તપાસ માટે એસઆઈટીની રચનાની માંગ પર દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. કોર્ટે આદેશ આપ્યો કે હેટ સ્પીચના તમામ કેસમાં એફઆઈઆર દર્જ કરવામાં આવે. દિલ્હી હાઈકોર્ટે પોલીસ કમિશનર પાસે કાલ સુધી જવાબ માંગ્યો છે. દિલ્હી હાઈકોર્ટમાં સોલિસિટર જનરલ તુષાર મેહતાની પેરવીને લઈને વકીલ રાહુલ મેહરાએ સવાલ ઉઠાવ્યા હતા, તેમણે કહ્યુ કે ઉપરાજ્યપાલ વગર દિલ્હી સરકારની સલાહથી પોલીસ પૈરવી કરી શકતી નથી. આ નિયમની વિરૂદ્ધ છે. તુષાર મેહતાએ માંગ કરી કે કેન્દ્રને પણ આ મામલે પક્ષકાર બનાવવામાં આવવા જોઈએ અને સુનાવણી કાલે રાખવાની વાત કહી પરંતુ જસ્ટિસ મુરલીધર સુનાવણી ટાળવાના મૂડમાં નહતા. કોર્ટના આદેશ બાદ દિલ્હી પોલીસ કમિશનર તમામ વીડિયો જોશે અને ગુરૂવારે જવાબ આપશે. હેટ સ્પીચને લઈને તમામ વીડિયો જોયા બાદ દિલ્હી પોલીસ કમિશનર તરફથી હાઈકોર્ટમાં પોતાનો જવાબ દાખલ કરવામાં આવશે. હાઈકોર્ટ ગુરૂવાર બપોરે ૨:૧૫ વાગ્યે પોલીસનો જવાબ સાંભળશે.

બોર્ડની પરીક્ષા ફરીથી આવી શકે છે, જિંદગી નહીં

બોર્ડની પરીક્ષા હવે ખૂબ જ નજીક છે. પરીક્ષાઓ આવતાની સાથે જ જાત જાતના વિચારો અને ભવિષ્યની ચિંતાઓમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ગરકાવ થઈ જાય છે. પરંતુ તેની સીધી અસર બાળકોના મન પર પડે છે. પરીક્ષાને ખૂબ જ સરળતાથી કઈ રીતે લઈ શકાય તે વિશે આજે આપણે આ લેખ માં જોઈશુ.

વાલીઓનું લાગણીભર્યું નિરીક્ષણ:બાળકોના સુંદર ભવિષ્યની ચિંતા દરેક માતા પિતા ને હોય છે અને હોવી જ જોઈએ, પરંતુ ક્યાંક એ ચિંતા બાળકો માટે સમસ્યારૂપ ના બની જાય તેનું આજ ના દરેક વાલીએ ધ્યાન રાખવું જોઈએ. અમુક વાલીઓ બાળકો ને જોઈએ તેટલી છૂટ આપતા નથી, હંમેશા તેને રોક ટોક કરી ને પોતાનું ધાર્યું જ કરાવે છે. આ પ્રકારનું વર્તન બાળકના આંતરિક વિકાસ માં અવરોધ રૂપ બંને છે. બાળક ના મન માં એક ડર પેસી જાય છે અને તે પરીક્ષામાં જોઈએ તેટલું સારુ પ્રદર્શન કરી શકતું નથી આથી દરેક વાલીઓ એ નિરીક્ષણ કરવું જોઈએ પણ લાગણીભર્યું નિરીક્ષણ કરવું જોઈએ અને સતત પ્રોત્સાહન પૂરું પડવું જોઈએ.

અપેક્ષાઓ નું પ્રમાણ ઓછું રાખવું જોઈએ:અપેક્ષા રાખવી એ ખૂબ સારી વાત છે, પરંતુ ક્યારેક અપેક્ષાઓમાં અતિરેક થાય ત્યારે વ્યક્તિનું પોતાનું જ નુકશાન વધુ થાય છે.મોટા ભાગના વાલીઓ પોતાના બાળકની ક્ષમતાઓ થી પણ ઊંચે જઈને અપેક્ષાઓ રાખતા હોય છે, જેમ કે મારાં બાળકના એટલા ગુણ તો આવવા જોઈએ જ, ના કેમ આવે? આવા શબ્દો વાલીઓ બાળક સામે અને અન્ય લોકો સામે બોલતા હોય છે. ત્યારે બાળકના મન માં એક ભય પેસી જાય છે માતા પિતાની અપેક્ષાઓ પૂરી કરવાનો અને તે રાત દિવસ આજ વિચારોમાં રમ્યા કરે છે. વાલીઓએ પરીક્ષાના સમયમાં બાળક ને સતત પ્રોત્સાહિત કરતા રેહવું જોઈએ અને કહેવું જોઈએ કે આ એક પરીક્ષા છે, જે આવે અને જાય જિંદગી નથી, જિંદગી હજુ તો ખૂબ જ લાંબી છે અને આવી તો ઘણીએ પરીક્ષાઓ સર કરવાની છે, આથી બાળકનો આત્મવિશ્વાસ જાગશે અને બાળક નિ:સંકોચ પરીક્ષા આપી શકશે.



મગજ ને આરામ, પૂરતી ઉંઘ અને યોગ્ય ખોરાક: સામાન્ય રીતે પરીક્ષાઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ બાળક ના મગજ માં વિવિધ પ્રકાર ના વિચારો ચાલવા લાગે છે, ક્યારેક ક્યારેક બાળક ને વાંચેલું પણ ભુલાઈ જતું હોય તેમ લાગે છે. પરીક્ષાને તે વધુ પડતી ગંભીર રીતે લેવા લાગે છે તે સમય માં બાળક ની સાથે રહી ને તે તણાવમુક્ત રહે તેવા પ્રયત્નો વાલીઓએ કરવા જોઈએ. કસોટી નજીક આવતા અભ્યાસક્રમ પૂરો વાંચવો પડશે તેવા ડરથી બાળક રાત ના ઉજાગરા કરતો થઈ જાય છે.અને વધુ પડતા ઉજાગરાથી આગળ જઈ ને બાળક નું સ્વાસ્થ્ય પણ બગડી શકે છે.આથી બાળક પૂરતી ઉંઘ લે છે કે નહીં તે પણ વાલીઓએ ધ્યાન માં રાખવું જોઈએ.ખાનપાન પણ પરીક્ષા ના સમયે યોગ્ય હોવું જોઈએ. વધારે પડતો બહાર નો અને અયોગ્ય ખોરાક બાળક ના સ્વાસ્થ્ય પર અસર કરે છે અને પરીક્ષાના સમયે જ બાળક બીમાર પડે તો તેના ભવિષ્યને મોટુ નુકશાન પહોચી શકે છે. આથી મગજનો આરામ, પૂરતી ઉંઘ અને યોગ્ય ખોરાક ઉપર માતા પિતા એ ખાસ ધ્યાન આપવું જોઈએ.

નકારાત્મક પ્રતિભાવો અને સગાસબંધીઓ સાથે ની મુલાકાતો થી બાળકને દૂર રાખો:બાળકો ના મન ખૂબ જ ચંચળ હોય છે.તે કોઈક એ કહેલી સારી કે ખોટી વાતો તરત જ માની જાય છે અને જીવનમાં તેને મહત્વનું સ્થાન આપવા લાગે છે.સારી વાતો ગ્રહણ કરે બાળક ત્યાં સુધી તો કોઈ જ વાંધો નથી આવતો પરંતુ નકારાત્મક પ્રતિક્રિયાઓ જયારે બાળક ના કોમળ મન પર અસર કરવા લાગે તે વસ્તુ બાળક માટે યોગ્ય નથી. ખાસ કરી ને પરીક્ષાના સમય દરમિયાન બાળક ક્યાંક ને ક્યાંક હૂંફ શોધતું હોય છે. અને કોઈક એ કહેલી કોઈ પણ વાત ને અનુસરવા લાગે છે અને સાચી માની બેસે છે.બાળક ને કોઈક કહે કે તારો આ વિષય ખૂબ જ કાચો છે. ભલે પછી તે વિષયમાં બાળક ખૂબ જ નિપુણ હોય તો પણ સાચું માની લે છે અને તે વિષય માં તે નિરસ બની જાય છે.બીજી વસ્તુઓ પરીક્ષા આવતાની સાથે જ ઘરે સગાઓ ની ભીડ જમા થઈ જાય છે. દરેક વ્યક્તિની ઈચ્છા હોય છે પરીક્ષા માટે ના શુભકામના ના સંદેશની પરંતુ તેટલો સમય બાળકનો બગડે છે અને બાળક નું ધ્યાન વિચલિત થઈ જાય છે આથી બની શકે તો ફોનથી જ શુભેચ્છાઓ પાઠવીએ તો યોગ્ય રહે.

અણગમતી સરખામણી:માતા પિતા પોતાના બાળક ને લઈ ને ખૂબ જ ઉત્સાહી હોય છે એ વાત યોગ્ય છે, પણ પોતાના બાળકની અન્ય બાળકો સાથે સરખામણી કરવી તે કેટલા અંશે યોગ્ય છે. દરેક બાળક પોતાની ક્ષમતા અનુસાર મહેનત કરતો હોય છે, અને પરિણામ પણ ક્ષમતા અનુસાર જ મળે છે. બીજા બાળક સાથેની સરખામણીથી બાળક ના મન માં પોતાના માટે ની છાપ અલગ પડે છે અને પોતાની જાત ને તે નીચી સમજવા લાગે છે આથી પોતાનું બાળક જે છે એ જ બેસ્ટ છે તેવા વિચારોથી બાળક ને હંમેશા ખુશ અને પ્રોત્સાહિત કરવું જોઈએ.આથી બાળક નો માનસિક વિકાસ મજબૂત થશે અને પરીક્ષામાં ખૂબ જ સરસ પરિણામ મેળવી શકશે.

શિક્ષણની કસોટી છે, જિંદગીની નહીં:માતા પિતા એ હંમેશા બાળક ને સારા વિચારો અને હકારાત્મક લાગણીથી સજાવીને રાખવું જોઈએ.બાળક નું મગજ એટલું કાર્યશીલ અને મજબુત રાખવું જોઈએ કે કોઈ ખોટો વિચાર એના મગજ માં ઘર કરી ના જાય. આવો સમયગાળો બાળક માટે ખૂબ જ સંવેદનશીલ હોય છે. બાળક વધુ પડતું ભાવુક થઈ જાય છે. પોતાના ભવિષ્યની ચિંતામાં આવા સમય માં વાલીઓ એ બાળક ને સમજાવું જોઈએ કે પરીક્ષાઓ તો આવે અને જાય. પરંતુ વ્યક્તિએ ક્યારેય હિમ્મત ના હારવી જોઈએ.આ ફક્ત શિક્ષણની પરીક્ષા છે જિંદગી ની નથી. કઠણ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. મહેનતનું ફળ વહેલું કે મોડું મળે જ છે આથી હંમેશા ભગવાન માં શ્રદ્ધા રાખી ને મહેનત કરવી જોઈએ.ભગવાન ચોક્કસ ફળ આપે જ છે, આથી બાળક આધ્યાત્મિક બનશે અને તેને કોઈ ડર નહીં રહે. અને આપનું બાળક ચોક્કસ સફળતાના ઊંચા શીખરો સર કરશે.

માયાભાઈ આહીરને ત્યાં લગ્ન પ્રસંગમાં ફાયરિંગ, ઢોલ વગાડનારાને ગોળી લાગતા ઘાયલ

ભાવનગર

ભાવનગર જિલ્લાના દાઠાના બોરડા ગામે મોડી રાત્રે લગ્ન પ્રસંગમાં વરઘોડામાં ફાયરિંગની ઘટના બની હતી. જાણીતા સાહિત્યકાર માયાભાઈ આહીરને ત્યાં લગ્ન પ્રસંગ હતો, અને અમરેલીથી આવેલા જાનૈયાઓમાંથી કોઈએ ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં ડ્રમ વગાડવા આવેલ મંડળીના એક કલાકારને ગોળી વાગી હતી. અમદાવાદ વાડજના રહેવાસી ડ્રમ મંડળીના દશરથ રાઠોડને ગોળી વાગી હતી. ગળાના ભાગે ગોળી વાગતા કલાકારને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ભાવનગર જિલ્લાના તળાજાના બોરડા ગામે ગત મોડી રાત્રે લોકસાહિત્યકાર માયાભાઈ આહીરને ત્યાં લગ્ન પ્રસંગ હતો. ત્યારે લગ્ન પ્રસંગે નીકળેલા વરઘોડામાં કોઈ વ્યક્તિએ ઉત્સાહમાં આવી હવામાં ફાયરિંગ કર્યું હતું. ત્યારે એક વ્યક્તિને ગોળી વાગતા ઈજા થઈ હતી. અમદાવાદના વાડજના ઢોલીને જાનમાં ઢોલ વગાડવા બોલાવવામાં આવ્યા હતા. વરઘોડો બજારમાં ફરી રહ્યો હતો, ત્યારે જ કોઈએ પોતાની પાસેના હથિયાર વડે હવામાં ફાયરિંગ કર્યું હતું, જે ફાયરિંગમાં અમદાવાદથી ઢોલ વગાડવા આવેલા ઢોલીને ગોળી વાગી હતી. ઈજા થતાં ઢોલીને ભાવનગરની ખાનગી હોસ્પિટલે ખસેડાયો છે.

બોરડા ગામે કલાકાર માયાભાઈ આહીરના ઘરે દીકરીનો લગ્ન પસંગ હોય અમરેલીના ડેર પરિવારની જાન બોરડા આવી હતી. એવી વિગતો સામે આવી રહી છે.



વાત મારી જો તને સમજાય તો, દેજે હોંકારો મને દેવાય તો.
પ્રેમની સરખી રમત છે બેઉની, કેમ ચાલે એકથી જીતાય તો?
બેંકમાં જઈ ખાતુ ખોલાવું તરત, હેતનું લેણું જો પૂરું થાય તો.
હાથ ઝાલી ચાલવામાં ડર નથી, ચાલશે, એકકેથી ના દોડાય તો?
પથ્થરોમાં સ્મિત રેલાવી લઉં, ટાંકણું જો હાથમાં પકડાય તો?

- કાવ્યાલ્પ, અલ્પા વસા

•

મળી છે જીંદગી મજાની જીવી લેજો
સામા મળે કોઈ જીવ ઈશને યાદ કેજો
છે મૃગજળ જેવી જીંદગી આ તો
સુ:ખ દુ:ખને સમાન માની હસતા રેજો
પર દેશ જાતા પંખી ન પાછા વળતા
યાદ આવે પ્રિતમ ગમતા ગીત ગાજો
હોય ન હોય પાસ પ્રેમ તમાશો
તમ હૈયામાં યાદ એક હસતી પાજો
ઈશનું છે એક નેમ એવું તેજલ
તડકા છાયા વારા પછી સૌ દેખજો

- તેજલ વઘાસિયા (ઉમરાળી,જૂનાગઢ)

•

લાગે એવું કે દુનિયા સ્વાર્થમાં સમાય છે,
માનવતા આપણી લાગણીમાં રમાય છે.
ક્યાં સુધી દૂર જશો તમે એકબીજાથી,
કામ તો પોતાનાંઓ આવશે જણાય છે.
રમે છે એકબીજાઓની ભાવનાઓથી,
તોડી એના વિશ્વાસને દ્વેષમાં લંબાય છે.
રાગ, ઈર્ષ્યા કરે છે એકબીજાનું નુકશાન,
પોતાના નફામાં ખુદની ખોટ ખવાય છે.
જો સંબંધમાં નાતો રાખશો વિશ્વાસનો,
તો સબંધ પણ પોતાનામાં વણાય છે.

- કાતરીયા વૈશાલી (રાજુલા)

•

પ્રેમ ને નામે ઈન્સાન સદીઓથી મરતો રહ્યો,
હોય દુ:ખી પણ ચહેરે થી સદા હસતો રહ્યો.
કારણ ગમે તે હોય પણ ગમ માં ફસતો રહ્યો,
વારંવાર આ ઉલ્જનો ઉકેલવા મથતો રહ્યો.
દિવસ રાત બસ એક જ પ્રાર્થના કરતો રહ્યો,
જ્ઞાન ના એ અજવાળા સદા તે ઝંખતો રહ્યો.
માર્ગદર્શક કોઈ મળી જાય તેવું ઈચ્છતો રહ્યો,
હમસફર હોય પ્યારું તેવું સ્વપ્ન જોતો રહ્યો.
મંઝીલ ની દૂરી જોઈને કાયમ ગભરાતો રહ્યો,
કાપી લીધું કેટલું અંતર તે નહીં બાકી ને રોતો રહ્યો.
જવાનું છે સૌને એક દિવસ તે આનાકાની કરતો રહ્યો,
પુરુષાર્થ વગર સદાય તે પ્રારબ્ધ ને જ કોસતો રહ્યો.

- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

•

પાપા-પગલી ભરીને નાનકડી પરી મોટી થઈ પિયરમાં,
મીઠીમધુરી લાગણીઓથી છવાઈ ગઈ સહુના હૃદયમાં.
પિયરમાં જતનથી લાડલીને ઉછેરી માવતરે લાડકોડમાં,
જાણે માળી ઉછેરે કળીને અને પરિવર્તિત થાય પુષ્પમાં.
પિયરમાં આવે સમય મહેકવાનો લાડલીનો પમરાટમાં,
સોંપી દેવાય લાડલીનો હાથ મનના માણીગરના હાથમાં,
પિયરમાં હસતી ખેલતી લાડલી સદૈવ ખુશ રહે સંસારમાં,
આશિષ આપી કન્યાવિદાય આપે માવતરના અંતરાત્મા.
પ્રસંગ મિલન અને વિદાયનો ગણાય અનેરા અવસરમાં,
મનોમંથન થતું હશે કેવું લાડલીના માવતરના દિલમાં.
જન્મ થયો એ ઘરને પિયરના નામે કંડારીને રાખે હૃદયમાં,
પલપલ યાદ આવે પિયર ધબકે લાડલીના ધબકારમાં.

- ચેતના ગણાત્રા 'ચેતુ', મુંબઈ

•

સ્વભાવે સ્વભાવે ફરક પડે છે, ક્યાં અણગમતું કરવા ઈચ્છે છે.
વિચારોમાં ભિન્નતા જ નડે છે, અનુકૂલન કેટલી હદે ગમે છે.
લાગણીને કહેતા હાંફ ચડે છે, લાગણીને માત્ર શબ્દ જ ગણે છે.
માનસિકતા એવી જડ થાય છે, હૈયું અને મન રોજ ઝગડે છે.
અસ્તિત્વ ત્યારે ધૂંધળું બને છે, સ્મિત સાથે જીવન વિતે છે.
મન એવી પરિપક્વતા ઝંખે છે.

- કૃપા ચરાડવા, પોરબંદર

•

અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવજો પ્રભુ,
ભૂલોથી ભરેલું જીવન મારું રાહ સાચો બતાવજો પ્રભુ,
દુ:ખ જોઈ કોઈનું હૈયા સરસો ચાંપી પ્રેમથી નવાજું,
મુજ હૃદયમાં કરૂણા રૂપી ઝરણું સદા વહાવજો પ્રભુ,
આ સૃષ્ટી રૂપી સમંદરમાં કેટલા પીડિત છે જો લોક,
પ્રેમથી હાથ ઝાલી નૈયા એની તમે હંકારજો પ્રભુ,
ધરતી પર વધી જાય પાપ તણો બોજ જ્યારે જ્યારે,
પાપીઓનો નાશ કરવા વચન તમારું નિભાવજો પ્રભુ.
ધર્મના નામે થાય છે નર સંહાર સદીઓથી અહીં.
માણસાઈનો દીવો સૌના દિલમાં તમે જલાવજો પ્રભુ,

- કુસુમ કુંડારિયા, જૂનાગઢ

•

સ્નેહની સરવાણી, જ્યારે વહેતી હતી ,
ને મારે પ્રેમની વાત, ત્યારે કહેવી હતી !
લાગણીનો અહેસાસ, થયો હૈયે જ્યારે ,
પ્રેમની વ્યાખ્યા એ ખુદ મને કહેતી હતી !
ભાવના હતી આ અંતરમાં એના પ્રત્યે ,
એ લાગણી વ્યક્ત કરવી સહેલી હતી !
હૃદયમાં પ્રેમ નહિ ને વાસના હતી એવી ,
ત્યારે આ જિંદગી ભૂલથી ભરેલી હતી !
બરબાદ ત્યારે થયો જ્યારે દૂર થઈ એ ,
ને જીંદગીમાં ખૂબ વધારે મુશ્કેલી હતી !
વિચાર એવો આવ્યો ખુદની હત્યાનો ને ,
એ માની આંખો પણ ભીંજાયેલી હતી !
ભૂલી જઈશ ભૂતને જે વીત્યું મુજ પર ,
નવી સવાર જિંદગીની નવી પહેલી હતી !
આવી એ ઉડતી શેલી જીવનમાં જ્યારે ,
ત્યારે સ્વપ્ન રાહની પાંખ ફેલાયેલી હતી !

- કિશન પટેલ "સ્વપ્ન રાહ" સુરત

ખંભાતમાં શાંતિનો માહોલ, પોલીસના રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ વચ્ચે બજારો ખૂલ્યા

આણંદ

આણંદ જિલ્લા ખંભાત ખાતે સળગેલા છેલ્લા ત્રણ દિવસ બાદ અંજપાભરી શાંતિ બુધવારે જોવા મળી. વહેલી સવારથી લોકો પોતપોતાના કામ ધંધે લાગ્યા હતા. છેલ્લા ઘણા સમયથી ખંભાતમાં અસામાજિક તત્વો દ્વારા ખંભાતને બાનમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો હતો. સરકાર મોડી મોડી જાગીને તાત્કાલિ પગલાં લીધા હતા. જેમાં સૌથી પહેલા એસપી અને ડિવાઈસેપીની બદલી કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજ્યના વડાએ તપાસનો દોર પોતાના હાથમાં લીધો હતો અને તમામ વિગતો જાણીને લોકો પાસેથી માહિતી મેળવી હતી.

ખંભાતમાં હિંસા પછી રાજ્ય સરકાર સતર્ક થઈ હતી. ગુજરાતના ડીજીપી શિવાનંદ ઝાએ લીધી ખંભાતની મુલાકાત લીધી હતી. જેના બાદ કહ્યું હતું કે, શાંતિ ડહોળનારાઓને બક્ષવામાં નહી આવે. તો ખંભાતમાં ત્રણ દિવસના અજંપા બાદ આજે સવારથી જ શાંતિનો માહોલ જોવા મળ્યો છે. સવારથી બજારો રાબેતા મુજબ ખૂલ્યા છે. પોલીસ દ્વારા રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. તો સાથે જ આણંદના એસપી અજીત રાજ્યાને પણ કહ્યું કે, પોલીસ દ્વારા રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.

સામાન્ય રીતે અકબરપુરા અને આજુબાજુના વિસ્તારમાં સામાન્ય કોમી છમકલાં થતા હતા. પણ ૨૩ ફેબ્રુઆરીના રોજ અસામાજિક તત્વો દ્વારા પીજપુરમાં જે આંતક મચાવવામાં આવ્યો હતો, તેના કારણે સામાન્ય માણસોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાતા પોલીસ દ્વારા તાત્કાલિક પગલા લેવાનું શરૂ કરાયું હતું.

બજેટ-૨૦૨૦: વીજ કરમાં રૂ. ૩૩૦.૧૬ કરોડની રાહતો આપવામાં આવી

કોલ્ડ સ્ટોરેજ-ધાર્મિક સ્થળો-ધર્મશાળાઓને વીજકરમાં રાહતો

ગાંધીનગર

ગુજરાત સરકારના બજેટ-૨૦૨૦માં વીજકરમાં કુલ ૩૩૦.૧૬ કરોડની રાહતો આપવામાં આવી છે. આ રાહતો સાથે બજેટમાં કુલ અંદાજિત પૂરાંત રૂ. ૨૭૫.૨૭ કરોડ રહે તેમ છે.

સરકારે ખેડૂતો માટેના કોલ્ડ સ્ટોરેજ પર હાલમાં લેવાતા ૨૦ ટકા વીજકરમાં ઘટાડો કરીને ૧૦ ટકાની દરખાસ્ત કરી છે. જેનો લાભ ૧૩૦૦ કોલ્ડ સ્ટોરેજને મળશે.

ધાર્મિકસ્થળો પર વસૂલાતા વીજકરમાં હાલમાં ૨૫ ટકા લેવાય છે. જેમાં ઘટાડો કરીને ગ્રામ્ય વિસ્તારમાં ૭.૫ ટકા અને શહેરી વિસ્તારમાં આવેલા કોઈ પણ ધર્મના ધાર્મિક સ્થળ પાસેથી હવે ૧૫ ટકા પ્રમાણે વીજકર લેવાશે.

ધર્મશાળાઓ પર લેવાતા વીજકરમાં હાલમાં ૨૫ ટકા લેવાય છે. તેમાં ઘટાડો કરીને એચ.ટી. જોડાણ ધરાવતી ધર્મશાળાઓ માટે ૧૫ ટકા અને એલ.ટી. વીજ જોડાણ ધરાવનાર ધર્મશાળા માટે ૧૦ ટકા પ્રમાણે લેવાશે. જેનો લાભ અંદાજે ૮૧૫ ધર્મશાળાને મળશે. રેસિડ્યુઅરી કેટેગરી એટલે કે વેપારી અને વાણિજયિક વર્ગ સહિત) પરનો વીજ કર ૨૫ ટકા મુજબ લેવાય છે. જે હવે ૨૦ ટકા કરવાની દરખાસ્ત છે. જેનો લાભ અંદાજે ૩૦ લાખ દુકાનદારો, વેપારીઓ, કારીગરો વગેરેને મળશે. વીજકરમાં કુલ ૩૩૦.૧૬ કરોડની રાહતો છે.

નાણાંમંત્રીએ ૬૦૫.૪૩ કરોડની અંદાજિત પૂરાંતવાળુ બજેટ રજૂ કર્યું હતું. જેમાંથી ૩૩૦.૧૬ કરોડની રાહતો આપવામાં આવતાં હવે કુલ અંદાજે ૨૭૫.૨૭ કરોડની પૂરાંત રહેશે.

અમદાવાદનાં ૬૦૯માં સ્થાપના દિન નિમિત્તે મેયર બીજલ પટેલે માણેક બુર્જની પૂજા કરી

અમદાવાદ

ગુજરાતના બે પનોતા પુત્રો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની અમદાવાદ કર્મભૂમિ રહ્યું છે. સરદાર પટેલે ધીકતો વકીલાતનો વ્યવસાય છોડીને તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૧૭થી જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો. તેઓ દરિયાપુર વોર્ડમાંથી ચૂંટાયા હતા. સરદાર પટેલ તારીખ ૯ ફેબ્રુઆરી ૧૯૨૪થી ૧૩ એપ્રિલ ૧૯૨૮ સુધી અમદાવાદ મ્યુનિસિપાલીટીના પ્રમુખ પદ પર રહ્યા હતા. તે વેળાએ કોટ વિસ્તારમાં શહેર ધબકતું હતુ પણ શહેરને કોટ વિસ્તાર બહાર વિકાસનું કામ સરદારે કર્યું હતું. તેમણે એલિસબ્રિજ અને મણિનગરનું ટાઉન પ્લાનિંગ કર્યું હતું તે માટે તેમણે કોટ વિસ્તારને ફરતે આવેલી દિવાલને તોડાવી હતી. તેનો સુનેહરો ઈતિહાસ છે. બીજી તરફ મહાત્મા ગાંધીએ પણ આઝાદી લડાઈમાં અમદાવાદને કર્મભૂમિ બનાવી હતી. આ પહેલા તેઓએ તારીખ ૨૦મી મે ૧૯૧૫ના રોજ કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમ કર્યો હતો. તારીખ ૧૭મી જુન ૧૯૧૭ના રોજ વાડજની સીમમાં સાબરમતી આશ્રમની સ્થાપના કરી હતી.

માણેકચોકના ગુરૂ માણેકનાથના મંદિરે શ્રધ્ધાંજલી આપીને તથા વર્ષ ૧૪૧૧માં જ્યાં અમદાવાદનો પાયો નખાયો હતો. તે માણેક બુર્જ ખાતે ધ્વજ પૂજા કરીને અમદાવાદ શહેરનો ૬૦૯મો સ્થાપના દિન આજરોજ મનાવવામાં આવ્યો. નાથ પંથના ૮૪ સિધ્ધ ગુરૂઓમાં સ્થાન ધરાવતા ગુરૂ માણેકનાથજીના આશિર્વાદ મેળવીને એહમદશાહ બાદશાહે તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૪૧૧ના રોજ માણેક બુર્જ ખાતે શહેરનુ નિર્માણ ચાલુ કર્યુ હતું. ગુરૂના આશિર્વાદથી અમદાવાદ શહેર વિકસતુ જાય છે અને સમૃધ્ધ બનતુ જાય છે. અમદાવાદનાં મેયર બીજલબેન પટેલ અને માણેકનાથજીની ગાદી અને નાથ પરિવારના ૧૩મા મહંત ચંદનનાથજી ધ્વજ પૂજા કરીને તથા ફૂલહાર કરીને ગુરૂ માણેકનાથજીના આશિર્વાદ લીધા. ગુરૂ માણેકનાથજીના મંદિરે સવારે ૮-૧૫ કલાકે કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે અને એ પછી ૯-૦૦ કલાકે ધ્વજ પૂજા કરી. અમદાવાદ એક અનોખું શહેર છે. કારણ કે મોટા ભાગના શહેરોમાં લોકોને એ પણ ખબર નથી કયા સ્થળે શહેરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. એવાં પણ ખૂબ ઓછાં શહેર છે કે જેના વારસો પોતાના પૂર્વજોના તહેવારો અને પરંપરાને જાળવી રહ્યા છે.

ચોટીલા, માધવપુર અને માંગરોળમાં પ્રથમવાર સિંહની વસ્તી ગણતરી કરાશે

ગીર

એશિયાટિક સિંહોની વસ્તી ગણતરી આગામી મે માસમાં યોજાનાર છે. આ માટેની તૈયારીઓ વનવિભાગે શરૂ પણ કરી દીધી છે. દરમિયાન છેક પીસીસીએફથી લઈને બીટ ગાર્ડ સ્તરે જુદી જુદી કામગીરી હાથ ધરાશે. આ વખતે તેમાં નવા વિસ્તારોનો ઉમેરો પણ થનાર છે. તાજેતરમાં જ સિંહો રાજકોટના સીમાડા ઓળંગીને ચોટીલા સુધી પહોંચી ગયા હતા. આથી આ વખતે સિંહોની વસ્તી ગણતરીમાં ચોટીલાનો પણ સમાવેશ થશે. આ ઉપરાંત છેલ્લા ૫ વર્ષ દરમિયાન માધવપુર (ઘેડ)થી લઈ માંગરોળ પંથકમાં પણ વારંવાર સિંહો જોવા મળ્યા છે. તો માણાવદર તાલુકામાં પણ માધવપુર પહોંચેલા સિંહોના ગૃપે રાતવાસો કર્યો હતો. ત્યાં સુધીમાં સિંહોએ વળી નવા વિસ્તારમાં પ્રસ્થાન કર્યું હશે તો તેનો પણ વનવિભાગે સમાવેશ કરવો પડશે. આ વખતે અમરેલી અને ભાવનગર જિલ્લાઓમાં પણ નવા ડિવીઝનો અસ્તિત્વમાં આવી ગયા છે. તાજેતરમાં છેક પીપાવાવ પોર્ટ સુધી પણ સાવજો પહોંચી ગયા છે.

બપોરે ૩ વાગ્યે સક્કરબાગ ઝૂ ખાતે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. જેમાં સિંહોની વસ્તી ગણતરીની તૈયારી અંગે ચર્ચા થઈ હોવાની વાતો વહેતી થઈ હતી.

કામ પર જતી પત્ની પર ચારિત્ર્યની શંકા રાખી ઝાડીમાં લઈ જઈ પતિએ માર માર્યો

સુરત

કીમના ઝાડી જંગલમાંથી ઈજાગ્રસ્ત હાલતમાં શ્રમજીવી મહિલા મળી આવી હતી. ત્યારબાદ મહિલાને ૧૦૮ની મદદથી સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. મહિલાએ જણાવ્યું હતું કે, પતિ અવાર નવાર માર મારતો રહે છે. આજે સવારે કામ પર જતા સમયે ઝાડી જંગલમાં લઈ જઈને ફટકાથી માર માર્યો હતો અને તડફડતી હાલતમાં છોડીને ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી પ્રમાણે, કોસંબા પાટીયા પાસે મૂળ યુપીની શ્રમજીવી મહિલા પતિ અને પુત્ર સાથે રહે છે. પતિ બેકાર છે અને પત્નીના ચારિત્ર્ય પર શંકાને લઈને અવાર નવાર મારઝૂડ કરતો હતો. દરમિયાન સવારે કામ પર જતી પત્નીને કીમ નજીક ઝાડી જંગલમાં લઈ જઈને પતિએ ફટાકાથી માર માર્યો હતો. ત્યારબાદ તડફડતી હાલતમાં પત્નીને પતિ છોડીને ફરાર થઈ ગયો હતો. લાચાર અને દર્દથી પીડિત મહિલાની ચિચયારી સાંભળી રાહદારી મદદે દોડી આવ્યો હતો. ત્યારબાદ ૧૦૮ની મદદથી મહિલાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલ ખસેડાયેલી મહિલાએ વ્યથા વર્ણવતા જણાવ્યું હતું કે, ચારીત્ર્ય પર શંકા રાખી પતિ અવાર-નવાર માર માર્યા કરે છે. ત્યારબાદ ભાગી જાય છે. કામ પર કેમ જાય છે કહીં માર માર્યા કરે છે. અત્યાચારી પતિથી પોલીસ પણ થાકી ગઈ છે.

વ્યારામાં મેગા આયુર્વેદ તથા હોમિયોપેથી કેમ્પ યોજાશે

વિનામુલ્યે રોગનું મિશન કરી સારવાર પણ અપાશે

વ્યારા

તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતેઆગામી તારીખ ૨૭મી ફેબ્રુઆરીએ જિલ્લા કક્ષાનો મેગા આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ આયોજિત કરાયો છે.

તા.૨૭/૨/૨૦૨૦ ને ગુરુવારે સવારના ૧૦ વાગ્યાથી, જૂની તાલુકા પંચાયત કચેરીની બાજુમાં, પૂતળા પાસે, વ્યારા ખાતે યોજનારા આ વિના મૂલ્યે નિદાન અને સારવાર કેમ્પનો લાભ, જરૂરિયાતમંદો બપોરના ૩ વાગ્યા સુધી લઈ શકશે. આ કેમ્પના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ તરીકે તાપી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગજરાબેન ચૌધરી ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા વિકાસ અધિકારી કુ.નેહા સિંઘ, અને અતિથિ વિશેષ તરીકે જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી જીજાબેન ગામિત, અને કારોબારી અધ્યક્ષ શ્રી મુકેશભાઇ ચૌધરી ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની નિયામકશ્રી, આયુષની કચેરી દ્વારા આયોજિત આ મેગા આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ દરમિયાન નિષ્ણાંત વૈધશ્રીઓ દ્વારા અગ્નિ કર્મ અને મર્મ ચિકિત્સા સહિત સાંધાના રોગો, આમ્રવાત, સંધિવા, કમરનો દુખાવો, એડી નો દુખાવો, પેટના રોગો જેવા કે કબજિયાત, જૂની એસિડિટી, જૂનો મરડો, અપચો, શ્વસનતંત્રના રોગો જેવા કે, જૂની ખાંસી, શરદી અને દમ, હરસ-મસા, ભગંદર, પથરી, ડાયાબિટીસ, બ્લડપ્રેસર, એનીમિયા, થાઈરૉઈડ, સ્ત્રી રોગો જેવા કે અનિયમિત માસિક, વધુ પડતું માસિક, સફેદ પાણી, ચામડીના રોગો જેવા કે ખરજવું, દરાજ, પગની એડી ફાટી જવી, બાળકોના ચાંદા, સહિત બાળકોના વિવિધ રોગોનું નિદાન અને સારવાર હાથ ધરાશે. આ કેમ્પનો જરૂરિયાતમંદ દર્દીઓને મોટી સંખ્યામાં લાભ લેવા માટે વૈધ જયશ્રીબેન ચૌધરી, જિલ્લા આયુર્વેદ અધિકારી, તાપી દ્વારા જણાવાયું છે.

સુરતમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે વ્યુહરચના ઘડવી પડશે : કમિશન

સુરતમાં કલીન એર વિષય પર વર્કશોપ યોજાયો

સુરત

વાયુ પ્રદૂષણ એ વૈશ્વિક સ્તરે સામનો કરવો પડતો મોટો પડકાર છે, જે પર્યાવરણીય, આરોગ્ય અને આર્થિક અસરોને ખુબ જ નુકસાન પહોંચાડે છે. ભારત ના મોટા ભાગના હવા પ્રદૂષણની ઝપેટમાં છે, જેમાં સુરત શહેર પણ બાકાત નથી. દેશના વિવિધ ભાગોમાંથી સતત આવીને સુરત શહેરમાં વસવાટ કરતા લોકોના તેમજ ઝડપી વિકાસને પરિણામે સ્માર્ટ સીટી સુરત વ્યાપક-વૃદ્ધિ દર સાથે ભારતના સૌથી ગતિશીલ શહેરોમાં સુરત એક છે.

જે સબબ, સુરત શુધ્ધ હવા ઍક્શન પ્લાન (એસસીએપી) ના અમલીકરણ અને ડિઝાઈન કરવા માટે એક દિવસીય ઘન કચરા નિકાલ વ્યવસ્થાપનની ક્લીન એર પર અસર વિષય પર એક વર્કશોપનું આયોજન તા.૨૫-ફેબ્રુઆરી ૨૦૨૦સુરત શહેરમાં આયોજન કરવામાં આવેલ. જેમાં, વિવિધ સરકારી વિભાગો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બિન-નફાકારક સંસ્થાઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને પ્રબુધ્ધ-નાગરિકો પ્રતિનિધિઓ હાજર રહેલ.

NRI સસ્ટેનેબલ સિટીઝના હેડ અજયસિંહ નાગપુર દ્વારા સૌને આવકારતા જણાવેલ કે, ૨૦૧૬-૧૭ સુધી વાયુ પ્રદૂષણ સુરત શહેરમાં ચિંતાનો મુદ્દો ન હતો, પરતું, ત્યારબાદ શહેરમાં તમામ વાયુ પ્રદૂષણ મોનીટરીગ સ્થળોએ ૨૦૧૭-૧૮ માં વાયુ પ્રદૂષણની નિર્ધારિત સીમાને પાર કરી હતી. જેને ધ્યાને લઇને સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ મારફત આંતરરાષ્ટ્રીય સંસ્થાન બૂમબર્ગ ફિલેન્થ્રોપ્સી તથા શક્તિ ફાઉન્ડેશન ના સહયોગથી ભારતની અગ્રગણ્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ TER (ધી એનર્જી એન્ડ રીસોર્સી) ન્યુ દિલ્હી તથા WRI- (વલ્ડ રિસોર્સ ઈન્સ્ટીટ્યુટ-ઈન્ડિયા) ના ટેકિનકલ સહયોગથી વાયુ પ્રદૂષણ માટે PM & PM: સ્રોત ઉદભવ સ્થાનની ચકાસણી, નિયમન અભ્યાસ તેમજ ક્લીન એર એકશન પ્લાન વિકસાવવા આવી રહેલ છે.

આ વર્કશોપમાં ઉદઘાટનમાં સુરત મહાનગર પાલિકા ના કમિશ્નર શ્રી બંછાનિધિ પાની દ્વારા સુરત શહેરમાં સુરતને વાયુ પ્રદુષણથી મુક્ત કરવા માટે લીધેલ વિવિધ પગલાં લીધેલ તેની માહિતી આપેલા છે. તેમણે જણાવેલ કે, વાયુ પ્રદૂષણથી અસ્થમા, ટીબી, બાળકોની અપૂરતી વિકાસ, ફેફસાના કેન્સરની રોગો સહિતની સ્વાથ્ય પર પ્રતિકૂળ અસર થાય છે. એક અભ્યાસ મુજબ, શહેરમાં રહેતા લોકોનું જીવનકાળ નોંધપાત્ર રીતે ખરાબ અસરથી ઘટાડી શકાય છે. પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, શહેર-સ્તરની હસ્તક્ષેપ આવશ્યકતા છે. જેના માટે, સ્રોત વિભાજન અભ્યાસ અને શહેરમાં વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે વ્યુહરચના તૈયાર કરવાની જરૂર છે. સુરત શહેરમાં હવા પ્રદૂષણનો કોઈ મુખ્ય મુદ્દો નથી. જો કે, વધુ સારા અને સલામત સુરત શહેર તરફ જોઈ રહ્યા હોય, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન સક્રિય પગલાં લીધેલ છે.

સુરત સ્માર્ટ સિટીના ભાગ રૂપે વાયુ પ્રદૂષણ ના નિરીક્ષણ ના પ્રોજેસ પણ હાથ ધર્યા છે. જેમાં ખાસ કરીને, જેમાં ખાસ કરીને ૧૫૦ ઈલેક્ટ્રીક બસનું આયોજન, SWM માટે લીધેલ પગલાઓ, શહેરી બસ સેવાનો ઉપયોગ વિગેરે અંગે માહિતી આપેલ.

કમિશ્નર મારફત, સુરતને વાયુ પ્રદુષણથી મુક્ત રાખવા માટે શહેરના પ્રબુધ્ધ નાગરિકો, બાંધકામવ્યવસાયો, નિષ્ણાતો વિગેરે દ્વારા સાથે મળીને કામ કરવા અપીલ કરેલ છે. આ વર્કશોપમાં GPCBના રીજીયોનલ મુખ્ય અધિકારી શ્રી દવેએ માહિતી આપેલ અને જણાવેલ કે , શહેર સ્વચ્છ હવા માટે તથા પર્યાવરણની કાળજી લેવા માટે GPCB દ્વારા શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવી રહેલ છે.

વિશેષમાં, સુરતના મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલ, એ જી . પી . સી . બી . , ડબલ્યુ આરઆઈ-આઈ, બ્લમબર્ગઅને શક્તિ ફાઉન્ડેશન દ્વારા સુરત ક્લીન એર એક્શન પ્લાનની કામગીરી હાથ ધરવા બદલ કરેલા કાર્યની પ્રશંસા કરે છે.

ઉધના ઝોને નાણાકીય વર્ષમાં કુલ રૂ. ૧૯૪.૮૧ કરોડનો વેરો વસુલ્યો

એકજ દિવસમાં ૪૫ લાખથી વધુની વસુલાત

સુરત

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, ભેદવાડ વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૫૨ મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમજ પાંડેસરા – ગણપત નગર, શ્રીરામ નગર, શકિત નગરમાં ૦૯ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, તેમજ પાંડેસરા – જી.આઈ.ડી.સી. કોલોનીમાં ૦૯ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન ૧૩ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૦૩.૨૩ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને ગત રોજ રૂપિયા ૪૫.૩૫ લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ દ્વારા ૩૧ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૩૧ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૦૧.૨૪ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૬.૫૧ લાખ જેટલી વસુલાત થયેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં આજ દિન સુધી રૂપિયા ૯૪.૮૧ કરોડ વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા કેન્દ્રિય ખેતી હેઠળ આવરી લેવા સરકારની યોજના

ડાંગના ઓર્ગેનિક ખેત ઉત્પાદનોનો વેચાણ મેળો સુરતમાં યોજાશે

આહવા

ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા સેન્દ્રિય ખેતી હેઠળ આવરી લેવાની યોજના થકી ઉત્પાદન થયેલ ખેત પેદાશોના વેચાણ માટે ખેડૂત તાલીમ કેન્દ્ર,ડાંગ દ્વારા વેચાણ મેળાનું આયોજન તા.૨૭/૦૨/૨૦૨૦ થી તા.૦૧/૦૩/૨૦૨૦ (સવારે ૯-૦૦ થી રાત્રે ૧૦-૦૦ સુધી) દરમિયાન વનિતા વિશ્રામ મેદાન,અઠવા ગેટ્સ સુરત શહેર ખાતે કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લાને ઓર્ગેનિક જિલ્લો જાહેર કર્યો છે. અહી સેન્દ્રિય ખાતરથી ઉત્પાદિત થતી ખેત પેદાશોનું વેચાણ થાય અને ખેડૂતોને વધુ આવક મળી રહે તે હેતુથી વેચાણ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખેત પેદાશો જેવી કે દેશી ડાંગર આંબામોર, લાલકડા, દૂધમલાઇ, ચીમનસાળ, કાંજણહરે,દેશી કોલમ, મહીસાગર કોલમ, લાલ નાગલી,સફેદ નાગલી, દેશી અડદ દાળ,દેશી તુવર દાળ,વરઇ,મગફળી,સોયાબીન ખરસાણી વેચાણ માટે મુકાશે. ઉલ્લેખનિય છે કે આ ખેત ઉત્પાદનો સો ટકા ઓર્ગેનિક છે. જેમાં દવાઓ કે રાસાયણિક ખાતરનો વપરાશ થયેલો નથી અને લેબોરેટરીમાં ટેસ્ટ કરીને વેચાણ માટે મુકવામાં આવે છે.

વધુમાં વેચાણ મેળામાં ડાંગી દેશી ખાવાની વાનગી જેવીકે નાગલીના રોટલા, ચોખાના રોટલા,અડદ ,દેશી ચોખા,નાગલી પાપડ, મશરૂમની વિવિધ બનાવટો વિગેરે ખાણીપીણીના સ્ટોલ પણ ગોઠવવામાં આવનાર છે. જેથી ડાંગની ઓર્ગેનિક બનાવટોના આસ્વાદ માણવા તમામ લોકોને વેચાણ મેળામાં પધારવા નાયબ ખેતી નિયામક (તાલીમ) ખેડૂત તાલીમ કેન્દ્ર,ડાંગ દ્વારા જાહેર નિમંત્રણ છે.

યોગ બોર્ડ ગુજરાતના ઉપક્રમે સુરતના 'યોગ કી બાત' કાર્યક્રમમાં માર્ગદર્શન

યોગ કરવાથી થતાં ફાયદા વિશે વિસ્તૃત રજૂઆત

સુરત

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અને પતંજલી ગૃપના સહયોગથી સરદાર સ્મૃતિ ભવન ખાતે તા.૨૩/૦૨/૨૦૨૦ને રવિવારના રોજ યોગ કી બાત' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી યોગસેવક શીશપાલજી ખાસ ઉપસ્થિત રહી પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું. એમણે જણાવ્યું હતું કે સ્વાથ્ય માટે યોગ કરવા કેટલા જરૂરી છે અને દરેક વ્યકિતએ પોતાના શરીર માટે એક કલાક આપવી જોઈએ.

લોકોના સ્વાથ્ય માટે સરકાર કટીબધ્ધ છે. યોગ બાબતે લોકો જાગૃત થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડના માધ્યમથી યોગ બાબતે અલગ અલગ પ્રવૃતિ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગુજરાતના રાજયના આરોગ્ય મંત્રીશ્રી કિશોરભાઈ(કુમાર) કાનાણી ખાસ ઉપસ્થિ રહ્યાં હતાં. તેમણે યોગ કરવાથી થતાં ફાયદા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ ખુબ સફળ રહ્યો હતો અને અંદાજીત ૧૫૦૦થી પણ વધારે યોગ સાધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પતંજલીના યોગકોચ સ્વાતિબેન ધાનાણી અને તેમની ટીમ તેમજ સુરત ડાયમંડ એસોસીએશનના પ્રમુખ શ્રી બાબુભાઈ કથિરીયા (છોડવડી) દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

વીર નર્મદ સાઉથ ગુજ. યુનિ.ના ૫૧માં પદવીદાન સમારોહમાં કપિલ દેવ હાજર રહ્યા



વીર કવિ નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો ૫૧માં વાર્ષિક પદવીદાન સમારંભમાં ભૂતપૂર્વ ભારતીય કપ્તાન કપિલદેવ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીની પરીક્ષામાં ગોલ્ડમેડલ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને કપિલ દેવ સહિતના મહાનુભવોના હસ્તે પદવી તથા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરત

વીર નર્મદ યુનિવર્સિટી ખાતે ૫૧માં પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ પૂર્વ ક્રિકેટર કપિલ દેવ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવી હતી.

૫૧માં કોન્વોકેશનમાં કુલ ૩૨,૩૩૦ ડિગ્રી આપવામાં આવી હતી. જેમાં ફકત ગયા વર્ષે પાસ થનાર વિદ્યાર્થી નહીં પણ આગલા વર્ષના જે પણ વિદ્યાર્થીને ડિગ્રી મળવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓને પણ ડિગ્રી આપવામાં આવી હતી. સાથે વિવિધ વિષયમાં રેક મેળવનાર અને વધુમાં વધુ ગુણ મેળવનાર ૧૫૧ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. જેમાં ૮૧ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ તેમજ ૭૦ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

૫૧માં પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ પૂર્વ ક્રિકેટર કપિલ દેવ અને કવિ રાજેશ રેડ્ડી હાજર રહ્યા હતા. કપિલ દેવે વિદ્યાર્થીઓને ટીપ્સ આપતા જણાવ્યું હતું કે, રમતમાં અને ભણતરમાં મજા ન આવે તો એ મૂકી દેવું જોઈએ, પેશનને ફોલો કરો. હંમેશા ઓરીજનલ રહો, કોપી નહીં કરો. મહેનત અને પ્લાનિંગ સાથે આગળ વધો. માતાપિતા કરતા બીજું કોઇ તમારું સારું નહીં વિચારી શકે એટલે માતાપિતા સામે હંમેશા મિત્રતા રાખીને ભવિષ્ય બનાવો.

શ્યામ પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજના અંતર્ગત

વિકાસ કામોથી સુરત ઉમરપાડાના ૯ ગામોના રૂપરંગ બદલાય ગયા

રૂ. પાંચ કરોડના વિકાસકાર્યો પુર્ણ: આધુનિક સુવિધાસભર શેષ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ

સુરત

કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય વિસ્તારોનો આર્થિક, સામાજિક અને ભૌગોલિક વિકાસ કરવા પાયાની સુવિધાઓ વિકસાવી ગામડાઓ શહેરો જેવી સુવિધાઓ મેળવી શકે તે આશયથી વર્ષ ૨૦૧૬થી અમલી શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ગત વર્ષ ૨૦૧૯માં ઉમરપાડા રૂર્બન ક્લસ્ટરનો શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત વિકાસકામોથી સુરત જિલ્લાના અંબાડી, દરડા, પીનપુર, ઘાણાવડ, ઉંચવાણ, પાંચાંબા, ઉંમરગોટ, ખોડાંબા અને ઉમરપાડા મળી કુલ નવ ગામોના રંગરૂપ બદલાયા છે. જેમાં રૂ. પાંચ કરોડના વિકાસકાર્યો પૂર્ણ થયા છે. જ્યારે બાકીના વિકાસકાર્યો પૂરજોશમાં ચાલી રહ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં હાલ ફેઝ-૧, ૨ અને ૩ના કુલ ૧૬ કલસ્ટરની પસંદગી કરાઈ છે. જેમાં સુરત જિલ્લાનું ઉમરપાડા ક્લસ્ટર ફેઝ-૨માં સામેલ છે. કેન્દ્ર સરકારે ઉમરપાડા રૂર્બન ક્લસ્ટરને આદિવાસી ક્લસ્ટર તરીકે મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ૬૦ ટકા અને રાજ્ય સરકાર દ્વારા ૪૦ ટકાની નાણાકીય ભાગીદારી થકી રૂ.૧૫ કરોડની ફાળવણી પણ કરાઈ છે. શહેર સમકક્ષ આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવાના ઉદ્દેશથી શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન યોજના અંતર્ગત ઉમરપાડા ક્લસ્ટરમાં ગટર સાથેના આંતરિક રસ્તા, આઈ.ટી.આઈ. ઉમરપાડામાં કૌશલ્ય વિકાસ તાલીમ તથા ખૂટતા સાધનો, કોમ્યુનિટી કૂવા, બસ પીક-અપ સ્ટેન્ડ, શાકભાજી કેન્દ્રો, એગ્રો પ્રોસેસિંગ યુનિટ, શાળાઓ અને આંગણવાડીઓમાં ખૂટતી સુવિધાઓ, માઈક્રો બાયોગેસ પ્લાન્ટ, ઘન કચરાનું વ્યવસ્થાપનની માતબર સુવિધાઓ તબક્કાવાર ઉપલબ્ધ થઇ રહી છે. આમ, ઉમરપાડા ક્લસ્ટર તથા આસપાસના ગામને રોડની સુવિધા, શાકભાજી કેન્દ્રો, બસની સુવિધા જેવી અનેક પ્રકારની સુવિધાઓ ઊભી થતા આદિજાતિ બહુલ આ ગામોના લોકોનું જીવનધોરણ ઊંચું આવશે.

યોજનામાં જોઈન્ટ પ્લાનિંગ એરિયા અંતર્ગત પસંદગી પામેલા આ ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં ગત વર્ષે એક કમિટીનું ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં વન, કૃષિ, પશુપાલન, ગ્રામ વિકાસ, સિંચાઈ માર્ગ અને મકાન, આરોગ્ય, શિક્ષણ, પાણી પૂરવઠા, વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓનો સભ્ય તરીકે સામેલ છે. આ કમિટી દ્વારા તૈયાર કરવામાં ઉમરપાડા સમૂહના વિકાસ માટે 'ઈન્ટીગ્રેટેડ એક્શન પ્લાન' મુજબ સમગ્ર ક્લસ્ટરને વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે.

નોંધનીય છે કે, ભૌગોલિક સ્થાનને આધારે ગામડાઓમાં ઘણી આર્થિક અને સામાજિક ક્ષમતાઓ જોવા મળે છે. ગામડાઓના આવા જૂથને રૂર્બન પ્રદેશ તરીકે વર્ગીકૃત કરીને તેમનો સામુહિક વિકાસ શક્ય બનાવી શકાય છે એવા તારણના આધારે શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન યોજના અંતર્ગત દેશના રાજ્યો પોતાની રીતે પસંદ કરેલા ગ્રામ્ય વિસ્તારોમાં તાલુકા મુખ્ય મથક કે કોઈપણ મોટું ગામ પસંદ કરે, એની આસપાસના નાના ગામોને સાંકળીને એક ક્લસ્ટર બનાવી મોટા ગામની ગ્રામ પંચાયતને વિકાસ કેન્દ્ર તરીકેની જવાબદારી સોંપે છે. જે સરકારની વિવિધ યોજનાઓનું સંકલન કરીને મળતા ભંડોળમાં ખૂટતી રકમને ઉમેરીને રૂર્બન પ્રદેશોમાં તમામ સુવિધાઓ પૂરી પાડીને સમગ્ર ક્લસ્ટરના ગામડાઓનો સર્વાંગી વિકાસ કરે છે.

રાંદેરમાં રહેતી યુવાન મહિલા તનુજા બેન પાડવી લાપતા

તા.૧૪/૦૨/૨૦૨૦ના રોજ રહે ઘર નં.૭૫, સંત તુકારામ વિભાગ-૨, રામજી મંદિરની બાજુમાં, પાલનપુર, જકાતનાકા, રાંદેર સુરત ખાતે રહેતા પ્રદીપ જેમાંભાઈ પાડવીની ૩૦ વર્ષીય પત્ની તનુજાબેન પોતાના ઘરેથી કપડા આપવા જવાનું કહી ઘરે પરત ફર્યા નથી. તે શરીરે મધ્યમ બાંધાના, રંગે ધઉવર્ણ તથા ઉંચાઈ ૫ ફૂટ છે. તેમણે સાડી પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા રાંદેર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

દેડીયાપાડામાં "બાળ લગ્ન એક અભિશાપ" વિષયક જન જાગૃત્તિ માટેનો સેમિનાર યોજાયો



● બાળ લગ્ન થવાથી બાળક અને સમાજ પર સામાજિક અને આર્થિક રીતે તેનું ખૂબ જ નુકસાન થાય છે - જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી

● દેડીયાપાડાની આદર્શ નિવાસી શાળામાં જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા "બાળ લગ્ન એક અભિષાપ" વિષયક જનજાગૃત્તિ સેમિનાર યોજાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ-નર્મદાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં દેડીયાપાડા તાલુકાની આદર્શ નિવાસી શાળા માં જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારી એસ.વી.રાઠોડ,જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતન પરમાર સહિત આશા બહેનોની હાજરીમાં "બાળ લગ્ન એક અભિષાપ" વિષયક જન જાગૃત્તિ સેમિનાર યોજાયો.

આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એસ.વી. રાઠોડ જણાવ્યું હતું કે સરકારની મહિલા શક્તિ કેન્દ્ર, વ્હાલી દિકરી, બેટી બચાવો બેટી પઢાવો યોજના જેવી અનેકવિધ યોજનાઓ અમલમાં છે જેની જાણકારી તમારી પાસે હશે અને તેનો લાભ પણ તમે લીધો હશે પરતું તેની સાથે બાળ લગ્ન ધારો-૨૦૦૬ ની જોગવાઈ, બાળ લગ્ન થવાથી બાળક અને સમાજ પર સામાજિક અને આર્થિક રીતે તેનું ખૂબ જ નુકસાન થતું હોવાની વાત દ્રષ્ટાંત ટાંકીને તેમણે રજુ કરી હતી. વધુમાં તેમણે કિશોરી સશક્તિકરણ અને બાળ મૃત્યુ દર તેમજ માતા મૃત્યુ દર કઈ રીતે અટકાવી શકાય તેના વિસ્તૃત માર્ગદર્શન સાથે જરૂરી જાણકારી પણ પૂરી પાડી હતી.

પ્રારંભમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ચેતન પરમારે તેમના સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને અંતમાં તેમણે આભારદર્શન પણ કર્યું હતું.

હીરા વેપારીના ૧૩ વર્ષીય પુત્રએ દીક્ષા લીધી

સુરત

સુરતની ધરતી જાણે જૈન સમાજ માટે પ્રવિત્ર ભૂમિ બની ગઈ છે, કારણ કે હજુ ૧૦૮ દીક્ષાને ગણતરીના દિવસો થયા છે ત્યારે વધુ એક દીક્ષા સમારંભ સુરતના આંગણે યોજાયો હતો. ડાયમંડ જ્વેલરીના વેપારી પ્રણયભાઈ મહેતાના ૧૩ વર્ષીય પુત્ર નિધાને દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગે પ્રયાણ કર્યું છે.

આચાર્ય ગુણરત્નસૂરિ મહારાજની નિશ્રામાં ૪૫૦માં મુમુક્ષુનો દીક્ષા સમારોહ આજે સુરતમાં યોજાયો હતો. સુરતની સેવન ડે શાળામાં ધોરણ ૬માં અભ્યાસ કરતા નિધાન પ્રણયભાઈ મહેતા ભણવામાં હંમેશા ટોપ ફાઈવમાં રહેતો હતો. નિધાન ભણવાની સાથે સાથે ક્રિકેટનો પણ શોખીન છે.નિધાનના પિતા હીરા વેપાર સાથે સંકળાયેલ છે.

ત્યારે નિધાન કહે છે કે કેટલીક વાર તેમના વેપારમા મંદી આવતા હીરાની ચમક ઓછી થતા જોઈ છે, પણ જો કોઈ વ્યક્તિ સંયમના માર્ગે પ્રયાણ કરે છે ત્યારે તેની ચમક ઓછી થવાને બદલે વધતી જાય છે. આ જ કારણે તેણે સંયમના માર્ગે જવાનું નક્કી કર્યું હતું. નિધાનના દીક્ષા સમારંભમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યાં હતાં.

મોહદ્દીસે આઝમ મિશન રાજપીપળા દ્વારા જશને ગરીબ નવાઝ જશને મોહદ્દીસે આઝમે હિન્દની ઉજવણી કરાઈ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આખા વિશ્વમાં મોહદ્દીસે આઝમ મિશન કાર્યરત છે અને સમાજ સેવામાં મોટી ભૂમિકા ભજવી રહ્યું છે ગરીબોની સેવા,વિધવા ઓની સેવા, ગરીબ બાળકી ઓના લગ્ન કરવા જેવી સામાજિક પ્રવૃત્તિઓમાં સહ ભાગી થઈ સેવા આપી રહ્યું છે ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજપીપળા ખાતે મોહદ્દીશે આઝમ મિશન દ્વારા જશને ગરીબનવાઝ,જશને મોહદ્દીશે આઝમે હિન્દ,જશને સરકારે કલા તેમજ વિલાદતે શૈખુલ ઈસ્લામની ઉજવણી કરાઈ હતી જેમાં રાજપીપળા રાઠોડ ફળિયામા કુરઆન શરીફ નું પઠન કરવામાં આવ્યું ત્યારબાદ અન્ય ધાર્મિક કાર્યક્રમો કારી નિયાઝનું આયોજન કરાયું હતું જેમાં રાજપીપળા ના મુસ્લિમ ધર્મ ગુરુઓ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

આ સંદર્ભમાં મુસ્લિમ અગ્રણી સૈયદ સુબ્હાનિ મિયા એ જણાવ્યું હતું કે ઈસ્લામિક મહિનો રજબમાં ઘણી મશહૂર તારીખો છે જે સંદર્ભમાં આજે રાજપીપળા ખાતે આ ઉજવણી કરાઈ છે તેમજ આજના પ્રસંગે દેશ સહિત તમામ વિશ્વમાં અમાન અને શાંતિ માટે દુઆ કરી હતી અને હુઝુર શૈખુલ ઈસ્લામ માટે લાંબી ઉંમરની દુઆ કરાઈ હતી સાથે સમાજ સેવામાં અગ્રીમ રહેતા મોહદ્દીશે આઝમ મિશનની તરક્કિ માટે પણ દુઆ કરી હતી.

કાપોદ્રા રોડ પર દરજીને હથેળીમાં ચપ્પુ મરાયું

સુરત

કાપોદ્રા મરઘા કેન્દ્ર પાસે નજીવી બાબતમાં બે આરોપીઓએ ચાકુ વડે હુમલો કરી ટેલરની હથેળીના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ ઓરિસ્સા ગંજામ જિલ્લાના વતની અને હાલમાં કાપોદ્રા મરઘા કેન્દ્ર ખાતે રહેતા બલરામભાઈ પાનીગ્રાહી ટેલરનો ધંધો કરે છે. ગતરોજ કાપોદ્રા ચંચળ નગર ખાતેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સાગર શીશીર શાહુ તથા જીલુ બહેરા વગેરેઓએ ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પર્યાવરણની લોકજાગૃતિના ભાગરૂપે બસ સ્ટેન્ડ પર પ્લાસ્ટિક બોટલ ક્રસિંગ મશીન મુકાયું

સુરત

પર્યાવરણની જાળવણી અર્થે લોકજાગૃતિના ભાગરૂપે કાકરાપાર અણુ વિદ્યુત મથક દ્વારા વ્યારાના મુખ્ય બસ સ્ટેન્ડ પર પ્લાસ્ટિક બોટલ ક્રસિંગ મશીન મુકવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં અત્યારે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન શરૂ થયું છે. જેને પગલે તાપી જિલ્લાના વડા મથક વ્યારા ખાતે કાકરાપાર અણુ મથકના સહયોગથી વ્યારાના બસ સ્ટેશન પર



પ્લાસ્ટિકની બોટલ નાશ કરવા માટેનું મશીન મુકવામાં આવ્યું હતું.

આ અંગે સ્ટેશન ડાયરેકટર વી.કે શર્માએ કહ્યું હતું કે આ મશીનમાં પ્લાસ્ટિકની બોટલ નાખનારને જો પેટીએમ એકાઉન્ટ હોય તો ધારકને પેટીએમની ૫ રૂપિયાની કૂપન મળે છે. આ રીતે લોકોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે સાથે આ મશીનના ઉપયોગથી વ્યારા પણ પ્લાસ્ટિક મુક્ત બનશે અને આ મશીનમાં જમા થયેલ પ્લાસ્ટિકને નાના મોટા પ્લાસ્ટિકના ફર્નિચર બનાવવામાં ઉપયોગ કરાશે.

સુરત શહેરમાં જાહેર શાંતિ માટે મદદનીશ પો. કમિશરનું જાહેરનામુ

એક મહિના સુધી પ્રતિબંધીત હુકમો અમલી કરશે

સુરત

શહેરમાં શાંતિ અને એખલાસનો માહોલ જળવાઇ રહે તે માટે મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરી દ્વારા એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ તા.૨૩/૦૩/૨૦૨૦ સુધી કોઈ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોક, બંદૂક, છરા, ભાલા, લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડે તેવા સાધનો સાથે લઈ જવા નહી. પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવાની, હવામાં ફાયર કરવાની, મેળા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત કોઈ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખવા નહીં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા કે તૈયાર કરવા પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે. વ્યક્તિઓના પુતળા બાળવા-લટકાવવાની-પુતળાને ફાંસી આપવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના સંચાલક અને કર્મચારીથી લાયસન્સવાળા હથિયારો લઈ જાહેરમાં ફરાશે નહીં. લોકોનું અપમાન કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહીં અને ગીતો ગાવા નહીં સાથે વાદ્ય વગાડવા પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

સરકારી કર્મચારી કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આજ્ઞા આપી હોય, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિક્ષક(રૂરલ)એ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને અથવા જેને શારીરિક અશક્તિને કારણે લાકડી, લાઠી લઈ જવાની જરૂરિયાત હોય તેવી વ્યક્તિઓને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ હુકમનો ભંગ કરનાર શખ્સ વિરૂદ્ધ કાયદાકિય કાર્યવાહી કરવામાં આવશે.

ચીનના પ્રવાસેથી પરત આવેલા

સુરત શહેરના ૧૨૦ લોકોની આરોગ્ય તપાસમાં કોરોના વાઈરસ નેગેટીવ

ગ્રામ્ય વિસ્તારના ૧૬ એનઆરઆઈમાં કોરોના વાઈરસના કોઈ લક્ષણો જણાયા નથી

સુરત

જિલ્લા સંચારી રોગ સર્વેલન્સ સમિતિની બેઠક ઈ.જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી વી.પી. મચ્છારના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકમાં લેપ્ટોસ્પાયરોસીસ, મચ્છરજન્ય રોગો, પાણીજન્ય રોગો તથા કોરોના વાઈરસ જેવા રોગો અંગેની વિસ્તૃત ચર્ચા વિચારણ કરવામાં આવી હતી.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હસમુખ ચૌધરીએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ માટે અગમચેતીના પગલારૂપે સુરત શહેરના ૧૨૦ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૬ મળી કૂલ ૧૩૬ એન. આર. આઈ. મુસાફરોનું એરપોર્ટ પર જ સ્ક્રિનીગ કરવામાં આવ્યું છે. ચીનથી આવેલા આ તમામ મુસાફરોનો કોરોના વાયરસનો ટેસ્ટ કરાવતાં એક પણ મુસાફરનો રિપોર્ટ પોઝિટીવ નોંધાયો નથી. જેથી સુરતના નાગરિકોએ ગભરાવાની જરૂર નથી. ચાર થી પાંચ જેટલા મુસાફરોને શરદી, ખાંસીના લક્ષણો જોવા મળ્યા હતા. જે સામાન્ય શરદી હોવાનું જણાયું હતું. આરોગ્ય વિભાગ દ્વારા આ તમામ મુસાફરોનું ૧૪ દિવસ સુધી સતત મોનિટરીગ કરવામાં આવ્યું હતું. તેઓ હવે ભયમુક્ત છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ નોવેલ કોરોના વાઈરસને ''પબ્લિક હેલ્થ ઈમરજન્સી ઓફ ઈન્ટરનેશનલ કન્સર્ન'' જાહેર કરી છે, ત્યારે ચીનથી પરત આવેલા સુરતના નાગરિકોને તમામ પ્રકારની આરોગ્ય સારવાર પૂરી પાડવામાં આવી રહી છે તેમજ સતત મોનીટરીગ કરવામાં આવી રહ્યું હોવાની વિગતો તેમણે આપી હતી. આ ઉપરાંત જિલ્લામાં પાણીજન્ય રોગો, વર્તમાન વર્ષે લેપ્ટોસ્પાયરોસીસના નોંધાયેલા દર્દીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં એપિડેમિક મેડિકલ ઓફિસરશ્રી ડો. પિયુષ શાહે ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ કાર્યક્રમ અંતર્ગત રોગચાળા અગમચેતી-અટકાયત અંગેની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં આર. સી. એચ. ઓ. શ્રી ડો. એમ. એમ. લાખાણી, સિવિલ હોસ્પિટલના અધિકારીઓ, જિલ્લાના આરોગ્ય શાખાના અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમરોલી હળપતિવાસમાં દાદાગીરી કરવાના મુદ્દે એકની ઘાતકી હત્યા

બે યુવકોએ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દેતા ઈજાગ્રસ્તનું સ્મીમેરમાં મોત

સુરત

અમરોલી ગામ તથા હળપતિવાસમાં દાદાગીરી કરવાના મુદ્દે બે જણાએ એક વ્યક્તિ ઉપર ઘાતકી હુમલો કરી પતાવી દીધાનો બનાવ અમરોલી પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અમરોલી ગામ નવો હળપતિવાસમાં રહેતાં અરૂણાબેન શ્રાવણ ઉર્ફે સાવંત શિન્દેએ આરોપી દિપુસિંગ દેવરાજસિંગ રાજપુત (રહે.શિવનગર જુનો કોસાડ રોડ), રવિ બિહારી (રહે. કતારગામ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના પતિ શ્રાવણ ઉર્ફે સાવંત સાથે આરોપીઓનો દાદાગીરી કરવાના મુદ્દે ઝઘડો થયો હતો. જે માં આરોપીઓએ ફરિયાદીના પતિ ઉપર ચાકુ જેવા તિક્ષ્ણ હથિયારના ઘા પેટના ભાગે ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત શ્રાવણ ઉર્ફે સાવંત શિન્દેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અમરોલી પોલીસે મૃતકની પત્ની અરૂણાબેનની ફરિયાદ નોંધી હત્યાનો ગુનો દર્જ કર્યો હતો. આ બનાવની વધુ તપાસ પો.ઈન્સ્પે. એ.પી. ચૌધરી કરી રહ્યા છે.

સરોન્ડો ખાતે ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરોંડા ગામે ગુજરાત ઈકોલોજી કમીશન ગાંધીનગરના સભ્ય સચિવ શ્યામલ ટીકાદર, વરિષ્ઠ પ્રબંધક નિશ્ચલભાઈ જોષી, ડૉ.અંકુરભાઈ તથા તારકભાઈના માર્ગદર્શન હેઠળ કબીર ટ્રસ્ટના સહયોગથી ગ્રામજનોને એકત્રિત કરી પ્રેઝન્ટેશન, ડૉકયુમેન્ટરી અને રમતગમતના માધ્યમથી ઘન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપન વિષયના અનુસંધાને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં તાલીમકારો દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન, પાણી બચાવો, ઉર્જા બચાવો, કચરાનો યોગ્ય નીકાલ અને વ્યવસ્થાપન, વૃક્ષારોપણ, નદી, તળાવની સ્વચ્છતા, કુદરતી સંસાધનોનો ઉપયોગ અને જાળવણી વિશે ગ્રામજનોને માહિતી આપવામાં આવી હતી. રમત-ગમત અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં વિજેતા બનેલા ગ્રામજનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સરોન્ડા ગામના સરપંચ નરોત્તમભાઈ પટેલના સહકાર અને ગ્રામજનો ઉત્સાહ થકી સફળતાપુર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. તાલીમના અંતિમ તબક્કામાં ગ્રામજનો સ્વેચ્છોએ ગામની સફાઇ કરી હતી. આ તાલીમ કાર્યક્રમ ઉમરગામ તાલુકાના ફણસા, કલગામ, નારગોલ, પલગામ, ઉમરગામ, દહાડ, કરમબેલા અને ગોવાડા ગામમાં પણ યોજાયો હતો.

ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ

વલસાડ

વલસાડ જિલ્લાના ભિલાડ ફાયરિંગ બટ વિસ્તારમાં રા.અ.પોલીસ દળ જૂથ-૦૯, વડોદરાના અધિકારી/કર્મચારીઓની વાર્ષિક ફાયરિંગ પ્રેક્ટિસ તા.૦૧ થી ૦૪ માર્ચ, ૨૦૨૦ દરમિયાન સવારે ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી યોજાશે. આ ફાયરિંગ પ્રેક્ટિસ દરમિયાન કોઈપણ વ્યકિતને ઈજા ન થાય તે હેતુસર વલસાડના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એ.રાજપૂતે એક જાહેરનામા દ્વારા ફાયરિંગ બટ ભીલાડ તા.ઉમરગામ જિ.વલસાડના ૨ કિ.મી. વિસ્તારમાં ઉપરોકત સમય અને તારીખે આજુબાજુના રહીશો તેમજ બહારના કોઈ અનઅધિકૃત વ્યક્તિઓને આ જમીનની હદ વિસ્તારમાં પ્રવેશ કરવા અથવા હદમાં ફરવા તેમજ કોઈપણ ઢોર માલિકો તેમના ઢોર-ઢાંખરને લઈને પ્રવેશ કરવા ઉપર મનાઈ ફરમાવી છે. ગોળીબાર પ્રેક્ટિસ દરમિયાન ગોળીબારથી ઈજા ન થાય તે માટે જાહેર જનતાને સાવચેત રહેવા પણ જણાવાયું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

નર્મદાના નેચરલ વિલેજ ગ્રુપે અંતરિયાળ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા બાબતે કલેકટરને આવેદન આપ્યું





સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા ગામડાઓમાં આજે આઝાદીના ૭૨ વર્ષ બાદ પણ પ્રાથમિક સુવિધાનો અભાવ છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદાના નેચરલ વિલેજ ગ્રુપે જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા બાબતે રાજ્યપાલને સંબોધતું આવેદનપત્ર નર્મદા કલેકટરને આપ્યું હતું.

આવેદનપત્ર માં જણાવ્યા મુજબ નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના કેવડિયા ખાતે બનાવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક આવેલા ગામડાઓમાં આજે આઝાદીના ૭૨ વર્ષ પછી પણ પ્રાથમિક સુવિધાનો અભાવ છે.

નર્મદાના દેડિયાપાડા તાલુકામાં આવેલા અંતરિયાળ ગામો જેવા કે કણજી, ડુમખલ, માથાસર, વાંદરી, પાનખલા, સરીબાર, ચોપડી, કોકમ, વાઘ ઉંમર સહિતના ગામોમાં રસ્તા,ખેતી,સિંચાઈ તેમજ પીવાના પાણી,મોબાઈલ કનેટવિટી સહિત પ્રાથમિક સારવાર માટે આરોગ્ય કેન્દ્ર, આરોગ્યની ઈમરજન્સી સેવાઓ ૧૦૮ ખિલ ખિલાટ, આંગણવાડી કેન્દ્રો,હોસ્ટેલ સહિત સ્કૂલો પશુ,પ્રાણીઓની ઈમરજન્સી સારવાર માટેની સેવા ઉપલબ્ધ નથી આ સુવિધાઓના અભાવે આ વિસ્તારમાં રહેતા લોકો નારાજગી વ્યક્ત કરી સુવિધા ની રાહ જોઈ રહ્યા છે.

હાલમાં સ્થાનિક વિસ્તારોના ઝરવાણી થી માથાસર કણજી વાંદરી ડુમખલ જેવા ગામોમાં નદીનો પ્રવાહ વધારે હોવાના કારણે ચોમાસા દરમિયાન સ્થાનિક વિસ્તારના લોકોની અવર જવર બંધ થઈ જતા ગંભીર સમસ્યા ઓ સર્જાય છે કેવડિયા થી સીધા ઝરવાણી માથાસર ડુમખલ કણજીથી મહારાષ્ટ્ર જતો કાચો રસ્તો ચાલુ છે પરંતુ ચોમાસા દરમિયાન આ રસ્તા બંધ થઈ જાય છે જેથી રસ્તા પાકો અને મોટો બને અને નદી પર અવર જવર માટે પુલને મંજૂરી મળે તો સ્થાનિક લોકોને જીલ્લાના વડા મથક પર અવર જવર સહેલી થઈ શકે તેવી માંગ કરી છે.

નાંદોદના અકુવાડા બસ સ્ટેન્ડ પાસે નાવરા ગામના આધેડનું અકસ્માતમાં મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના અકુવાડા ગામના બસ સ્ટેન્ડ પાસે મો.સા.પર થી પડી જતાં આધેડનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદના નાવરા ગામમાં રહેતા પરસોત્તમભાઈ નટવરભાઈ પટેલ (૬૨) મો.સા. પર જતાં હતાં ત્યારે અકુવાડા બસ સ્ટેન્ડ નજીક પોતાની મો.સા. નં.જી.જે.૨૨ ડી ૧૦૧૭ સાથે રોડ ઉપર પડી જતા તેમને ગંભીર ઈજાઓ થઈ હોય તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત થયું હોય પોલીસે તપાસ હાથ ધરી છે.

ગરુડેશ્વરના ઉંડવા ગામની મહિલાની એકલતાનો લાભ લઈ ઈજ્જત લેવાનો પ્રયાસ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લાના ગરુડેશ્વર તાલુકાના ઉંડવા ગામની મહિલાને એકલી જોઈ ગામના યુવાને ઈજ્જત લેવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રાપ્ત માહિતિ અનુસાર ઉંડવા ગામમાં રહેતી એક મહિલા ગઈકાલે સાંજના સાતેક વાગે પોતાના ઘરના આંગણામાં ઝાડું મારી આંગણું સાફ કરતી હતી અને તેના માતા ઘરમાં જમવાનું બનાવતા હતા તે વખતે આ મહિલાની એકલતાનો લાભ લઈ તેનાજ ફળીયાના શૈલેષ વિક્રમ ભાઈ તડવીએ તેની પાસે આવી બદકામ કરવાના ઈરાદે મહિલાનો હાથ પકડી ખેંચતાણ કરી તેને પહેરેલું ટોપ ફાડી નાખી ઈજ્જત લેવાની કોશીશ કરતા મહિલા એ બુમાબુમ કરતા યુવાન ત્યાંથી નાસી છૂટ્યો હતો.આ બાબતે મહિલા એ ગરુડેશ્વર પો.સ્ટે.માં શૈલેષ તડવી વિરુદ્ધ ફરિયાદ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સ્મીમેરમાં નિર્વસ્ત્ર ફિઝીકલ ટેસ્ટ વિવાદ તપાસ સમિતિ શનિવારે રિપોર્ટ આપશે

ત્રણ સભ્યોની તપાસ સમિતિએ ૧૫થી વધુ લોકોના નિવેદનો નોંધ્યા

સુરત

સ્મીમેર હોસ્પિટલમાં મનપાના ટ્રેઈની મહિલા કર્મચારીઓની ફિઝિકલ ટેસ્ટ દરમિયાન ગ્રુપમાં મહિલાઓને નિર્વસ્ત્રા કરી અણછાજતા સવાલો પૂછવાના વિવાદમાં મનપા કમિશનર બચ્છાનિધિ પાનીએ ડૉ. કલ્પના દેસાઈ, આસી. કમિ.ગાયત્રીબેન જરીવાળા અને ડૉ. તુમ્મીબેન કથરિયાની નિમેલી તપાસ કમિટિ આગામી શનિવાર સુધીમાં રિપોર્ટ તૈયાર કરીને મનપા કમિશનરને સુપરત કરી દેશે.

સ્મીમેર હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલાઓની ફિઝિકલ ટેસ્ટ દરમિયાન મહિલા કર્મચારીઓને અપમાનિત સ્થિતિમાં મુકવામાં આવતા ભારે હોબાળો મચ્યો હતો. આ ઘટનાને પગલે મનપા કમિ. બચ્છાનિધિએ તાબડતોબ ત્રણ સભ્યોની તપાસ કમિટિ નીમી દીધી હતી.

જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ આ તપાસ કમિટીએ આ ચકચારીત પ્રકરણમાં ૧૫થી વધુ વ્યક્તિના નિવેદનો નોંધ્યા હતા. તેમજ ફિઝિકલ તપાસની માર્ગદર્શિકા અંગે પણ જાણકારી મેળવી લીધી હતી. આ તપાસ કમિટી આગામી શનિવાર સુધીમાં તપાસ રિપોર્ટ તૈયાર કરીને મનપા કમિશનરને સુપરત કરી દેશે. હવે જોવાનું એ રહેશે કે આ તપાસ કમિટીની તપાસનું પરિણામ શું આવશે? તે જોવાનું રહેશે.

ભરૂચની નર્મદા ચોકડીના પાસે દારૂનો કેસ નહિ કરવા માટે લાંચ લેનાર દહેજ મરીન પો.સ્ટે.નો હે. કો.એસીબીના છટકામાં ભેરવાયો

ગિફ્ટ બોક્ષમાં દારૂની બોટલ મળતા હે.કો.૨ લાખની માંગ કરતા ૧.૨૫ લાખ આપવાના નક્કી કર્યા જે પૈકી ૫૦ હજાર આપ્યા બાદ બાકીના રુપિયા આપતા પહેલા એસીબી ની મદદ લેતા છટકા માં ઝડપાયો

ભરૂચ



ભરૂચની નર્મદા ચોકડીના પાસે દારૂનો કેસ નહિ કરવા માટે લાંચ માગનાર દહેજ મરીન પો.સ્ટે.નો હે.કો. એસીબીના છટકામાં ઝડપાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર એક જાગૃત નાગરિક ની ફરિયાદ મુજબ એ પોતાની સ્વીફ્ટ કાર લઈને ભરૂચ ખાતે લગ્નમાં જતા હતા ત્યારે તેના પિતાના મિત્રની ગીફ્ટ ભરૂચ ખાતે લઈ જવાની હોય, ફરીયાદી તે ગીફ્ટ પોતાની કારમાં મુકીને લઈ જતા હતા તે દરમ્યાન ભરૂચ-મહુલી સર્કલ પાસે એક સ્કોડા ગાડીવાળાએ ફરીયાદીની ગાડી રોકી ફરીયાદીની ગાડીમાં બેસી,પોતાની પોલીસ હોવાની ઓળખ આપી,ગાડી ચેક કરતાં ફરીયાદી પાસે જે ગીફ્ટ હતી તેમાં દારૂની બોટલ મળી આવી હોય માટે દારૂનો કેસ નહી કરવા માટે ફરીયાદી પાસે રૂા.૨,૦૦,૦૦૦/-ની માંગણી કરતાં રકઝકના અંતે રૂા.૧,૨૫,૦૦૦/- નકકી કરી તે પૈકી રૂા.૫૦,૦૦૦/ અગાઉ લઈ લીધા બાદ બાકીના રૂા.૭૫, ૦૦૦/- પૈકી ફરીયાદીએ રકમ ઓછી કરવા જણાવતા રૂા.૨૫,૦૦૦/- ઓછા કરી બાકીના રૂા.૫૦,૦૦૦/- આપવાનું નક્કી થયું હોય આ લાંચના રુપીયા ફરીયાદી એ આપવા ન હોય તેણે એસીબીમા ફરીયાદ કરતા ફરીયાદના આધારે

વડોદરા ગ્રામ્ય એસીબી પીઆઈ કે.વી.લાડ અને ટીમે લાંચનુ છટકુ ગોઠવતા આરોપી મનીષ બાબુભાઈ મિસ્ત્રી, હે.કો.દહેજ મરીન પો.સ્ટે.જી.ભરૂચના કહેવાથી બીજો આરોપી ધર્મેશ લાલજી ભાઈ રાવળ (ખાનગી વ્યક્તિ), રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી, નવા બજાર, કરજણ, જી. વડોદરા એ લાંચના રુપીયા ૫૦, ૦૦૦/ સ્વીકારી એકબીજાને મદદગારી કરી,આરોપી નં.(૨) સ્થળ પરથી પકડાઈ જઈ,તેમજ આરોપી નં.(૧) નાશી જઈ ગુનો કરતા વડોદરા ગ્રામ્ય એસીબી ટીમની આ ટ્રેપ સફળ થઈ હતી.

લોભામણી સ્કીમો બનાવી દિવ્ય જ્યોતના નામે લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરાઈ

વલસાડ



વલસાડ જિલ્લા સહિત અન્ય રાજ્યોમાં બકરા પાલન જેવી લોભામણી સ્કીમો બનાવી દિવ્ય જ્યોતના નામે લોકો સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. કરોડો રૂપિયાનું લોકો પાસે ઈન્વેસ્ટમેન્ટ કરવી કંપની સંચાલકો કચેરીઓ બંધ કરી ફરાર થઈ ગયા હતા. કંપનીના માલિકો ફિલ્મ બનાવવાનું, મત્સ્ય ઉદ્યોગમાં રૂપિયા ઈન્વેસ્ટ કરવાના નામે ૪ વર્ષમાં ડબલ અને ચાર ગણા રૂપિયા આપવાના જણાવી ડિસ્ટ્રીબ્યુટર નીમવામાં આવ્યા હતા. ૫ હજારથી વધારે એજન્ટોએ સામાન્ય લોકોના કરોડો રૂપિયા ઈન્વેસ્ટમેન્ટ કરાવ્યા હતા. જ્યારે આર્મીના જવાનો દ્વારા પણ ઈન્વેસ્ટ કરવામાં આવેલા રૂપિયા પણ ડૂબી ગયા છે.

વલસાડ, તાપી, નવસારી, બારડોલી, વ્યારા, સુરત, તલસાડી, નાસિક, મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ, યુપી સહિતના લોકો દ્વારા દિવ્ય જ્યોત કંપનીમાં રૂપિયા રોકવામાં આવ્યા હતા. આર્મીના જવાનોએ પણ ૯૦ લાખથી વધારે રૂપિયા આવી લોભામણી સ્કીમમાં રૂપિયા ઈન્વેસ્ટમેન્ટ કર્યા હતા.

છેતરપિંડીનો ભોગ બનેલા લોકોએ જણાવ્યું હતું કે, લોભામણી સ્કીમ દ્વારા રૂપિયા ઈન્વેસ્ટ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપની બંધ કરી દેવામાં આવી હતી. રૂપિયાની માંગણી કરતા આપી દઈશું તેમ કહેવામાં આવતું હતું. જોકે, રૂપિયા આવે તેવી કોઈ સંભાવના ન દેખાતા પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરી છે. છેતરપિંડીનો આંકડો મોટ અને કરોડોમાં હોવાની સંભાવના છે. જોકે, હાલ આંકડો સામે આવ્યો નથી.

ગુજરાત બજેટમાં નાણા મંત્રીએ રાજપીપળા એરપોર્ટની વાત કરતા રાજપીપળાના લોકો માટે આશાનું કિરણ જન્મ્યું

કેવડિયા એરપોર્ટ જશે એ વાત હવે ખોટી : રાજપીપળા માં ટૂંક સમયમાં એરપોર્ટ બનશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા માં ટૂંક સમયમાં રનવે બનશે ત્યાં નાના પ્લેનો ઉતરશે ની વાત રાજ્યના બજેટ માં નાણાંમંત્રી નીતિન પટેલે જાહેરમાં કહ્યુ હોય આ વાતે રાજપીપળા વાસીઓ માં એક ખુશીની લહેર ફેલાઈ છે,જે અન્યાય રાજપીપળા ને થવાનો હતો ત્યારે આ જાહેરાત થી કહી શકાય કે રાજપીપળા એરોદ્રામ પરજ હવે આ એરપોર્ટ બનશે.

એરપોર્ટ રાજપીપળા બનશે એ માટે પૂર્વ વન મંત્રી શબ્દ શરણ તડવી એ ખુબ મહેનત કરી અને વેપારી મંડળ અને સ્થાનિક આવાનોએ પણ ખુબ રજૂઆત કરી ત્યારે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી સર્વે થયો અને કેન્દ્ર સરકારે મંજૂરી આપી હતી.પરંતુ બાદમાં સાંસદ ગીતાબેન રાઠવા એ પોતાના સંસદ સત્રમાં કેવડિયા અંતરરાષ્ટ્રીય હવાઈ મથક ની માંગ કરી એટલે રાજપીપળા માંથી એરપોર્ટ ખસી જશે એ બાબતે સ્થાનિકોએ રોષ વ્યક્ત કર્યો જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી.જોકે તે વખતે મામલો શાંત પડી ગયો હતો બાદમાં વિદેશ મંત્રી જયશંકર રાજપીપળાની મુલાકાતે આવ્યા જેમાં એર સ્ટ્રીપ ની મુલાકાત લખેલી હોવા છતાં તેઓ ત્યાં ના ગયા એટલે રોષ વધ્યો અને રાજપીપળાની જનતાને ખાત્રી થઈ હતી કે હવે રાજપીપળા એરપોર્ટ નહિ બને પણ આજે નાણામંત્રી અને ઉપ મુખ્ય મંત્રી એ જયારે વિધાનસભા બજેટ સત્રમાં આ વાત કરતા રાજપીપળાની જનતા ને હાશકારો થયો છે.

અત્રે ઉલ્ખનીય છે કે ગત સપ્તાહે કેન્દ્ર સરકારનું બેજેટ રજુ થયું તેમાં એરપોર્ટનો ઉલ્લેખ નથી કરાયો પણ રાજ્ય ના બજેટ માં એરપોર્ટ નો ઉલ્લેખ કરાયો છે પરંતુ કોઈ બજેટ નથી ફાળવ્યું પણ એરપોર્ટ રાજપીપળા માં બનશે એ માટે નાણામંત્રી એ સંકેત આપ્યા છે.જેને લઈને અહીના વેપારીઓ અને લોકોમાં એક ઉત્સાહ ની કિરણ જન્મી છે.

એનઆરઆઈનાં બંધ મકાનમાં ૮૮ હજારની મત્તા લઈ તસ્કરો ફરાર

બીલીમોરા

ગણદેવીના અનાવિલ વાડી નજીક આવેલ સંસ્કારધામ સોસાયટીના એનઆરઆઈના બંધ મકાનમાં તસ્કરોએ તાળું તોડી પ્રવેશી કબાટ તોડી તેમાં મુકેલા ૪૧ ગ્રામ સોનાના દાગીના કિંમત રૂ.૬૦ હજાર અને રૂ. ૨૮ હજારના રોકડા ચોરી હાથફેરો કરી ગયાં હતાં. પોલીસે ડોગ સ્કવોડ, સીસીટીવી અને એફએસએલની મદદથી ચોરોનું પગેરું શોધવા કવાયત હાથ ધરી છે.

ગણદેવી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર શંકરભાઈ બાબુભાઈ પટેલ (રહે. વડસાંગળ, તા.ગણદેવી)એ ગણદેવી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેમના ભાઈ જેઓ હાલ અમેરિકા રહે છે. તેઓનું અનાવિલ સંસ્કાર ધામ સોસાયટીમાં ઘર આવેલુ છે, જેની સારસંભાળ શંકરભાઈ બાબુભાઈ પટેલ કરે છે. દરમિયાન સવારે શંકરભાઈ રાબેતા મુજબ તેમની નોકરી અર્થે નવસારી ગયા હતા. જ્યાં તેમના પર અનાવિલ સંસ્કારધામ સોસાયટીના તેમના ભાઈના ઘરની બાજુમાં રહેતા પાડોશીનો ફોન આવ્યો હતો કે તેમના ભાઈના ઘરનું બારણાનું તાળુ તૂટેલુ છે અને તેમાં ચોરી થઈ હોવાની શકયતા જણાવી હતી.

શંકરભાઈ તુરંત તેમના ભાઈના ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે જોયું તો ઘરનું બારણાનું તાળું તૂટેલું જણાયું હતું, જેથી તેમણે ગણદેવી પોલીસ અને તેમના પરિવારના સભ્યો જાણ કરી હતી. જ્યાં ઘરમાં પ્રવેશી તેમના અમેરિકા રહેતા ભાઈનો સંપર્ક કરતા તેમના જણાવ્યાનુસાર મકાનમાં તપાસ કરતાં ચોરોએ ઘરમાં ઘરનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી કબાટ તોડી તેમાં મુકેલ ૪૧ ગ્રામ ના સોનાના દાગીના કિંમત રૂ.૬૦ હજાર અને રોકડા રૂ.૨૮ હજાર ચોરી કરી ગયા હોવાનું જણાયુ હતું.

યુએમ રોડ નવજીવન સર્કલ પાસે બેકાબુ બનેલુ ડમ્પર દુકાનમાં ઘૂસી ગયું

ફાયર બ્રિગેડે ડમ્પરની કેબિન કાપી ઈજાગ્રસ્ત ડ્રાઈવરને બહાર કાઢયો

સુરત

નવજીવન સર્કલ નજીક એક બેકાબૂ ડમ્પર ડિવાઈડર તોડી દુકાનમાં ઘૂસી ગયું હતું. જે થી ડમ્પરનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયરના જવાનોએ કટરથી કેબિન કાપી ઈજાગ્રસ્ત ડ્રાઈવરને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, વહેલી સવારે ઘટના બની હોવાથી રસ્તા પર વાહનોની અવર-જવર ઓછી હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

પવનપુત્ર કાર્ટીંગનું ડમ્પર લઈને ડ્રાઈવર રામગોપાલ પાલ(ઉ.વ.૩૦) વહેલી સવારે લઈને નવજીવ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેથી બેકાબૂ બનેલા ડમ્પરે એક અન્ય ડમ્પરને ટક્કર મારતા ડિવાઈડર પર ચડી ગયું હતું. ત્યારબાદ ડમ્પર ડિવાઈડર તોડી સ્પેર પાર્ટની દુકાનમાં ઘૂસી જતા ઉભુ રહી ગયું હતું. કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરે બૂમાબૂમ કરી રહ્યો હતો. દરમિયાન પોલીસ પીસીઆર વાનના ચાલકે ઘટનાને જોયા બાદ કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ફાયરના જવાનોએ ૩૦ મિનિટમાં કટરથી કેબિન કાપી ડ્રાઈવરને બહાર કાઢ્યો હતો અને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો હતો.



ઉધના-મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ પાસે વહેલી સવારે દોડતુ ડમ્પર એકાએક બેકાબુ બનતા ડમ્પર રોડ ડીવાઈડર તોડીને એક બંધ દુકાનમાં ઘુસી ગયું હતું. ડમ્પરની કેબિનમાં ફસાયેલા ઈજાગ્રસ્ત ડ્રાઈવરને ફાયર બ્રિગેડે કેબિન કાપીને બહાર કાઢી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

પ્રેમી-પંખીડાઓએ ઝેરી દવા ગટગટાવી... પરીણિત પ્રેમીનું મોત

ભરૂચ

જંબુસર તાલુકાના કાવી ગામમાં પ્રેમી પંખીડાઓએ ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. ઝેરી દવા પી લેતા પરીણિત પ્રેમીનું મોત થયું છે. જોકે પ્રેમિકાને ગંભીર હાલતમાં સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. કાવી પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી ગામમાં નરેશ બાબુભાઈ રાઠોડ(૨૮) પત્ની અને ૩ બાળકો સાથે રહેતો હતો. નરેશને ગામમાં જ રહેતી હંસાબેન રોહિત સાથે પ્રેમ થઈ ગયો હતો. બંનેના લગ્ન નહીં થાય તેવા ડરથી બંનેએ જીવન ટુંકાવી દેવાનું નક્કી કર્યું હતું. જેથી કાવી ગામના તળાવની પાછળ આવેલા કપાસના ખેતરમાં બંનેએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેમાં પ્રેમીનું સ્થળ પર જ મોત થયું હતું જોકે પ્રેમિકા હંસાબેન દોડીને ગામ પાસે પહોંચી ગયા હતા. જેથી તેઓને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ કાવી પોલીસ પણ સ્થળ ઉપર દોડી ગઈ હતી અને યુવાનના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને સ્થળ પરથી ઝેરી દવાની બે બોટલ મળી આવી હતી. પોલીસે પ્રેમિકાનું નિવેદન લેવાની કાર્યવાહી પણ હાથ ધરી છે.